# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
ઐશ્વર્યા રાયની મજાક કરતાં યુઝર્સને કંગનાની ફટકાર...



પેજ-09
IPL ઈતિહાસમાં રોહિત શર્માનો શરમજનક રેકોર્ડ

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 42.00 | 30.00 |
| વડોદરા | 41.00 | 31.00 |
| સુરત | 36.00 | 29.00 |

પેજ 5





લઘુ ઉદ્યોગ ધિરાણ વધારવા ગ્રામીણ બેંક સાથે સિડબીની ભાગીદારી

26 MAY-2026 TUESDAY

અમેરિકાથી ૩૫ હજાર ગુજરાતીઓએ પરત આવવું પડશે



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 76488.96 ▲ | 1073.61 |
| નિફ્ટી | 24031.70 ▲ | 312.40 |
| સોનું | 159253.00 ▲ | 574.0 |
| ચાંદી | 276264.00 ▲ | 4418.0 |


વર્ષ-15 । અંક-194 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### નાણા મંત્રીએ કહ્યું- દેશના વિકાસ પર નકારાત્મક માહોલ બનાવવો ખોટો છે

# પેટ્રોલ-ડીઝલ ડ્યુટી ઘટાડાથી સરકારને ₹1 લાખ કરોડનું નુકસાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોમવારે સ્પષ્ટ કર્યું છે કે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવાથી સરકારી તિજોરીને 1 લાખ કરોડનું મોટું નુકસાન થઈ રહ્યું છે. મુંબઈમાં સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI) ના 37મા સ્થાપના દિવસના સમારોહમાં બોલતા તેમણે આર્થિક નીતિઓ અને દેશની વર્તમાન આર્થિક સ્થિતિ અંગે મહત્વપૂર્ણ ખુલાસા કર્યા હતા. નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોમવારે (25 મે) જણાવ્યું કે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી (ઉત્પાદન શુલ્ક) ઘટાડવાથી સરકારને 1 લાખ કરોડનું નુકસાન થશે.



● ભારતની આર્થિક સ્થિતિ મજબૂત, નિરાશાજનક નેરેટિવ બનાવવું ખોટું: નાણા મંત્રી

● એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો ગ્રાહકો માટે રાહત, સરકાર માટે મોટો નાણાકીય પડકાર

#### ઈંધણના ભાવમાં સતત વધારો

દેશમાં તેલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) દ્વારા છેલ્લા 10 દિવસમાં ચોથી વખત ઈંધણના દરોમાં વધારો કરવામાં આવ્યો છે. 15 મેથી અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આશરે 7.5 પ્રતિ લિટરનો વધારો નોંધાયો છે. જોકે, સરકારે અગાઉ એક્સાઈઝ ડ્યુટીમાં જે ઘટાડો કર્યો હતો, તેના કારણે ગ્રાહકોને પેટ્રોલ પંપ પર થોડી રાહત મળી છે, પરંતુ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે વૈશ્વિક ઉર્જા બજાર સતત અસ્થિરતાનો સામનો કરી રહ્યું છે.

#### બાહ્ય પરિબળો અને આર્થિક પડકારો

નાણા મંત્રીએ દેશની આર્થિક સ્થિતિનો બચાવ કરતા જણાવ્યું કે ભારત પર જે પણ દબાણ દેખાઈ રહ્યું છે, તે મુખ્યત્વે બાહ્ય છે. તેમણે કહ્યું, 'આપણને સોનું, ઈંધણ અને ખાતરની આયાત માટે વિદેશી મુદ્રાની જરૂર પડે છે, જે વૈશ્વિક કોમોડિટી સાયકલ અને કરન્સીના ઉતાર-ચઢાવને કારણે પ્રભાવિત થાય છે.' તેમણે વધુમાં ઉમેર્યું કે ભારત દુનિયાની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને ઔદ્યોગિક માંગ સતત મજબૂત બની રહી છે.

#### ખોટા નેરેટિવ સામે લાલ આંખ

નિર્મલા સીતારમણે એવા વર્ગો પર આકરા પ્રહાર કર્યા હતા જેઓ ભારતની આર્થિક સિદ્ધિઓ પર શંકા વ્યક્ત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે કેટલાક લોકો જાણીજોઈને નિરાશાજનક નેરેટિવ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે અયોગ્ય છે. એક્સાઈઝ ડ્યુટી ઘટવાથી સામાન્ય જનતાને રાહત મળી તેમણે સ્પષ્ટ કર્યું કે આ પડકારો વચ્ચે દેશની પ્રગતિને નજરઅંદાજ કરવી યોગ્ય નથી.

#### સરકારી કંપનીઓને કડક નિર્દેશ

નાણા મંત્રીએ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) ને કડક સંદેશ આપતા કહ્યું કે તેઓ MSME ને કરવામાં આવતી ચૂકવણી માટે નિર્ધારિત 45 દિવસની સમય-મર્યાદાનું સંપૂર્ણ પાલન કરે. આ નિયમનો હેતુ નાના ઉદ્યોગોમાં રોકડની અછતને રોકવાનો છે. નાણા મંત્રીની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે દેશમાં ભારતની વિકાસ દર અને તેની ગુણવત્તાને લઈને ચર્ચા ચાલી રહી છે.

#### એક્સાઈઝ ડ્યુટીનો ઈતિહાસ અને અસર

ઉલ્લેખનીય છે કે, 27 માર્ચે સરકારે પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી 13 થી ઘટાડીને 3 અને ડીઝલ પર 10 થી શૂન્ય કરી દીધી હતી. એક્સાઈઝ ડ્યુટી એ કેન્દ્ર સરકાર દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ પર લાદવામાં આવતો પરોક્ષ કર છે. સરકારનો આ નિર્ણય ભલે ગ્રાહકો માટે રાહતરૂપ રહ્યો હોય, પરંતુ તેનાથી સરકારી ખજાના પર નાણાકીય બોજ વધ્યો છે, જેની અસર દેશની એકંદર આર્થિક ગણતરીઓ પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે.

### મોબાઈલનાં છેલ્લાં લોકેશનથી જાણકારી મળી; કર્ણાટકમાં 11 લોકો નદીમાં ડૂબ્યા

# મહારાષ્ટ્રમાં કાર 800 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી: 8નાં મોત

(એજન્સી) રાયગઢ । તા. 25

દેશના બે પડોશી રાજ્યોમાં રવિવારે મોટી દુર્ઘટનાઓ થઈ. મહારાષ્ટ્રના રાયગઢમાં પોલાદપુર-મહાબળેશ્વર રોડના અંબેનલી ઘાટ વિસ્તારમાં રવિવારે સવારે એક SUV કાર 800 ફૂટ ઊંડી ખાઈમાં પડી ગઈ.આ ઘટનામાં 8 લોકોના મોત થયા છે. પીડિત પરિવારોની ફરિયાદ પર પોલીસે મૃતકોના મોબાઈલની છેલ્લી લોકેશન ટ્રેસ કરી. ત્યારબાદ ઘટનાની જાણકારી મળી.બીજી બાજુ, કર્ણાટકના ભટકલ ખાતે રવિવારે બપોરે ટટ્ટીહક્કલ નદીમાં છીપલાં એકઠા કરતી વખતે ડૂબી જવાથી એક જ પરિવારના 11 લોકોના મોત થયા.કુલ 14 લોકો હતા, જેમાંથી 3 લોકોને બચાવી લેવાયા હતા. NDRF અનુસાર, ઘટનાની જાણકારી રવિવારે સાંજે 5 વાગ્યે મળી હતી. 10 મૃતદેહો મળી આવ્યા છે.પોલીસે જણાવ્યું કે તમામ 8 લોકો રવિવારે રાત્રે 2 વાગ્યે SUVમાં ડાપોલીના હાર્નેથી સાતારા જવા રવાના થયા હતા.

મહારાષ્ટ્ર દુર્ઘટના



કર્ણાટક દુર્ઘટના



#### મહારાષ્ટ્ર: કાર ખીણમાં ખાબકતા 8 લોકોના મોત

મહારાષ્ટ્રના રાયગઢમાં પોલાદપુર-મહાબળેશ્વર રોડ પર આવેલા અંબેનલી ઘાટમાં રવિવારે સવારે એક SUV કાર 800 ફૂટ ઊંડી ખાઈમાં ખાબકી હતી. કારમાં સવાર તમામ 8 લોકોના મૃત્યુ થયા છે. મૃતકોની ઓળખ રિતેશ લોખંડે, સુહાસ લોખંડે, ઉત્કર્ષ શિંગટે, નિખિલ શિંગટે, મહેશ પવાર, આદિત્ય સાલુંખે, રાજેશ કાટકર અને અંશ ચવ્હાણ તરીકે થઈ છે. આ દુર્ઘટનાનો ખુલાસો ત્યારે થયો જ્યારે પરિજનોએ સાતારા ન પહોંચેલા સ્વજનોની શોધખોળ શરૂ કરી અને પોલીસને જાણ કરી. તપાસ દરમિયાન મોબાઈલના છેલ્લા લોકેશનને ટ્રેસ કરીને પોલીસે પોલાદપુર નજીક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સોમવારે સવારે પોલીસને ખીણમાં ક્ષતિગ્રસ્ત કાર મળી આવી હતી.

#### બચાવ કામગીરી અને સ્થિતિ

બંને ઘટનાઓમાં વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. મહારાષ્ટ્રમાં રાયગઢ પોલીસે સ્થાનિક બચાવ ટુકડીઓની મદદથી મૃતદેહોને બહાર કાઢવાની કામગીરી ચાલુ રાખી છે. જ્યારે કર્ણાટકમાં ભટકલની સરકારી હોસ્પિટલ ખાતે તમામ મૃતદેહોને ખસેડવામાં આવ્યા હતા.એક જ પરિવારના સભ્યોના મોતને કારણે ભટકલમાં ભારે આક્રંદ જોવા મળ્યો હતો. કુદરતી આફત અને અકસ્માતની આ ઘટનાઓએ બે રાજ્યોમાં પરિવારો પર આભ તૂટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જી છે. વહીવટી તંત્ર દ્વારા આ ઘટનાઓ અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે.રાયગઢ અને ભટકલ ખાતે બનેલી બે અલગ-અલગ ઘટનાઓમાં કુલ 19 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. બંને ઘટનાઓએ સમગ્ર દેશમાં શોકનું મોજું ફેલાવી દીધું છે.

#### કર્ણાટક: નદીમાં ડૂબવાથી એક જ પરિવારના 11 લોકોના મોત

બીજી તરફ, કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાના ભટકલ ખાતે ટટ્ટીહક્કલ નદીમાં છીપલાં (ક્લેમ્સ) એકઠા કરવા ગયેલા એક જ પરિવારના 11 લોકોના ડૂબી જવાથી મોત થયા છે. આ ઘટનામાં 9 મહિલાઓનો સમાવેશ થાય છે. શારદાહોલે ગામનો આ પરિવાર જ્યારે નદીમાં ઉતર્યો ત્યારે પાણીનો પ્રવાહ ઓછો હતો, પરંતુ ભરતીને કારણે અચાનક પાણીનું સ્તર અને પ્રવાહ વધી ગયો હતો.14 લોકોમાંથી 3 લોકોને સ્થાનિક માછીમારોએ બચાવી લીધા હતા, પરંતુ બાકીના 11 લોકો પ્રવાહમાં તણાઈ ગયા હતા. NDRF ની ટીમ દ્વારા અત્યાર સુધી 10 મૃતદેહો મળી આવ્યા છે અને એકની શોધખોળ ચાલુ છે. મૃતકોમાં લક્ષ્મી નાઈક, મહાદેવ નાઈક સહિતના પરિવારોનો સમાવેશ થાય છે.

### 5 મહિના ડિજિટલ અરેસ્ટ રાખ્યા

## બેંગલુરુમાં વૃદ્ધ મહિલા પાસેથી ₹24 કરોડની છેતરપિંડી

### પૈસા માટે સોનું ગીરવે મુકવા આવ્યા તો બેંક અધિકારીઓને શંકા ગઈ; મુંબઈ-UPથી 5ની ધરપકડ

(એજન્સી) બેંગલુરુ । તા. 25

કર્ણાટકના બેંગલુરુમાં સાયબર ઠગોએ ડિજિટલ અરેસ્ટ અને મની લોન્ડરિંગ કેસનો ડર બતાવીને એક વૃદ્ધ મહિલા પાસેથી લગભગ 24 કરોડ રૂપિયા પડાવી લીધા. પોલીસે મુંબઈ, પ્રયાગરાજ અને દિલ્હીમાંથી 5 આરોપીઓની ધરપકડ કરી છે. એક બેંક ખાતામાંથી 60 લાખ રૂપિયા પણ ફ્રીઝ કરવામાં આવ્યા છે.પીડિતાએ હાલમાં જ પોતાની એક મોટી પ્રોપર્ટી વેચી હતી. ઠગોને તેની જાણકારી મળી ગઈ. જાન્યુઆરી 2026માં ઠગોએ પોતાને તપાસ એજન્સીના અધિકારી ગણાવીને મહિલાને ફોન કર્યો અને દાવો કર્યો કે તેમના બેંક ખાતાઓનો ઉપયોગ મની લોન્ડરિંગમાં થયો છે.



#### સોનું ગીરવે મુકવા ગયા તો મામલાનો ખુલાસો થયો

ઠગો કરોડો રૂપિયા લીધા પછી પણ સતત વધુ પૈસા માંગતા રહ્યા. જ્યારે રોકડ ખતમ થઈ ગઈ, ત્યારે મહિલા 1.30 કિલો સોનાના દાગીના ગીરવે મૂકીને પૈસી લેવા બેંક પહોંચી. મોટી રમકની લેણદેણ જોઈને બેંક અધિકારીઓને શંકા ગઈ અને તેમણે પોલીસને જાણ કરી. આ પછી છેતરપિંડીનો ખુલાસો થયો.

## બંગાળ- ઘૂસણખોરોને રાખવા માટે દરેક જિલ્લામાં હોલ્ડિંગ સેન્ટર બનશે

(એજન્સી) કોલકાતા । તા. 25

પશ્ચિમ બંગાળની ભાજપ સરકારે ગેરકાયદેસર ઘૂસણખોરી સામે કડકાઈ વધારી દીધી છે. સરકારે 'ડિટેક્ટ, ડિલીટ એન્ડ ડિપોર્ટ' નીતિ લાગુ કરવા માટે તમામ જિલ્લાઓને શંકાસ્પદ વિદેશી નાગરિકો અને ડિપોર્ટેશનની રાહ જોઈ રહેલા ઘૂસણખોરો માટે હોલ્ડિંગ સેન્ટર બનાવવાનો આદેશ આપ્યો છે.23 મેના રોજ જારી કરાયેલા આદેશમાં જિલ્લા પ્રશાસનને આવા કેન્દ્રો બનાવવાનું કહેવામાં આવ્યું છે, જ્યાં પકડાયેલા શંકાસ્પદ વિદેશીઓને રાખી શકાય. શંકાસ્પદ વિદેશીઓને આવા કેન્દ્રમાં વધુમાં વધુ 30 દિવસ સુધી રાખી શકાશે. આ સમયગાળા દરમિયાન તેમના દસ્તાવેજો, ઓળખ અને નાગરિકતાની તપાસ કરવામાં આવશે.

## કોલકાતામાં અભિષેક બેનર્જીના ઘરે પોલીસ પહોંચી

(એજન્સી) કોલકાતા । તા. 25

ગેરકાયદેસર બાંધકામના કેસમાં સોમવારે કોલકાતા પોલીસની એક વિશેષ ટીમ TMC મહાસચિવ અભિષેક બેનર્જીના હરીશ મુખર્જી રોડ પર આવેલા ઘર 'શાંતિનિકેતન' પહોંચી. કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (KMC)ની નોટિસ બાદ પોલીસે આ કાર્યવાહી કરી.સૂત્રો અનુસાર, ગેરકાયદેસર ભાગને તોડી પાડવાનો આદેશ પણ જારી કરવામાં આવ્યો છે. નોટિસને ધ્યાનમાં રાખીને કોલકાતા પોલીસે ત્યાં જઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો.કોલકાતા મ્યુનિસિપાલિટીની નોટિસના જવાબમાં અભિષેક બેનર્જીએ રવિવારે મ્યુનિસિપલ અધિકારીઓને પત્ર લખીને 14 દિવસનો સમય માંગ્યો હતો.

# અમેરિકાના વિદેશ મંત્રી પત્ની સાથે આમેર મહેલમાં ફર્યા

### જયપુરના ગાઈડે ઈતિહાસ વિશે માહિતી આપી; ઘૂમર, કાલબેલિયા અને કચ્છી ઘોરી ડાન્સ જોયો

(એજન્સી) આગ્રા । તા. 25

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો અને તેમની પત્ની જેનેટ ડી.રુબિયો જયપુરના આમેર મહેલ પહોંચ્યા છે. તેમની સાથે અમેરિકી રાજદૂત સર્જિયો ગોર પણ છે. અમેરિકાના વિદેશ મંત્રી પત્ની સાથે આમેર મહેલમાં ફર્યા.જયપુરના ગાઈડ મહેશ શર્માએ તેમને શીશ મહેલ, ગણેશ પોળ, દિવાન-એ-આમ, દિવાન-એ-ખાસ, સુખ નિવાસ અને આમેરના માવઠા તળાવ વિશે માહિતી આપી હતી. આમેર પેલેસના જલેબ ચોક ખાતે તેમનું પરંપરાગત રાજસ્થાની શૈલીમાં સ્વાગત કરવામાં આવ્યું. લોક કલાકારો રાજસ્થાની સંસ્કૃતિનું પ્રદર્શન કર્યુ. લોક કલાકારો ઘૂમર, કાલબેલિયા અને કાચી ઘોરી નૃત્યો રજૂ કર્યા. કઠપૂતળી કલાકારોએ પણ પ્રદર્શન કર્યુ.



#### આમેર મહેલમાં શાહી સ્વાગત

આમેર મહેલ પહોંચતા જ માર્કો રુબિયો અને તેમના પ્રતિનિધિમંડળનું પરંપરાગત રાજસ્થાની શૈલીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. કાલબેલિયા અને કાચી ઘોરી જેવા લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા.



#### આગ્રામાં તાજમહેલની મુલાકાત

જયપુર આવતા પહેલા, સોમવારે સવારે માર્કો રુબિયોએ પોતાની પત્ની સાથે તાજમહેલની મુલાકાત લીધી હતી. કાળા કોટ-પેન્ટમાં સજ્જ રુબિયો અને ગ્રે ગાઉનમાં તેમની પત્નીએ 41C જેટલી ગરમીમાં પણ તાજમહેલની સુંદરતા માણી હતી.

#### ઈતિહાસ અને સ્થાપત્યની માહિતી

જયપુરના ગાઈડ મહેશ શર્માએ રુબિયો દંપતીને આમેર મહેલના વિવિધ ભાગોની મુલાકાત કરાવી હતી. તેમણે શીશ મહેલ, ગણેશ પોળ, દિવાન-એ-આમ, દિવાન-એ-ખાસ અને સુખ નિવાસની સ્થાપત્ય કલા વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત મહેલની નીચે આવેલા માવઠા તળાવના ઐતિહાસિક મહત્વ વિશે પણ તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમની સુરક્ષા અને મુલાકાતને ધ્યાનમાં રાખીને પ્રવાસીઓ માટે આમેર પેલેસ બપોરે 1 થી સાંજે 5 વાગ્યા સુધી બંધ રાખવામાં આવ્યો હતો.આ મુલાકાત દરમિયાન તેઓ હાથી ગામની પણ મુલાકાત લે તેવી શક્યતા છે.

## સેનિટરી-નેપકિન, ટોઈલેટના અભાવે છોકરીઓનું ભણતર ન છૂટવું જોઈએ

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે શાળાઓમાં સેનિટરી નેપકિન અને છોકરીઓ માટે અલગ શૌચાલય ન હોવાને કારણે તેમનો અભ્યાસ છૂટવો ન જોઈએ. કોર્ટે કેન્દ્ર સરકારને 30 જાન્યુઆરીના નિર્ણયને સંપૂર્ણપણે લાગુ કરવા જણાવ્યું.સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે આ મામલાની પ્રગતિ પર દર ત્રણ મહિને નજર રાખશે. કેન્દ્રને દર ત્રણ મહિને પ્રગતિ રિપોર્ટ દાખલ કરવો પડશે. સુપ્રીમ કોર્ટે જાન્યુઆરીમાં કેન્દ્રને શાળાઓમાં છોકરીઓને મફત સેનિટરી નેપકિન આપવા જણાવ્યું હતું.જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે કેન્દ્ર વતી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ અર્ચના પાઠક દવેને કહ્યું, આ નિર્ણયનો સારો ઉપયોગ કરો.

## કોકરોચ જનતા પાર્ટી વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી: કોર્ટે વકીલને કહ્યું- આટલા ભાવુક ન થાઓ

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

સુપ્રીમ કોર્ટે સોમવારે કોકરોચ જનતા પાર્ટી સાથે સંકળાયેલા વ્યક્તિઓની ગતિવિધિઓની CBI દ્વારા તપાસ કરાવવાની માંગ પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો.કોકરોચ જનતા પાર્ટી એક સોશિયલ મીડિયા આંદોલન છે જે ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની તાજેતરની કોકરોચ ટિપ્પણી પછી સામે આવ્યું.કોર્ટમાં અરજદારના વકીલ એનકે ગોસ્વામીએ કહ્યું કે પાર્ટી, ન્યાયતંત્રની છબી ખરાબ કરી રહી છે. ત્યારબાદ CJI અને જસ્ટિસ જોયમાલ્યસ બાગચી અને વીએમ પંચોલીની બેન્ચે કહ્યું- આને આટલી ભાવુકતાથી ન લો.

# ધર્મેન્દ્રને મરણોત્તર પદ્મ વિભૂષણ, હેમા માલિનીએ સન્માન સ્વીકાર્યું



મહિલા ક્રિકેટની વર્લ્ડ ચેમ્પિયન હરમનપ્રીતને પદ્મશ્રી મળ્યો, રાષ્ટ્રપતિ ભવનમાં સેરેમની

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

રાષ્ટ્રપતિ ભવનમાં સોમવારે પદ્મ પુરસ્કારો આપવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સૌથી પહેલા દિવંગત ફિલ્મ સ્ટાર ધર્મેન્દ્રને પદ્મ વિભૂષણથી સન્માનિત કર્યા. તેમની પત્ની અભિનેત્રી-સાંસદ હેમા માલિનીએ આ સન્માન સ્વીકાર્યું.

મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન હરમનપ્રીતને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા. તેમની આગેવાની હેઠળ આ જ વર્ષે ટીમે વનડે વર્લ્ડકપ જીત્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 66 હસ્તીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કર્યા છે. વર્ષ 2026માં કુલ 131 હસ્તીઓને પદ્મ પુરસ્કાર આપવાના છે, જેમાંથી બાકીના 65 વિજેતાઓને આગામી તબક્કામાં સન્માનિત કરવામાં આવશે, જેની તારીખો હજુ જાહેર થઈ નથી.



#### ધર્મેન્દ્રને મરણોત્તર પદ્મ વિભૂષણ


આ સમારોહનું સૌથી ભાવુક પાસું દિવંગત અભિનેતા ધર્મેન્દ્રને આપવામાં આવેલું સન્માન હતું. રાષ્ટ્રપતિ મુર્મુએ ધર્મેન્દ્રને મરણોત્તર 'પદ્મ વિભૂષણ' થી નવાજ્યા હતા. ફિલ્મ જગતના આ દિગ્ગજ કલાકારનું સન્માન તેમની પત્ની અને જાણીતી અભિનેત્રી તથા સાંસદ હેમા માલિનીએ સ્વીકાર્યું હતું. આ ક્ષણ ઉપસ્થિત સૌ કોઈ માટે ભાવુક બની રહી હતી.

#### હરમનપ્રીત કૌરને પદ્મશ્રી

ખેલ જગતમાંથી ભારતીય મહિલા ક્રિકેટ ટીમના કેપ્ટન હરમનપ્રીત કૌરને 'પદ્મશ્રી' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમના નેતૃત્વમાં ભારતીય ટીમે આ વર્ષે જ વનડે વર્લ્ડકપમાં વિજય મેળવીને ઈતિહાસ રચ્યો છે. હરમનપ્રીતનું આ સન્માન મહિલા ક્રિકેટ માટે એક નવી દિશા અને પ્રેરણા સમાન છે.બાકીના 65 વિજેતાઓને આગામી તબક્કામાં પુરસ્કાર આપવામાં આવશે.

# નર્મદા જિલ્લા પંચાયતની જીત બાદ વિજય યાત્રામાં ગર્જ્યા અરવિંદ કેજરીવાલ







અમદાવાદ/નર્મદા/ગુજરાત

નર્મદા જિલ્લા પંચાયતમાં આમ આદમી પાર્ટીની સરકાર બન્યાના અવસરે આમ આદમી પાર્ટી દ્વારા નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે ભવ્ય 'વિજય યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, નેશનલ જોઈન્ટ સેક્રેટરી રાજુભાઈ સોલંકી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા સહિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. આ ભવ્ય વિજય યાત્રામાં હજારોની સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું.રાજપીપળામાં આયોજિત વિજય યાત્રા દરમિયાન આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીએ નર્મદાની જનતાનો આભાર વ્યક્ત કરીને પોતાનું વ્યક્તવ્ય આપતા જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લાના લોકોએ અમને આટલો પ્રેમ આપ્યો અને સહકાર આપ્યો અને આમ આદમી પાર્ટીની જિલ્લા પંચાયતમાં સરકાર બનાવી એ બદલ આજે હું આપ તમામ લોકોનો આભાર વ્યક્ત કરવા માટે નર્મદા આવ્યો છું. અગાઉ રાજ્ય સ્તરે હોય કે જિલ્લા સ્તરે ગુજરાતમાં હંમેશા ફક્ત બે પાર્ટીઓની સરકાર બનતી હતી, કોંગ્રેસ અથવા તો બીજેપી. લોકો કહેતા હતા કે ગુજરાતમાં ત્રીજી પાર્ટીની સત્તા આવવી શક્ય નથી. પરંતુ ગુજરાતમાં પહેલીવાર નર્મદા જિલ્લાના લોકોએ ત્રીજી પાર્ટીની એટલે કે આમ આદમી પાર્ટીની સરકાર બનાવી. આ વાતથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતના લોકો બદલાવ ઈચ્છે છે. નર્મદા જિલ્લાના લોકોએ આજે જે કરીને બતાવ્યું છે, એવું જ કામ હવે ગુજરાતના લોકો કરી બતાવશે. આદિવાસી ક્ષેત્રમાંથી જે ચિંગારી નીકળી છે એ આગળ વધશે અને આમ આદમી પાર્ટી 2027માં વિધાનસભામાં પોતાની સરકાર બનાવશે.વધુમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા અરવિંદ કેજરીવાલજીએ જણાવ્યું હતું કે, 30 વર્ષથી ભાજપના ભ્રષ્ટાચાર - દમન લોકો ભોગવી રહ્યા છે, ઈચ્છે એને ખોટા કેસમાં જેલમાં નાખી દે છે અને ડરાવે ધમકાવે છે, અને બીજેપી અને કોંગ્રેસ બંને આમાં મળેલા છે. આજે ગુજરાતમાં અલગ અલગ જગ્યા પર કોંગ્રેસ બીજેપીને સપોર્ટ કરી રહી છે. કોંગ્રેસ પાસે જ્યાં ઉમેદવાર નથી ત્યાં ભાજપ એને ઉમેદવાર આપી રહી છે. ભાજપના નેતા એ જ કહ્યું કે "કોંગ્રેસ પાસે જ ઉમેદવાર નહોતા ત્યાં ભાજપે ઉમેદવાર આપ્યા" તો આ રીતનો ભાઈચારો છે એ બંનેમાં. આ બંને ભેગા મળીને લૂંટે છે, બંનેના એક સાથે વેપાર ધંધા ચાલે છે, બંનેના સંબંધો ચાલે છે, તો આ રીતે બંને અલગ અલગ પાર્ટી નથી પરંતુ બંને મળીને ગુજરાતને લૂંટી રહ્યા છે. ફક્ત આમ આદમી પાર્ટી જ જનતા માટે લડત લડી રહી છે. આજે કોંગ્રેસના નેતાઓ જેલ નથી જતા પરંતુ તમારા નેતા ચૈતર વસાવા જેલમાં ગયા હતા. ચૈતર વસાવાને ઘણા દિવસ સુધી જેલમાં રાખ્યા હતા એના વિરોધમાં કડક તમાચો માર્યો છે આદિવાસી વિસ્તારના લોકોએ નર્મદામાં આમ આદમી પાર્ટીની જિલ્લા પંચાયતની સરકાર બનાવીને. સંગીતાબેન અને અંજનાબેનને હું કહીશ કે આજે ફક્ત ગુજરાત નહીં પરંતુ સમગ્ર દેશ તમને જોઈ રહ્યો છે. નર્મદા જિલ્લામાં જે આપણી સરકાર બની છે, તેમાં હવે આપણે ખૂબ જ સારું કામ કરવાનું છે, ઈમાનદારી સાથે કામ કરવાનું છે, લોકોની સેવા કરવાની છે, લોકોએ જે વિશ્વાસ આપ્યો છે એ વિશ્વાસ પર ખરું ઉતરવાનું છે. એટલું સારું કામ કરવાનું છે કે સમગ્ર ગુજરાતના લોકો કહે કે "જુઓ નર્મદા જિલ્લામાં કેટલું સારું કામ થઈ રહ્યું છે" તો નર્મદા જિલ્લાના લોકોએ જેટલો પણ પ્રેમ આપ્યો એ બદલ હું આપ સૌનો ફરી એકવાર આભાર વ્યક્ત કરું છું.

# દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકા પંચાયતના 12 AAP ઉમેદવારો પર મોટો હુમલો: ચૈતર વસાવા



દાહોદ : આમ આદમી પાર્ટીના તાલુકા પંચાયતના 12 સદસ્યો પર મોટો હુમલો થયો હતો. તે સંદર્ભે ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીના 12 ઉમેદવારોને પ્રજાએ જંગી બહુમતીથી વિજયી બનાવ્યા. ત્યારબાદ આજે બાર વાગ્યે સામાન્ય સભા હતી ત્યારે અમારા તમામ 12 તાલુકા પંચાયતના સદસ્ય સામાન્ય સભામાં ભાગ લેવા માટે અને પ્રમુખ ઉપપ્રમુખની વરણીમાં સહભાગી થવા માટે જતા હતા. ત્યારે ધાનપુર તાલુકા પંચાયતની પહેલા જે ફાટા આવે છે ત્યાં રસ્તા પર ઝાડ કાપીને અને તુફાન ગાડીઓ રસ્તામાં મૂકીને અમારા ઉમેદવારોની ચાર ગાડીઓને આંતરીને ભાજપના નેતાઓના ઈશારે કેટલાક અસામાજિક તત્વોએ ફાયરિંગ કર્યું હતું, પથ્થરમારો કર્યો અને તીરકામઠાંથી પણ હુમલા કર્યા હતા. સદનસીબે અમારા ઉમેદવારો ત્યાંથી હેમખેમ બચીને નાસી ચૂક્યા હતા.વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, આ બાબતે પોલીસને જાણ કરી, ત્યારબાદ ડીવાયએસપી પોતાના કાફલા સાથે આવ્યા અને અમારા ઉમેદવારોને હેમખેમ બચાવીને સામાન્ય સભામાં લઈ ગયા હતા. ખેંચા ખેંચી કરવામાં અને પથ્થરમારામાં અમારા સભ્યોને ઈજા પહોંચી હતી અને અમારી ચાર ગાડીઓને નુકસાન થયું છે.

# ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર ભાજપ-કોંગ્રેસ સિવાય ત્રીજા પક્ષ તરીકે AAPએ જિલ્લા પંચાયત પર કબજો જમાવ્યો : મનોજ સોરઠીયા

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જનતાએ AAP પર મૂક્યો વિશ્વાસ, 600થી વધુ સભ્યો જીતતા કાર્યકરોમાં ઉત્સાહ

અમદાવાદ : આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે ગુજરાતમાં વૈકલ્પિક રાજનીતિને ચાહનારા અને વૈકલ્પિક રાજનીતિને સમર્થન આપનારા તમામ લોકો માટે આજે સારા સમાચાર છે. ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત નર્મદા જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસ સિવાય કોઈ ત્રીજા પક્ષ એટલે કે આમ આદમી પાર્ટીએ સત્તા કબજે કરી છે અને આમ આદમી પાર્ટીની સરકાર બની છે. વર્ષોથી ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસની રાજનીતિ જોવામાં આવી છે, પરંતુ આ સ્થાનિક સ્વરાજની



ચૂંટણીમાં ગુજરાતના લોકોએ ભરપૂર સમર્થન સાથે આમ આદમી પાર્ટીના 600થી વધુ સભ્યોને ચૂંટીને મોકલ્યા છે. અનેક તાલુકા પંચાયતોમાં પણ આમ આદમી પાર્ટીએ જીત મેળવી છે, પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત એક સંપૂર્ણ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ભાજપ-કોંગ્રેસ સિવાય કોઈ ત્રીજા પક્ષે બનાવી હોય તો તે આમ આદમી પાર્ટીએ બનાવી છે.AAP નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી સંપૂર્ણ વિશ્વાસ સાથે કહે છે કે કામની રાજનીતિ, લોકલક્ષી રાજનીતિ અને લોકોના ઉપયોગની રાજનીતિ કેવી રીતે થઈ શકે તેનું નર્મદા જિલ્લામાં મોડલ ઉભું કરવામાં આવશે. ગુજરાતની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં સૌથી સારી કામગીરી કરવાની દિશામાં નર્મદા જિલ્લાના આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા સભ્યો કામ કરશે. તેમણે ગુજરાતના તમામ લોકોને અને આમ આદમી પાર્ટીના તમામ કાર્યકર્તાઓને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે આજે જે શરૂઆત થઈ છે તે ગુજરાતમાં વૈકલ્પિક રાજનીતિ માટે એક નવી દિશા અને નવા યુગની શરૂઆત છે.

# પેટ્રોલ 100 પાર, AAP નેતા ઈસુદાન ગઢવીએ ભાજપ સરકારને ઘેરી

## નવી સવાર પડી અને પાછા પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા: ઈસુદાન ગઢવી



આમ આદમી પાર્ટી

આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ફરી એકવાર સવાર પડતાં જ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધ્યાના સમાચાર આવ્યા છે. છેલ્લા 11 દિવસમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ લગભગ સાડા સાત રૂપિયા જેટલા વધી ગયા છે. જ્યારે નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા ત્યારે પેટ્રોલનો ભાવ અંદાજે 62 રૂપિયાની આસપાસ હતો અને ડોલર સામે રૂપિયો પણ લગભગ 60-62ની આસપાસ હતો. પરંતુ આજે પેટ્રોલ 100 પાર પહોંચ્યુ છે, સ્થિતિ સંપૂર્ણ બદલાઈ ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવોના કારણે સામાન્ય જનતા પર ભારે આર્થિક બોજો પડી રહ્યો છે. પહેલાં એક રૂપિયો પેટ્રોલ કે ડીઝલ વધતું ત્યારે દેશભરમાં ટ્રકના પૈડા થંભી જતા હતા અને લોકોમાં ભારે ગુસ્સો જોવા મળતો હતો, જ્યારે આજે સાત-સાત અને આઠ-આઠ રૂપિયા વધ્યા છતાં લોકો બોલી પણ શકતા નથી. તેમણે જણાવ્યુ હતુ કે સરકારે એવી સિસ્ટમ ઉભી કરી દીધી છે કે લોકો આંદોલન કરવાની વાત પણ કરી શકતા નથી. પેટ્રોલ અને ડીઝલના ભાવ વધતાં તમામ જીવનજરૂરી વસ્તુઓના ભાવોમાં વધારો થઈ રહ્યો છે અને મોંઘવારીનો માર સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો પર પડી રહ્યો છે.AAP નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે આજે સામાન્ય પરિવારોને રસોડું ચલાવવું મુશ્કેલ બની ગયું છે. શાકભાજીથી લઈને તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થઈ રહ્યો છે અને સરકાર માત્ર હમણાં કંટ્રોલ થઈ જશે જેવી વાતો કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે લોકો પર ધીમે ધીમે મોંઘવારીનું ઝેર ઠાલવવામાં આવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવ ઘટી રહ્યા હોવા છતાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વધતા રહે છે.

# જૂનાગઢ તાલુકા પંચાયત પ્રમુખ ચૂંટણી પહેલા AAP સભ્યની અટકાયત, ભાજપે પોલીસનો દુરૂપયોગ કર્યો : રાજુ બોરખતરીયા

આમ આદમી પાર્ટી

આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી રાજુ બોરખતરીયાએ જણાવ્યું હતું કે આજે જૂનાગઢ તાલુકા પંચાયતના પ્રમુખ પદની ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. આમ આદમી પાર્ટી પાસે નવ ઉમેદવારો છે અને ભાજપ પાસે પણ નવ ઉમેદવારો છે. આવા સમયે ભાજપની તાનાશાહી અને પોલીસનો ઉપયોગ કરવાની પરંપરા ફરી એકવાર સામે આવી છે. અમારા બગડુ તાલુકા પંચાયતના સભ્ય સંજયભાઈ પર ખોટો કેસ કરી પોલીસે આજે તેમની અટકાયત કરી છે. તાલુકા પંચાયતના પ્રમુખ પદના ઉમેદવારના સમર્થક તરીકે તેઓ હાજર હતા ત્યારે જ પોલીસે તેમને અટકાયત કરી પોલીસ કસ્ટડીમાં લઈ ગયા હતા, જેથી તેઓ મતદાન ન કરી શકે. નવ સામે નવની સ્થિતિમાં આમ આદમી પાર્ટીના એક સભ્યને ગેરહાજર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. ભાજપ જ્યારે અમારા ચૂંટાયેલા સભ્યોને તોડવામાં નિષ્ફળ ગઈ છે ત્યારે હવે પોલીસનો દુરૂપયોગ કરી અમારા સભ્ય



સંજયભાઈને ખોટા કેસમાં ફસાવી અટકાયત કરવામાં આવી છે.'આપ' નેતા રાજુ બોરખતરીયાએ વધુમાં જણાવ્યું હતું કે ભાજપ પાસે હવે આમ આદમી પાર્ટીને હરાવવાની કે અમારા ચૂંટાયેલા સભ્યોને દબાવવાની તાકાત રહી નથી, તેથી ખોટા કેસો અને પોલીસ તંત્રનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અમે તંત્ર અને પોલીસને પણ વિનંતી કરીએ છીએ કે ભાજપના ઈશારે જે કંઈ થઈ રહ્યું છે તે ખોટું છે. નવ સભ્યો અમારા અને નવ સભ્યો ભાજપના હોવા છતાં અમારા એક સભ્યને જેલમાં પૂરી દેવાના પ્રયાસો થઈ રહ્યા છે, જેથી આમ આદમી પાર્ટીના માત્ર આઠ સભ્યો રહે અને ભાજપને બહુમતિ મળી પ્રમુખ બનાવી શકે. આ લોકશાહીનું હનન છે અને લોકશાહીની હત્યા સમાન છે. ભાજપ દ્વારા કરવામાં આવી રહેલી આ કાર્યવાહી સંપૂર્ણ ખોટી છે અને તેનો જવાબ જનતા ચોક્કસ આપશે. આજે જનતાની તાકાત આમ આદમી પાર્ટી સાથે છે અને અમે આ અન્યાય સામે લડત ચાલુ રાખીશું.

# News Brief

## વિશ્વપ્રસિદ્ધ રૂપાલના વરદાયિની માતાના મંદિર પરિસરમાં તસ્કરોનો તરખાટ

ગાંધીનગર । સમગ્ર વિશ્વમાં પલ્લી ઉત્સવ માટે સુપ્રસિદ્ધ અને લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર એવા ગાંધીનગરના રૂપાલ ગામ સ્થિત વરદાયિની માતાના મંદિર પરિસરમાં તસ્કરોએ રાત્રિના અંધકારનો લાભ લઈ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. સુરક્ષા વ્યવસ્થાને ભેદીને મંદિર પરિસરમાં બનેલી આ ચોરીની ઘટનાને પગલે સમગ્ર પંથકના ભક્તોમાં ભારે ચકચાર અને આક્રોશ ફાટી નીકળ્યો છે.

શ્રી વરદાયીની માતાના મંદિર પરિસરમાં સ્થિત ખોડીયાર માતાજીના મંદિરમાં અજાણ્યા શખ્સો દ્વારા ચોરીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. મંદિરના તાળા તોડીને અંદર પ્રવેશ કરી તસ્કરો મંદિરની ત્રણ દાનપેટીઓ ઉઠાવી ગયા હતા, જેમાં આશરે 10થી 15 લાખ રૂપિયા જેટલી રોકડ રકમ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તા. 24 મેની રાત્રે 9 વાગ્યાથી 25 મેની સવારના 3:55 વાગ્યાના સમયગાળા દરમિયાન આ ચોરીની ઘટના બની હતી. 2 તસ્કરો નદી તરફના માર્ગેથી વરદાયિની માતાના મંદિર પરિસરમાં પ્રવેશ્યા હતા. આ તસ્કરોનો મુખ્ય ઈરાદો વરદાયિની માતાના મુખ્ય મંદિરમાં જ ચોરી કરવાનો હતો. જોકે, મુખ્ય મંદિર મજબૂત લોખંડી સુરક્ષા કવચ અને ચુસ્ત લોકીંગ સિસ્ટમથી સજ્જ હોવાને કારણે તસ્કરો ત્યાં ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આથી, પોતાનો ફેરો ફોગટ ન જાય તે માટે તસ્કરોએ પરિસરમાં જ આવેલા ખોડિયાર માતાના મંદિરને નિશાન બનાવ્યું હતું અને ત્યાં રાખેલી દાનપેટી ઉઠાવીને રફુચક્કર થઈ ગયા હતા.

વરદાયીની માતાના મંદિરના મેનેજર કનુભાઈ જેઠાભાઈ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, રાત્રિના સમયે મંદિરના પુજારીઓ અને અન્ય સ્ટાફ પોતપોતાના રૂમમાં સૂઈ રહ્યા હતા. દરમિયાન, વહેલી સવારે મંદિરના ચોકીદાર કનુભાઈ રાવળને જાણ થઈ હતી

## મ્યૂલ બેંક એકાઉન્ટમાં રૂપિયા 632 કરોડની હેરફેર કરનાર ગેંગ ઝડપાઇ

અમદાવાદ | વિદેશમાં રહેલી સાયબર ગેંગ દ્વારા કરવામાં આવતી છેતરપિંડીના નાણાં હેરફેર માટે મ્યૂલ બેંક એકાઉન્ટ ખોલી આપવામાં મદદ કરનાર સ્થાનિક ગેંગના 13 સભ્યોની સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા આરોપીઓએ ખોલેલા મ્યૂલ એકાઉન્ટમાંથી 632 કરોડ જેટલી રકમ ચાઈનીઝ ગેંગને મોકલવામાં આવી હતી અને આ અંગે દેશના વિવિધ રાજ્યોમાં 200થી વધુ ફરિયાદ નોંધાઇ ચુકી છે. આ અંગે આરોપીઓની વધુ પુછપરછ કરવામાં આવી રહી છે.

મ્યાંનમાર, બેંગકોકમાં ચાઈનીઝ ગેંગ દ્વારા કોલ સેન્ટરથી ફોન કરીને ભારતીય નાગરિકો સાથે ડીજીટલ એરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ આચરીને કરોડો રૂપિયાની હેરફેર કરવા માટે ગુજરાતની વિવિધ બેંકોમાં બનાવટી પેઢીના નામે મ્યૂલ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારના મ્યૂલ બેંક એકાઉન્ટ ખોલાવનાર ગેગ વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે સ્ટેટ સાયબર ક્રાઈમ દ્વારા ઓપરેશન મ્યૂલ હંટ શરૂ કરવામાં આવ્યું છે. જે અનુસંધાનમાં પોલીસે અમદાવાદ, રાજકોટ, સુરત,વડોદરા અને ભરૂચમાંથી કુલ 13 આરોપીઓની ધરપકડ કરી હતી. આ આરોપીઓ ખોલેલા મ્યૂલ બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના 632 કરોડ જેટલી માતબર રકમની હેરફેર કરવામાં આવી હતી. જેમાં વિવિધ રાજ્યોમાં 932 અરજીઓ થઇ હતી અને 200 જેટલા ગુના નોંધાયા હતા.

## પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ મહિલા વિભાગ ની પ્રથમ સામુહિક મિટિંગ નું આયોજન

ભરૂચ | આજ રોજ સત્કેવલ મંદિર હોલ ખાતે પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ મહિલા વિભાગ ની પ્રથમ સામુહિક મિટિંગ નું આયોજન કર્યું હતું જેમાં ભરૂચ જિલ્લાના તાલુકા શહેરના કાર્યકર્તા બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.. આજ ની મિટિંગ નો મુખ્ય હેતુ જરૂરિયાત મંદ બહેનો ને સરકારી સહાય યોજનાઓ વિશે માહિતગાર કરી લાભ અપાવવાથી લઈ ને મહિલા ઓ ના વિકાસ માટેના વિવિધ પ્રકારના કાર્યક્રમો ની માહિતી એવમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપી ના પ્રજાપતિ સમાજ મહિલા મંડળ ના પ્રમુખ શ્રીમતી કવિતાબેન પ્રજાપતિ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા..તેમણે મહિલા સંગઠન સંદર્ભમાં ખૂબ સવિસ્તાર બહેનો ને માહિતગાર કર્યા..તેમજ કોસંબા (તરસાડી)પ્રજાપતિ સમાજ મહિલા વિભાગ માં થી જાગૃતિબેન પ્રજાપતિ,વાગરા તાલુકાના મહિલા મોરચા ના પ્રમુખ શ્રી દક્ષાબેન પ્રજાપતિ,જંબુસર નગર પાલિકા ના પ્રમુખ શ્રી ચૈતાલીબેન પ્રજાપતિ,ભરૂચ મહિલા મંડળ ના પ્રમુખ શ્રી ઉષાબેન પ્રજાપતિ અને પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ મહિલા વિભાગ ના કાર્યકર્તા અનસુયા પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતા..સાથે પ્રજાપતિ સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી રાકેશભાઈ એ મહિલાઓ ને સંગઠિત થાય ,સાથે સીક્ષીત સંસ્કારી , સ્વાવલંબી અને સુરક્ષિત બને એવું આહવાન કર્યું હતું..તેમજ સમાજ માં ચાલી રહેલી પ્રવૃત્તિ થી ,વિવિધ યોજનાઓને લઈ માહિતગાર કર્યા હતા.. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન અર્પિતા બેન પ્રજાપતિ એ સુંદર રીતે કર્યું હતું.

# કેન્દ્ર સરકારે ગુજરાતના વિકાસના પરપોટાને ખુલ્લો પાડી દીધો: પ્રવીણ રામ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રંટલ અધ્યક્ષ પ્રવિણ રામે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, કેન્દ્રના પંચાયતી રાજ મંત્રાલયે પંચાયત રાષ્ટ્રીય પુરસ્કાર માટે દેશની 42 ગ્રામ પંચાયતોને પસંદ કરી. ગામડાઓની વ્યવસ્થા અને તેમની કામગીરીને લઈને આ 42 ગ્રામ પંચાયતોને પસંદ કરવામાં આવી. પરંતુ દુઃખની બાબત એ છે કે જે રાજ્યના વાઈબ્રન્ટ મોડલની અને વિકાસની વાતો થાય છે અને જે વિકાસના મોડલને લઈને સમગ્ર ભારતમાં મત લેવાની વાતો થાય છે, એ ગુજરાત રાજ્યની એક પણ ગ્રામ પંચાયતને કેન્દ્રના મંત્રાલયે પસંદ કરેલ નથી.



42 માંથી એક પણ ગ્રામ પંચાયતમાં ગુજરાતની ગ્રામ પંચાયત નથી, એ સમગ્ર ગુજરાત માટે દુ:ખદ બાબત છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, એ પણ દુઃખની બાબત છે કે કેન્દ્રના મંત્રાલયને ગુજરાતના એક પણ ગામડામાં વિકાસ દેખાયો નથી, સ્વચ્છતા દેખાઈ નથી, જેના કારણે ગુજરાતમાંથી એક પણ ગ્રામ પંચાયત પસંદ થઈ નથી. જેથી આખે આખું વિકાસનું ઉભું કરાયેલું પરપોટાનું મોડલ ખુલ્લું પડી ગયું છે. અને ડબલ એન્જિનની વાતો કરતી કેન્દ્ર સરકારે ગુજરાતની સરકારને પાટા પરથી ઉતારી દીધી છે અને ડબલ એન્જિનની માત્ર વાતો થઈ રહી છે.

# તાલાલા તાલુકા પંચાયત વિવાદ બાબતે કોંગ્રેસ તાલુકા પ્રમુખ તેમજ આપના કાર્યકરની ઓડિયો ક્લિપ વાયરલ

અમદાવાદ : જૂનાગઢમાં તાલાલા તાલુકા પંચાયત વિવાદ બાબતે કોંગ્રેસ તાલુકા પ્રમુખ તેમજ આપના કાર્યકરની ઓડિયો ક્લિપ વાયરલ થઇ છે.આ મામલે પ્રતિક્રિયા આપતા આમ આદમી પાર્ટી ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતુ કે તાલાલા તાલુકા પંચાયતના વિવાદ મામલે સામે આવેલી ઓડિયો ક્લિપ બાદ કોંગ્રેસની ભૂમિકા સંપૂર્ણ રીતે જાહેર થઈ ગઈ છે. આ ઓડિયોમાં થયેલી ચર્ચાઓ પરથી સ્પષ્ટ થાય છે કે તાલુકા પંચાયતમાં ભાજપની સત્તા બેસાડવા માટે કોંગ્રેસે કેવી રીતે ખોટી જીદ ઊભી કરી. ઓડિયોમાં કોંગ્રેસના તાલુકા પ્રમુખ સતત એક જ વાત પર આગ્રહ રાખતા સંભળાય છે કે તેમને માત્ર પ્રમુખ પદ જ જોઈએ, પ્રમુખ પદ સિવાય બીજી કોઈ બાબતમાં રસ નહોતો. આમ આદમી પાર્ટીએ કોંગ્રેસની માત્ર બે બેઠકો હોવા છતાં ઉપપ્રમુખ, કારોબારી સમિતિ અને ન્યાય સમિતિ જેવી મહત્વની જવાબદારીઓ આપવાની તૈયારી દર્શાવી હતી, તેમજ બે વર્ષ પછી પ્રમુખ પદ આપવાની પણ વાત કરવામાં આવી હતી, છતાં કોંગ્રેસ દ્વારા ગઠબંધન ન થાય તે માટે સતત પ્રયત્નો કરવામાં આવ્યા હતા.આમ આદમી પાર્ટી નેતા પ્રવિણ રામે વધુમાં જણાવ્યું હતું કે પ્રમુખ આપો તો જ ગઠબંધન, નહીં તો ગઠબંધન નહીં જેવી વાતો પરથી સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસનો શરૂઆતથી જ ગઠબંધન કરવાનો કોઈ ઈરાદો નહોતો. છેલ્લા સમય સુધી એક જ મુદ્દો પકડી રાખી ગઠબંધન નિષ્ફળ જાય તે માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આ ઓડિયો ક્લિપ પરથી તાલાલા તેમજ સમગ્ર ગુજરાતની જનતાને ખબર પડી ગઈ છે કે કોંગ્રેસે કેવી રીતે ભાજપને તાલુકા પંચાયતની સત્તા સોંપવામાં મદદ કરી અને ભાજપ સાથે મળીને કામ કર્યું. પ્રવિણ રામે જણાવ્યું હતું કે કોંગ્રેસ અને ભાજપ વચ્ચેની સાંઠગાંઠ હવે જાહેર થઈ ગઈ છે અને એટલા માટે તેઓ ગુજરાતની જનતાને અપીલ કરે છે કે હવે કોંગ્રેસને ઓળખવાની જરૂર છે.

# પદ્મ પુરસ્કારોની ઘોષણા: ગુજરાતના 5 વ્યક્તિઓને પદ્મશ્રી પુરસ્કાર

પદ્મ પુરસ્કારો દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે, જે ત્રણ શ્રેણીઓમાં એનાયત કરવામાં આવે છે, એટલે કે પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી. આ પુરસ્કારો વિવિધ વિષયો / પ્રવૃત્તિઓના ક્ષેત્રોમાં આપવામાં આવે છે, જેમ કે- કલા, સામાજિક કાર્ય, જાહેર બાબતો, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ, વેપાર અને ઉદ્યોગ, દવા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, નાગરિક સેવા વગેરે. 'પદ્મ વિભૂષણ' અસાધારણ અને વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે; 'પદ્મ ભૂષણ' ઉચ્ચ કક્ષાની વિશિષ્ટ સેવા માટે અને 'પદ્મ શ્રી' કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે. દર વર્ષે પ્રજાસત્તાક દિવસના અવસર પર આ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગુજરાતના 5 વ્યક્તિઓને પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા. જેઓની વિગત નીચે પ્રમાણે છે:

શ્રી રતીલાલ બોરીસાગરશ્રી રતિલાલ મોહનલાલ બોરીસાગર એ હાસ્યરસ અને કટાક્ષ લેખન માટે જાણીતા પ્રખ્યાત ગુજરાતી લેખક છે.

31 ઓગસ્ટ, 1938 ના રોજ ગુજરાતના અમરેલી જિલ્લાના સાવરકુંડલા નામના નાના નગરમાં જન્મેલા શ્રી બોરીસાગરની શૈક્ષણિક લાયકાત એમ.એ. (M.A.), બી.એડ. (B.Ed.), પીએચ.ડી. (Ph.D.) છે. એક શિક્ષક તરીકે તેમણે 1957-1974 દરમિયાન પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ કક્ષાએ શિક્ષણ આપ્યું હતું. ત્યારબાદ તેઓ 1974 માં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરમાં શૈક્ષણિક સચિવ તરીકે જોડાયા હતા. તેઓ આ જ સંસ્થામાંથી 1998માં નાયબ નિયામક (શૈક્ષણિક) તરીકે નિવૃત્ત થયા હતા.

શ્રી મીર હાજી કાસમ

શ્રી મીર હાજી કાસમ, જેઓ સામાન્ય રીતે 'હાજી રમકડું' તરીકે જાણીતા છે, તેઓ ગુજરાતના જૂનાગઢ જિલ્લાના એક સુપ્રસિદ્ધ લોક સંગીતકાર છે, જેઓ ગુજરાતી પરંપરાગત સંગીત પ્રત્યેના તેમના આજીવન સમર્પણ અને ઢોલક પરની તેમની નિપુણતા માટે જાણીતા છે. છ દાયકાથી વધુ સમયની કલાત્મક સફર સાથે, તેઓ ભારતના લોક વારસાના સૌથી આદરણીય રક્ષકોમાંના એક તરીકે ઉભરી આવ્યા છે. ભારત અને વિદેશમાં તેમના પ્રદર્શનોએ પ્રાદેશિક સંગીત પરંપરાઓને જીવંત, પ્રાસંગિક અને નવી પેઢીઓ માટે સુલભ રાખવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

શ્રી નીલેશ વિનોદચંદ્ર માંડલેવાલા

શ્રી નિલેશ વિનોદચંદ્ર માંડલેવાલા, જેઓ લોકપ્રિય રીતે ભારતના 'ઓર્ગન મેન' (અંગદાતા) તરીકે ઓળખાય છે, તેઓ દેશમાં અંગદાનના સૌથી પ્રતિબદ્ધ અને પ્રભાવશાળી હિમાયતીઓમાંના એક તરીકે વ્યાપકપણે આદરણીય છે. 'ડોનેટ લાઈફ' (Donate Life) ના સ્થાપક તરીકે, તેમણે ગુજરાત અને સમગ્ર ભારતમાં કેડેવરિક અંગદાન (મૃત્યુ પછી અંગદાન) અંગે જાગૃતિ અને સ્વીકૃતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

શ્રી ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યા

શ્રી ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યા ગુજરાતની પ્રાચીન માણભટ્ટ 'માણ આખ્યાન' પરંપરાના અગ્રણી ગુરુ તરીકે વ્યાપકપણે ઓળખાય છે, જે મધ્યકાલીન આખ્યાન સાહિત્યમાં મૂળ ધરાવતી એક વિશિષ્ટ મૌખિક વાર્તા કહેવાની કલા છે. શાસ્ત્રીય સંગીત, કાવ્યાત્મક અભિવ્યક્તિ અને માણ (વીંટી પહેરેલી આંગળીઓથી વગાડવામાં આવતું તાંબાનું વાસણ) ના અનોખા ઉપયોગ સાથે મહાકાવ્યોના લયબદ્ધ વર્ણન દ્વારા આ પરંપરા સદીઓથી રામાયણ, મહાભારત, ભાગવત અને પૌરાણિક કથાઓ સાથે નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યો પહોંચાડવાનું માધ્યમ રહી છે.

શ્રી અરવિંદ વૈદ્ય

શ્રી અરવિંદ વૈદ્ય એક પ્રતિષ્ઠિત કલાકાર છે, જેમણે છ દાયકાથી વધુ સમય સુધી પાત્રો ભજવીને ગુજરાતી રંગભૂમિ, હિન્દી ટેલિવિઝન અને ચલચિત્રોમાં પોતાની હાજરી આપી છે.3 મે 1941ના રોજ જન્મેલા શ્રી વૈદ્યની સફર ઔપચારિક અભ્યાસ સાથે શરૂ થઈ હતી–એચ કે આર્ટસ કોલેજ ખાતે 1966માં ગુજરાત યુનિવર્સિટીમાંથી ડ્રામામાં ડિપ્લોમા ફર્સ્ટ-ક્લાસ ડિસ્ટિંક્શન સાથે મેળવ્યો હતો. ત્યાર બાદ ટૂંક સમયમાં જ, તેઓ તે જ સંસ્થામાં લેક્ચરર તરીકે પાછા ફર્યા, જ્યાં તેમણે 'પરિત્રાણ' અને 'રાયગઢ જ્યારે જાગે છે' જેવા યાદગાર ગુજરાતી નાટકોનું દિગ્દર્શન અને અભિનય કરતી વખતે યુવા મગજોને માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) ખાતે સેવાનો એક અધ્યાય શરૂ થયો, જ્યાં તેમણે અર્થપૂર્ણ કાર્યક્રમોમાં પ્રોડક્શન આસિસ્ટન્ટ તરીકે યોગદાન આપ્યું. આ દરમિયાન, તેમણે વ્યાપકપણે પ્રશંસા પામેલી શ્રેણી 'ભલા ભૂસાના ભેદ ભરમ' માં સ્ક્રીન પર સુંદર અભિનય કર્યો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

10થી વધુ લોકો ઈજાગ્રસ્ત, પાંચ લોકોની હાલત અત્યંત નાજુક, મૃત્યુઆંક વધવાની ભીતિ

# ગોંડલ નજીક બસ પલટી: બે મહિલાના કમકમાટીભર્યા મોત

(એજન્સી) ગોંડલ । તા. 25



રાજકોટના ગોંડલ નજીક સોમવારે વહેલી સવારે એક અત્યંત કરૂણ માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ધાર્મિક યાત્રા પૂર્ણ કરીને પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની ખાનગી બસ પલટી મારી જતા બે મહિલાઓના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે ૧૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ ઘટનામાં પાંચ લોકોની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે મૃત્યુઆંક વધવાની ભીતિ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલના ભોજરાજપરા વિસ્તારમાંથી ૬૨ શ્રદ્ધાળુઓ સાથે નીકળેલી એક ખાનગી બસ (નંબર: GJ18U 9985) બગદાણા, ઊંચા કોટડા, રાજપરા અને ભગુડા જેવા પ્રસિદ્ધ ધાર્મિક સ્થળોના દર્શન કરી પરત ફરી રહી હતી. સોમવારે પરોઢિયે ૪:૩૦ વાગ્યાની આસપાસ જ્યારે આ બસ વોરા કોટડાથી બાંદરા જવાના સિંગલ પટ્ટી રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે સામેથી આવતા એક ટ્રકને સાઈડ આપવા જતા ચાલકે વાહન રિવર્સમાં લીધું હતું. સિંગલ રોડ હોવાથી ચાલક સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવી બેઠો હતો, જેના પરિણામે બસ રોડ કિનારે આવેલા ઊંડા ખાડામાં પલટી ગઈ હતી.

### સ્થાનિકોની ત્વરિત મદદ

અકસ્માત સમયે બસમાં માસૂમ બાળકો, મહિલાઓ અને વયસ્ક શ્રદ્ધાળુઓ સહિત કુલ ૬૨ મુસાફરો સવાર હતા. વહેલી સવારના અંધકારમાં સર્જાયેલી આ દુર્ઘટના બાદ ચીસાચીસથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના ગામના જાગૃત યુવાનો અને સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. લોકોએ બસના કાચ તોડીને ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાની કામગીરી કરી હતી.

### સારવાર અને પ્રશાસનિક કાર્યવાહી

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ અને નગરપાલિકાની એમ્બ્યુલન્સો દ્વારા તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ગોંડલની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સ્થિતિની ગંભીરતાને જોતા ૫ દર્દીઓને વધુ સારવાર અર્થે રાજકોટની હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. પોલીસ પ્રશાસને ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતનું સચોટ કારણ જાણવા માટે પોલીસ દ્વારા બસ ચાલકની પૂછપરછ અને તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

### શ્રદ્ધાળુઓમાં શોકનું મોજું

ધાર્મિક પ્રવાસના આનંદ સાથે નીકળેલા પરિવારો પર આ દુર્ઘટના આભ તૂટી પડવા સમાન બની છે. મૃતક સાસુ-વહુના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. યાત્રાધામોના દર્શન કરીને પરત ફરતા સમયે સર્જાયેલી આ ઘટનાએ સમગ્ર પંથકમાં ગમગીની ફેલાવી દીધી છે. પોલીસ દ્વારા અકસ્માત અંગેનો ગુનો નોંધી આગળની તપાસ ચાલુ રાખવામાં આવી છે.

## સાયલામાં નકલી ડીવાયએસપી ઠગબાજ ઝડપાયો, નકલી ડીવાયએસપી ઝડપાયો



સાયલા | સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાંથી એક અત્યંત ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં પોલીસે એક નકલી ડીવાયએસપી (DySP) સોહિલખાન બીસ્મિલાખાન પઠાણને ઝડપી પાડ્યો છે. આરોપીએ પોલીસની પરીક્ષામાં નાપાસ થયા બાદ વેર વાળવા અને પૈસા પડાવવા માટે આ આખો સ્વાંગ રચ્યો હતો. તે આધુનિક કૃત્રિમ બુદ્ધિ (AI) ની મદદથી પોતાની ઓળખ બદલીને લોકો સાથે ઠગાઈ કરતો હતો. આરોપી સોહિલખાન અગાઉ ટ્રેક્ટરના શો-રૂમમાં નોકરી કરતો હતો. તેણે પોલીસ અધિકારી બનવાનું સપનું જોયું હતું અને પરીક્ષા પણ આપી હતી, પરંતુ તેમાં નાપાસ થતાં તેણે ગુનાખોરીનો માર્ગ અપનાવ્યો. સોહિલખાને એઆઈના માધ્યમથી ડીવાયએસપીના યુનિફોર્મમાં પોતાના ફોટા અને વીડિયો રીલ્સ જનરેટ કરી ઈન્સ્ટાગ્રામ પર મૂક્યા હતા. આ ફોટાઓના આધારે તેણે એક મહિલાના બેંક એકાઉન્ટને અનફ્રીઝ કરી આપવાના બહાને ૨૨ હજાર રૂપિયા પડાવ્યા હતા અને બદલામાં એઆઈ દ્વારા બનાવેલું નકલી સર્ટીફિકેટ પણ મોકલી આપ્યું હતું.



## ભાયલીમાં હાઈ વોલ્ટેજથી સેંકડો ઉપકરણો બળી ગયા

(એજન્સી) વડોદરા । તા. 25

શહેર નજીકના ભાયલી ગામમાં રવિવારે સવારના સમયે વીજ પુરવઠામાં થયેલા ભયાનક ધાંધિયાને કારણે સ્થાનિકોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. હીટવેવ વચ્ચે વીજ માંગમાં વધારો થતાં સપ્લાયમાં આવેલા હાઈ વોલ્ટેજના કારણે સુથાર ફળિયા, રબારી ફળિયા, કુવાવાળા ફળિયા અને સુથાર ચોક વિસ્તારના સેંકડો ઘરોમાં ઈલેક્ટ્રિક ઉપકરણો ફૂંકાઈ ગયા હતા. રવિવારે સવારે અચાનક વીજ પ્રવાહમાં વધારો થતા શોર્ટ સર્કિટ સર્જાઈ હતી. આ હાઈ વોલ્ટેજની અસર એટલી તીવ્ર હતી કે ઘરના ફ્રિઝ, એસી, પંખા અને પાણી ચઢાવવાની મોટરો જેવા કિંમતી ઉપકરણોમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા અને તે કાયમી ધોરણે બંધ થઈ ગયા હતા. એકસાથે સેંકડો ઘરોમાં આ પ્રકારની ઘટના બનતા રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

સ્થાનિકોએ મધ્ય ગુજરાત વીજ કંપની ના કર્મચારીઓ પર બેદરકારીનો આક્ષેપ કર્યો છે. લોકોનું કહેવું છે કે, આટલું મોટું નુકસાન થયું હોવા છતાં વીજ કંપનીના અધિકારીઓ હાઈ વોલ્ટેજ પાછળનું સંતોષકારક કારણ આપી શક્યા નથી.

## દુષ્કર્મ પીડિતાના સંબંધીની હત્યામાં ૨ ઝડપાયા, હત્યાના મોસ્ટ વોન્ટેડ ઝડપાયા

(એજન્સી) વડોદરા । તા. 25

રાજકોટના પડધરી પંથકમાં ચકચાર જગાવનાર યુવરાજસિંહની હત્યાના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. દુષ્કર્મ પીડિતાના સંબંધીની છરીના ઘા ઝીંકી હત્યા કરી છેલ્લા ઘણા દિવસોથી ફરાર રહેલા બે મોસ્ટ વોન્ટેડ આરોપીઓને રાજકોટ રૂરલ પોલીસે અમીરગઢ બોર્ડર પરથી દબોચી લીધા છે. આરોપીઓની ઓળખ મહેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજા (૩૫) અને યશપાલસિંહ રસિકસિંહ જાડેજા (૨૨) તરીકે થઈ છે. વર્ષ ૨૦૨૪માં પડધરી પોલીસ મથકમાં એક તરૂણી પર દુષ્કર્મ અને પોક્સો હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ કેસમાં અજયસિંહ રણજીતસિંહ જાડેજાની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ સહ-આરોપી તરીકે નામ ધરાવતા મહેન્દ્રસિંહ અને યશપાલસિંહ છેલ્લા બે વર્ષથી પોલીસને થાપ આપી ફરાર હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, દુષ્કર્મ કેસમાં સાક્ષી બનેલા અને પીડિતાના સંબંધી યુવરાજસિંહ સાથે આ બંને આરોપીઓની જૂની અદાવત ચાલતી હતી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીઓએ યુવરાજસિંહનો બદલો લેવા માટે પૂર્વયોજિત કાવતરું ઘડ્યું હતું. ગત ૨૦ મેના રોજ તક સાધીને આરોપીઓએ યુવરાજસિંહ પર છરી વડે ઘાતક હુમલો કરી તેમની હત્યા કરી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ હત્યાને પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ ફેલાયો હતો અને આરોપીઓને પકડવા માટે પોલીસની વિવિધ ટીમો કાર્યરત કરવામાં આવી હતી.

રાજકોટ રૂરલ પોલીસની ટીમે બાતમીના આધારે ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીઓનું લોકેશન ટ્રેસ કર્યું હતું. અમીરગઢ બોર્ડર પરથી બંને આરોપીઓને પકડી પાડવામાં આવ્યા બાદ તેમને રાજકોટ લાવવામાં આવ્યા છે. હાલમાં પોલીસ દ્વારા આરોપીઓની ઘનિષ્ઠ પૂછપરછ શરૂ કરવામાં આવી છે, જેમાં અનેક નવા ખુલાસા થવાની શક્યતા છે. આ સફળ ધરપકડથી પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. હત્યા અને દુષ્કર્મ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આ આરોપીઓ સામે હવે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



## વડોદરાના પૂર્વ વિસ્તારમાં પાણીનો કકળાટ યથાવત

(એજન્સી) વડોદરા । તા. 25

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં પાણીની સમસ્યા દિવસેને દિવસે વિકરાળ બની રહી છે. આજવા ખાતેથી નવી પાણીની લાઈન જોડવાની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલતી હોવાથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર મહિનાથી પૂરતું પાણી ન મળતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને આજે આ મામલે વોર્ડ નંબર-4ની કચેરીએ લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

ખોડીયારનગર વિસ્તારમાં આવેલી કૃષ્ણા નગર વિભાગ-૨ સોસાયટીના રહીશોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેમની સોસાયટીના અંદાજે ૩૦૦ મકાનોમાં છેલ્લા ચાર મહિનાથી પીવાના પાણીની ભારે અછત છે. પાણીનું પ્રેશર એટલું ઓછું છે કે નળમાં ટીપે-ટીપે પાણી આવે છે, જે ઘરના રોજિંદા કામો માટે પણ પૂરતું નથી. નાગરિકોએ પીવાના પાણી માટે બહારથી કે જગ ખરીદીને પાણી મેળવવાની ફરજ પડી રહી છે, જે તેમના ખિસ્સા પર મોટો બોજ સાબિત થઈ રહ્યો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જરૂરિયાતમંદ વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, પરંતુ રહીશોના મતે આ કોઈ સ્થાયી ઉકેલ નથી. વારંવાર વોર્ડ કચેરીમાં રજૂઆતો કરવા છતાં અધિકારીઓ તરફથી માત્ર આશ્વાસનો જ મળે છે, પરંતુ સમસ્યાનું નિરાકરણ આવતું નથી. રહીશોએ આક્ષેપ કર્યો છે કે ઉચ્ચ અધિકારીઓ તેમની ફરિયાદોને ગંભીરતાથી લેતા નથી. વોર્ડ કચેરીએ થયેલા હોબાળા બાદ સ્થાનિકોએ હવે આ મામલે સીધા મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવાની ચીમકી ઉચ્ચારી છે.

## ગીરના જંગલ પાસે ગેરકાયદે રિસોર્ટનો રાફડો, વનતંત્રની શંકાસ્પદ ભૂમિકા



જૂનાગઢ/ધારી | એશિયાટિક સિંહોના એકમાત્ર નિવાસસ્થાન ગીરના જંગલ અને તેના સંરક્ષણ માટે વહીવટી તંત્ર દ્વારા મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. જંગલની સરહદ પર ગેરકાયદેસર રીતે ખડકી દેવાયેલી હોટલો અને રિસોર્ટનો રાફડો સિંહોના અસ્તિત્વ માટે મોટું જોખમ બની રહ્યો છે. તાજેતરમાં અમરેલી જિલ્લાના ધારી તાલુકામાંથી સરકારી તંત્રની મિલીભગતનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં પ્રવાસન વિભાગ દ્વારા લાયસન્સ રદ કરવામાં આવ્યું હોવા છતાં એક રિસોર્ટ બેરોકટોક ધમધમી રહ્યો છે. આ ગેરકાયદે રિસોર્ટ એક નિવૃત્ત સરકારી કર્મચારી દ્વારા ચલાવવામાં આવે છે, જે સત્તાધારી રાજકીય પક્ષ સાથે ઘનિષ્ઠ સંબંધો ધરાવે છે. આ જ કારણ છે કે સ્થાનિક વહીવટી તંત્ર અને વન વિભાગના અધિકારીઓ આ સ્પષ્ટ ગેરરીતિ સામે પગલાં લેવામાં અચકાઈ રહ્યા છે. ભાજપની નજીકની ઓળખ ધરાવતા સંચાલકો આ હોટલમાં રાજકીય મીટિંગોનું પણ આયોજન કરે છે, જેના કારણે સ્થાનિક વહીવટી તંત્ર દબાણમાં કામ કરી રહ્યું હોય તેવું સ્પષ્ટ જણાય છે.

પોરબંદર વારસો અને ઈતિહાસ

# પોરબંદરમાં 239 વર્ષ જૂની કુદરતી એસીની ટેકનિક



(એજન્સી) પોરબંદર । તા. 25

અરબી સમુદ્રના કાંઠે વસેલું પોરબંદર શહેર પોતાના ઐતિહાસિક સ્થાપત્યો માટે વિશ્વભરમાં જાણીતું છે. આ શહેરના સાંસ્કૃતિક વારસામાં એક એવું અણમોલ રત્ન સમાયેલું છે જે ૨૩૯ વર્ષ પહેલાની એન્જિનિયરિંગ અને કલાત્મકતાની સાક્ષી પૂરે છે. તેને 'ગ્રીષ્મ ભવન' તરીકે ઓળખવામાં આવે છે, જેને સ્થાનિક લોકો 'રાણા સરતાનજીનો ચોરો' અથવા 'સંગીતચોરો' પણ કહે છે. આ ઈમારત આજે પણ સુદામા મંદિરની પાછળ અડીખમ ઊભી રહીને જેઠવા રાજવંશની જાહોજલાલીની ગાથા સંભળાવે છે.

### ઈતિહાસ અને નિર્માણ

શિલાલેખના પુરાવા મુજબ, આ ભવનનું નિર્માણ ઈ.સ. ૧૭૮૫માં જેઠવા રાજવંશના મહારાજા સરતાનજી દ્વારા કરાવવામાં આવ્યું હતું. 'ગ્રીષ્મ' શબ્દનો અર્થ ઉનાળો થાય છે. તે સમયે રાજવી પરિવાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાહત મેળવવા માટે આ ભવનનો ઉપયોગ કરતો હતો. આ ઉપરાંત, આ મંડપનો ઉપયોગ સંગીતની મહેફિલો યોજવા માટે પણ થતો હોવાથી તેને સંગીતચોરો તરીકે ઓળખવામાં આવે છે.

આ ઈમારતની સૌથી મોટી વિશેષતા તેમાં વપરાયેલી 'કુદરતી એસી'ની ટેકનિક છે. આ ભવનની ડિઝાઈનમાં એક ખાસ આંતરિક હોજ (પાણીની કુંડી) બનાવવામાં આવ્યો હતો. આ હોજમાં પાણી ભરી રાખવાથી બાષ્પીભવનની પ્રક્રિયા દ્વારા વાતાવરણ સમશીતોષ્ણ રહેતું હતું. ૨૩૯ વર્ષ પહેલાં જ્યારે વીજળી કે આધુનિક મશીનો નહોતા, ત્યારે પણ આવી વૈજ્ઞાનિક સમજણ સાથેનું સ્થાપત્ય નિર્માણ કરવું એ તે સમયના કારીગરોની કુશળતા દર્શાવે છે.

### શિલ્પકલાનો અનોખો સંગમ

આ સંપૂર્ણ ભવન પોરબંદરના પ્રખ્યાત સફેદ અને નરમ 'ઘોડા પથ્થર'માંથી કોતરીને તૈયાર કરવામાં આવ્યું છે. તેની બાહ્ય દીવાલો પર સંગીતકારોની મૂર્તિઓ અને ખૂણાઓમાં દ્વારપાળની મૂર્તિઓ અત્યંત બારીકાઈથી કંડારવામાં આવી છે. છત લાકડાની બનેલી છે, જેની પર પુષ્પાવલિની કોતરણી કરેલી છે. તેની મધ્યમાં આવેલો ગોળ કોતરણીદાર મંચ સંગીતકારો માટે બનાવવામાં આવ્યો હતો, જે તે કાળની સંગીત પ્રેમી સંસ્કૃતિને ઉજાગર કરે છે.

### વર્તમાન સ્થિતિ અને વારસો

આજે પણ સુદામા મંદિરની પાછળ મુખ્ય માર્ગ પર આવેલું આ ભવન પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. તેનું જીણું અને કલાત્મક કોતરકામ જોનારાને મંત્રમુગ્ધ કરી દે છે.

સુરત સમાચારમાં ગંભીર ઘટના, માસૂમ બાળક પર શ્વાનનો હુમલો

# સુરતની તિરુપતિ માર્કેટમાં બાળક પર શ્વાનનો હુમલો

(એજન્સી) સુરત । તા. 25



સુરત શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે, જે હવે જાહેર રસ્તાઓ અને સોસાયટીઓમાંથી બહાર નીકળીને હજારો લોકોની અવરજવર ધરાવતી ટેક્સટાઈલ માર્કેટો સુધી પહોંચી ગયો છે. તાજેતરમાં રિંગરોડ પર આવેલી તિરુપતિ માર્કેટમાં એક માસૂમ બાળક પર ત્રણ શ્વાનોના ટોળાએ કરેલા ભયાનક હુમલાનો સીસીટીવી વીડિયો વાઈરલ થયો છે. આ ઘટનાએ સુરત મહાનગરપાલિકાની શ્વાન નિયંત્રણ કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કર્યા છે.

મહિલા પોતાની ખરીદી માટે તિરુપતિ માર્કેટમાં આવી હતી. બાળક સાથે હોવા છતાં થોડી ક્ષણો માટે મહિલાનું ધ્યાન ભટકતા જ ત્યાં હાજર ત્રણ રખડતા શ્વાન બાળક પર તૂટી પડ્યા હતા. શ્વાનોએ બાળકને ઘેરીને જમીન પર ઢસડ્યો હતો અને બચકાં ભરવાનું શરૂ કર્યું હતું. બાળકની ચીસાચીસ સાંભળીને આસપાસના વેપારીઓ અને લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં બાળકને છોડાવીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. આ ઘટનાનો સીસીટીવી વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતા લોકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.

સુરતમાં જાહેર સ્થળો પર શ્વાનનો ત્રાસ ચરમસીમાએ છે. માત્ર તિરુપતિ માર્કેટ જ નહીં, પરંતુ શહેરના અનેક ગાર્ડન અને બગીચાઓ પણ અસુરક્ષિત બન્યા છે. બે દિવસ પૂર્વે જ પાલનપોર લેક ગાર્ડનમાં એક બાળક પર શ્વાને હુમલો કર્યો હતો. આ ઉપરાંત, રામપુરા વિસ્તારમાં રખડતા શ્વાનોએ એક પરિવારના ત્રણ બકરાને ફાડી ખાઈને મોતને ઘાટ ઉતારી દીધા હતા. શહેરના ભરચક વિસ્તારોમાં શ્વાનનો જમાવડો પ્રવાસીઓ અને સ્થાનિકો માટે જીવલેણ આફત સમાન બની રહ્યો છે.

### પાલિકાની કામગીરી સામે સવાલો

વેપારી સંગઠનો અને સ્થાનિકોનો આક્ષેપ છે કે સુરત મહાનગરપાલિકાની શ્વાન નિયંત્રણ ઝુંબેશ માત્ર કાગળ પર જ હોય તેમ લાગે છે. કરોડો રૂપિયાનો વેપાર કરતી આ ટેક્સટાઈલ માર્કેટમાં શ્વાનનો જમાવડો મુલાકાતીઓ માટે મોટો ભય છે. તહેવારો દરમિયાન જ્યારે ભીડ વધુ હોય છે ત્યારે આ સ્થિતિ વધુ ગંભીર બની જાય છે. વેપારીઓએ માંગ કરી છે કે પાલિકા તંત્ર કડક કાર્યવાહી કરે અને શહેરને 'ડૉગ ફ્રી' ઝોન બનાવવા માટે સઘન ઝુંબેશ ચલાવે.

રખડતા શ્વાનની વધતી હિંસકતા પાછળ તંત્રની નિષ્ક્રિયતા મુખ્ય કારણ હોવાનું લોકો માની રહ્યા છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી મળતી ફરિયાદો છતાં પાલિકા દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી.

હાથકડી પહેરેલો આરોપી પકડવા વ્યાપક શોધખોળ

## વડોદરા સ્ટેશનેથી ડ્રગ્સ કેસનો આરોપી પોલીસને ચકમો આપી ફરાર

(એજન્સી) વડોદરા । તા. 25



વડોદરા રેલવે સ્ટેશન પર શનિવાર-રવિવારની મધ્યરાત્રિએ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં કેરાલા પોલીસની કસ્ટડીમાં રહેલો એક ડ્રગ્સ કેસનો આરોપી કોન્સ્ટેબલોને ધક્કો મારી હાથકડી સાથે ફરાર થઈ ગયો છે. આ ઘટનાને પગલે રેલવે પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. કેરાલાના કોઝીકોડના મુક્કમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસ (NDPS) ના બે ગુનામાં મોહમ્મદ હનીફા અબ્દુલબકરની ધરપકડ કરવામાં આવી હતી. તપાસના કામે કેરાલા પોલીસની ટીમ આરોપીને લઈને રાજધાની એક્સપ્રેસમાં હઝરત નિઝામુદ્દીન (દિલ્હી) જઈ રહી હતી. મોડી રાત્રે જ્યારે ટ્રેન વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૩ પર આવી ત્યારે આરોપીએ વોશરૂમ જવાની જીદ કરી હતી. હેડ કોન્સ્ટેબલ બીનોય અને કોન્સ્ટેબલ અનીશ તેને સાથે લઈ ગયા હતા.

પરત આવતી વખતે વોશ બેસિન પાસે હાથ ધોતી વેળાએ આરોપીએ તક સાધી બંને કોન્સ્ટેબલોને જોરથી ધક્કો માર્યો હતો, જેના કારણે કોન્સ્ટેબલ બીનોય નીચે પડી ગયા હતા. આ તકનો લાભ લઈને આરોપી હનીફા બીજા કોચ તરફ દોડી ગયો હતો. પોલીસની ટીમે ટ્રેનમાં અને ત્યારબાદ સ્ટેશન પર પણ તેની વ્યાપક શોધખોળ કરી હતી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આરોપીના જમણા હાથમાં હજુ પણ હાથકડી હોવાનું જાણવા મળ્યું છે. વડોદરા રેલવે પોલીસે સ્ટેશનના સીસીટીવી ફૂટેજ પણ તપાસ્યા છે, પરંતુ હજુ સુધી આરોપી કઈ દિશામાં ભાગ્યો તે સ્પષ્ટ થયું નથી.

8 શખ્સોની ધરપકડ, 53,700નો મુદ્દામાલ કબજે

## વડોદરાના કિશનવાડીમાં જુગારધામ પર પોલીસની રેડ

(એજન્સી) વડોદરા । તા. 25



વડોદરા શહેરના કિશનવાડી વિસ્તારમાં ચાલતા એક સક્રિય જુગારધામ પર સ્થાનિક પોલીસે ઓચિંતી રેડ પાડીને ૮ જુગારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસની આ કાર્યવાહીથી જુગારના અડ્ડાઓ ચલાવતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે કિશનવાડીમાં વલ્લભ રેસીડેન્સી પાસે આવેલા કૃત્રિમ તળાવ નજીક વિજય નામનો એક શખ્સ જુગારધામ ચલાવી રહ્યો છે. આ માહિતીના આધારે પોલીસે દરોડો પાડતા સ્થળ પરથી જુગાર રમતા ૮ શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે વિજયભાઈ શિવરામભાઈ સાળુંકે, રાજેશભાઈ હરિલાલ ઠક્કર, અજય મધુકરભાઈ નળવાને, શૈલેષ બબાનરાવ મોરે, કિરણભાઈ શશીકાંત નાલાવડે, સુનિલ જયદીપભાઈ ઓડ, રાકેશ શંકરભાઈ મિસ્ત્રી અને અશોકભાઈ યશવંતરાય પાટીલને પકડી લીધા હતા.

દરોડા દરમિયાન પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ, અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન અને જુગારનું સાહિત્ય મળી કુલ ૫૩,૭૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ કિશનવાડી પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલી આ ત્વરિત કાર્યવાહીએ ગુનાહિત પ્રવૃત્તિઓ કરનારાઓ માટે લાલબત્તી સમાન કિસ્સો બન્યો છે. પોલીસ હવે આ જુગારધામના અન્ય કનેક્શન અને તેમાં સંડોવાયેલા અન્ય લોકો અંગે પણ તપાસ કરી રહી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે.

**મિથુન : ક. છ. ઘ.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. પ્રેમ એ તમારા પ્રિયપાત્ર સાથે અનુભવવાની તથા શૅર કરવાની લાગણી છે.

**કર્ક : ડ. હ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**સિંહ : મ. ટ.**

તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જ્યારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો.

**તુલા : ર. ત.**

તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે.

**વૃશ્ચિક : ન. ય.**

કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો આજે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરશો.

**મકર : ખ. જ.**

વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂ રહેશે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂ મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## તંત્ર એક્શનમાં આવ્યું

# પેટ્રોલ પંપ ની સામે હાંડોદ ચોકડી પરના કેબીન તેમજ લારી ગલ્લા પોલીસ તંત્રની હાજરીમાં દૂર કરવામાં આવ્યા

**સંખેડા ના ઈન્ચાર્જમાં આવેલા મામલતદાર હિતેન્દ્ર ગોહિલ સાહેબ દ્વારા બહાદરપુર. સંખેડા સહિત આજે તારીખ 20 .11. 2025 ના રોજ ગામના ખેડૂત વિનોદભાઈ વિઠ્ઠલભાઈ દ્વારા કરેલ અરજીના આધારે**

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના ઈન્ચાર્જ મામલતદાર હિતેન્દ્ર ગોહિલ સાહેબ દ્વારા અગાઉ ગામના ખેડૂત ની અરજીના આધારે આજરોજ હાંડોદ ચોકડી ખાતે ટ્રાફિકને અડચણરૂપ ગેરકાયદેસર દબાણને લઈ પંચાયતના તલાટી સાહેબ તેમજ સેવાસદન સ્ટાફ સહિત પોલીસ તંત્ર સાથે રાખી જેસીબી દ્વારા હાંડોદ ચોકડી પર ના પથારા વાળા તેમજ લારી ગલ્લા નડતરરૂપ દબાણ દૂર કરાયાહાંડોદ ગામના ખેડૂત વિનોદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ દ્વારા પેટ્રોલ પંપ ની સામે આવેલ પોતાની માલિકી નું ખેતર આવેલ છે જે માલિક ને ખેતરમાં જવા રસ્તાને લઈ દુકાનદાર દ્વારા ગેરકાયદેસર દુકાનો ઊભી કરી દેવામાં આવી હતી જે તારીખ 20 11 2025 ના રોજ સંખેડા મામલતદાર શ્રી ને વિનોદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તેમજ સાક્ષી તરીકે પટેલ મહેશભાઈ સનાભાઇ તેમજ પટેલ પિનલ કુમાર વિનોદભાઈ અને પટેલ બાદલ કુમાર નિલેશભાઈ અને સચિન કુમાર સુરેશભાઈ દ્વારા અરજીના આધારે આજે ઈન્ચાર્જ મામલતદાર હિતેન્દ્ર ગોહિલ સાહેબ દ્વારા લારી તેમજ ગલ્લા ગેરકાયદેસર જગ્યા પરથી દૂર કરાતા દબાણ કરતાં વેપારીઓમાં ફફડાટ જોવા મળ્યો હતો અને ગામના લોકો દ્વારા આ ઈન્ચાર્જમાં આવેલ મામલતદાર સાહેબની પ્રશંસનીય કામગીરી જોતા ગામના લોકોએ આભાર માન્યો હતો.

## કુલ રૂ.2,55,060નો મુદ્દામાલ જપ્ત

# જામજોધપૂરના શેઠવડાળા વિસ્તારમાં થયેલી બે ચોરીનો ભેદ ઉકેલાયો : રૂ.2.55 લાખના મુદ્દામાલ સાથે 3 આરોપી ઝડપાયા

(એજન્સી) જામનગર | તા.25



જામનગર એલ.સી.બી.એ શેઠવડાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી બે ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી કોપર વાયર, મોટરસાયકલ, મોબાઈલ ફોન સહિત કુલ રૂ.2,55,060નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક તથા જામનગર જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં નોંધાયેલા વણશોધાયેલા ચોરીના ગુનાઓ ઉકેલવા એલ.સી.બી.ને સૂચના આપવામાં આવી હતી. તે અનુસંધાને એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. તથા સ્ટાફે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને ખાનગી બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન દરેડ-મસીતીયા રોડ ઉપરથી આરોપીઓના કબ્જાના મકાનમાં રેઈડ કરી પવનચક્કીના ટાવરમાંથી ચોરી કરાયેલ 266 કિલો કોપર વાયર તથા ઓગાળીને બનાવેલ કોપરની ઈંટો કબ્જે કરવામાં આવી હતી. સાથે ગુનામાં ઉપયોગમાં લેવાયેલા બે મોટરસાયકલ, બે મોબાઈલ ફોન, ડીસમીસ અને કેબલ વાયર કાપવાની તણી મળી કુલ રૂ.2,55,060નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પકડાયેલા આરોપીઓમાં ઉમરભાઈ ઉર્ફે અબાડો આલીભાઈ દેથા, અલ્તાફભાઈ ઉર્ફે કારો વલીમામદ બુઢાણી, ઈલસાદભાઈ ઈસ્માઈલભાઈ ખફીનો સમાવેશ થાય છે. જ્યારે ભરતભાઈ હરસુખભાઈ ચૌહાણ નામનો આરોપી હજુ ફરાર હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ શેઠવડાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી પવનચક્કીના ટાવરમાંથી ટીસીના અર્થીંગ વાયર ચોરી કર્યા હતા. આ મામલે શેઠવડાળા પોલીસ સ્ટેશનમાં બીએનએસ કલમ 303(2) હેઠળ નોંધાયેલા બે ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. મુખ્ય આરોપી ઉમરભાઈ ઉર્ફે અબાડો દેથા સામે અગાઉ પણ ચોરી અને ઘરફોડ ચોરી સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

# "માણસ માણસને કામ આવે એ જ મોટો ધર્મ" — ઉગેડી ગામે સેવા કાર્યમાં ગ્રામજનો જોડાયા

જગદીશ પી દવે | દેશલપર (ગું)



નખત્રાણા તાલુકાના ઉગેડી ગામે તા. 24-05-2026 ના રોજ જીવદયા અને પક્ષી સેવા અંતર્ગત પક્ષીઘર તેમજ પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાની કડક ગરમીમાં પક્ષીઓને દાણા અને પાણી મળી રહે તે હેતુથી આયોજિત આ સેવા કાર્યમાં ગામના આગેવાનો અને વિવિધ સમાજના લોકોએ ઉત્સાહભેર સહભાગીતા નોંધાવી હતી. આ કાર્યક્રમમાં ગામના માજી સરપંચ હભુભાઈ એચ. રબારી, દલિત સમાજમાંથી પૂરસોત્તમ કે. વાઘેલા, જેપાર મનજીભાઈ, મુરાભાઈ ડી. રબારી, દેવાભાઈ જી. રબારી, કાનાભાઈ વી. રબારી, ખેતસિંહ સોઢા, શ્યામ એચ. રબારી, હર્ષ રાજગોર, છગનભરતી બાવાજી, અલીભાઈ કુંભાર, પેશુભાઈ, અલીછાબાવા સૈયદ, લાખાભાઈ રબારી અને સોમાભાઈ રબારી સહિત અનેક સેવાભાવી લોકોએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ લોકોને અપીલ કરી હતી કે પોતાના ઘર કે દુકાન આગળ એક પાણીનું કુંડું રાખી દરરોજ પક્ષીઓને દાણા અને પાણી આપવું જોઈએ. જીવમાત્ર પ્રત્યે દયા અને સેવા ભાવના જ સાચી ભક્તિ હોવાનું પણ જણાવાયું હતું.હભુભાઈ એચ. રબારીએ જણાવ્યું હતું કે છેલ્લા 10 વર્ષથી ગામમાં કોઈ વાહનચાલક મુશ્કેલીમાં મુકાય અથવા કોઈને જરૂરિયાત હોય તો ગામના લોકો સાથે મળી સેવા આપવા માટે હંમેશા તૈયાર રહીએ છીએ.

## રામકથામાં કરાયું સન્માન

# વાગડના જાણીતા સ્ટેજમાસ્ટર પ્રભુ આહીરે મોરજર રામકથાનો લીધો લાભ

જગદીશ પી દવે | દેશલપર (ગું)



નખત્રાણા-કચ્છ મોરજર સ્થિત પુંજલદાદા અખાડા ખાતે યોજાઈ રહેલી ભવ્ય શ્રી રામકથામાં કચ્છના જાણીતા હાસ્ય કલાકાર તથા વાગડ પ્રાંતના પ્રસિદ્ધ સ્ટેજમાસ્ટર પ્રભુ આહીર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભક્તિભાવપૂર્વક રામકથાનું શ્રવણ કરી કથારસનો આધ્યાત્મિક લાભ લીધો હતો.આ પ્રસંગે અગ્રણી મિત્રો અને સેવાભાવી આગેવાનો દ્વારા પ્રભુ આહીરનું ઉષ્માભર્યું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન બદલ પ્રભુ આહીરે સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી પુંજલદાદા અખાડાના સેવકગણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.રામકથાના પવિત્ર માહોલમાં ભક્તિ, સંસ્કૃતિ અને સત્સંગનો અનોખો સંગમ સર્જાયો હતો. મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી કથાશ્રવણનો લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સેવકગણ દ્વારા સુંદર આયોજન અને વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

# "સક્ષમ-૨૦૨૬" : સંસ્કાર સાથે સ્વરક્ષા શીખવતો સતપંથનો ક્રાંતિકારી પ્રયોગ

મહેશ એલ.સોની નખત્રાણા

જ્યાં એક તરફ આધુનિકતાની આંધળી દોટ ચાલી રહી છે, ત્યાં કચ્છની ધરતી પરથી "શ્રદ્ધા સાથે શક્તિ, સંસ્કાર સાથે સ્વરક્ષા" નો નાદ ગૂંજી રહ્યો છે. આ નાદને સાકાર કરવા શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન મહિલા સંઘ દ્વારા પંચદિવસીય "સ્વરક્ષા, શસ્ત્ર પ્રશિક્ષણ શિબિર - સક્ષમ 2025" નું આયોજન કરવામાં આવ્યું છે.તા. ૨૫ મે થી ૩૧મે ૨૦૨૬ દરમિયાન યોજાનારી આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ યુવતીઓને માત્ર શિક્ષણ કે કરિયરમાં નહીં, પરંતુ પોતાની સુરક્ષા, સનાતન સંસ્કૃતિ અને રાષ્ટ્રના રક્ષણમાં પણ આત્મનિર્ભર અને સક્ષમ બનાવવાનો છે.શિબિરની વિશેષતાઓ અંગે વાત કરતા શ્રી કચ્છ કડવા પાટીદાર સતપંથ સનાતન મહિલા સંઘ પ્રમુખશ્રી શ્રીમતિ ચંદ્રિકાબેન કલ્પેશભાઈ રંગાણી મહામંત્રીશ્રી શ્રીમતિ વનિતાબેન હરસુખભાઈ રૂડાણીએ જણાવ્યું હતું કે આ શિબિરમાં યુવતીઓને શારીરિક સ્વરક્ષા અને શસ્ત્ર પ્રશિક્ષણ ,તાલીમની સાથે સનાતન ધર્મ, કર્તવ્યનિષ્ઠા અને રાષ્ટ્રભક્તિના મૂલ્યોનું પણ પોષણ તેમજ યુવતીઓમાં આત્મવિશ્વાસ જગાડી સમાજમાં સકારાત્મક પરિવર્તનની શરૂઆત કરાવાશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

# પાલનપુરમાં ભવ્ય એવોર્ડ સમારોહમાં કચ્છના શિક્ષક જગદીશભાઈ વાઘેલાનું સન્માન




જગદીશ પી દવે | દેશલપર (ગું)

પાલનપુર મધ્યે સંસ્કૃતિ આર્ટ ફાઉન્ડેશન દ્વારા ભવ્ય સન્માન એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ બદલ કચ્છના જાણીતા શિક્ષક જગદીશભાઈ વાઘેલા ને વિશેષ રૂપે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે લોકપ્રિય ટીવી સીરિયલ Taarak Mehta Ka Ooltah Chashmah ના જાણીતા પાત્ર 'અબ્દુલ' તરીકે પ્રસિદ્ધ અભિનેતા શરદ સંકલા ના હસ્તે જગદીશભાઈ વાઘેલાને શૈક્ષણિક તથા સેવાકીય કાર્યો બદલ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શરદ સંકલા ઉપરાંત વિકાસ પરમાર, પાલનપુરના જાણીતા તબીબ ડૉ. સુરેન્દ્ર ગુપ્તા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન 'પેડમેન ઓફ ગુજરાત' તરીકે જાણીતા નયન ચત્રારિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં સમગ્ર ગુજરાતમાંથી વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર અંદાજે 60 જેટલા પ્રતિભાશાળી વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.જગદીશભાઈ વાઘેલા સમગ્ર ગુજરાતમાં ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે 'નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષા'નું સંપૂર્ણ નિઃશુલ્ક કોચિંગ ચલાવી રહ્યા છે. શિક્ષણ ક્ષેત્રે તેમની અનન્ય સેવાઓ ઉપરાંત તેઓ કચ્છ જિલ્લામાં પર્યાવરણ જાગૃતિ, વૃક્ષારોપણ અને કચ્છની ભવ્ય કલા-સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે ઓળખ અપાવવાના કાર્યોમાં પણ સતત કાર્યરત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ 2026 દરમિયાન મહારાષ્ટ્રના પુણે ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સમારોહમાં જગદીશભાઈ વાઘેલા ને તેમની અદભુત શૈક્ષણિક સેવાઓ બદલ પ્રતિષ્ઠિત નેશનલ નવોદયન ઓફ ધ યર સુપર એવોર્ડ થી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ફાયર ફાઈટરો અને તરવૈયાઓનું કલાકો સુધી સર્ચ ઓપરેશન

# ભાવનગરમાં ગોઝારી ઘટના: તળાજાના સરતાનપર દરિયામાં એક જ પરિવારના 3 બાળકો ડૂબ્યા, બેના મોત

(એજન્સી) ભાવનગર | તા.25



ભાવનગર જિલ્લાના તળાજાના સરતાનપર બંદર નજીક દરિયામાં નાહવ ગયેલા એક જ પરિવારના ત્રણ માસૂમ બાળકો દરિયાના તેજ પ્રવાહ અને ઉછળતા મોજાની ઝપેટમાં આવી જતાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ અકસ્માતમાં બે બાળકોના કરુણ મોત નિપજતા સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.મળતી માહિતી અનુસાર, બાળકોને દરિયાના પાણીમાં ડૂબતા જોઈ કિનારે ઉભેલા સ્થાનિક લોકો અને પરિવારજનોએ ભારે બૂમાબૂમ કરી મૂકી હતી, જેને પગલે કિનારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાસ્થળે હાજર સ્થાનિક માછીમારો અને લોકોએ તાત્કાલિક દરિયાના પાણીમાં ઝંપલાવ્યું હતું. તેમણે ભારે જહેમત બાદ ત્રણ બાળકો પૈકીની એક બાળકીને જીવતી બહાર કાઢી લીધી હતી, જેથી તેનો આબાદ બચાવ થયો હતો. જોકે, અન્ય બે બાળકો દરિયાના કરંટમાં તણાઈને ઊંડા પાણીમાં લાપતા થઈ ગયા હતા.

ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિકો દ્વારા તળાજા ફાયર રેસ્ક્યુ ટીમને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ફાયરના જવાનોનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ બચાવ કામગીરીમાં સરતાનપર ગામના સરપંચ, સ્થાનિક રહીશો અને દરિયાના પાણીના પ્રવાહથી વાકેફ સ્થાનિક તરવૈયાઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. દરિયાના તોફાની મોજા વચ્ચે કલાકો સુધી ચાલેલા સર્ચ ઓપરેશન બાદ બંને બાળકો તરવૈયાઓને મળી આવ્યા હતા.દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યા ત્યારે બંને બાળકો અર્ધમૂર્છિત અને અત્યંત નાજુક હાલતમાં હતા. તેમને તાત્કાલિક 108 મારફતે સારવાર અર્થે તળાજાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાજર તબીબોએ બંને બાળકોને તબીબી તપાસ બાદ મૃત જાહેર કર્યા હતા. એક જ પરિવારના બે-બે ચિરાગ બુઝાઈ જતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

# એરંડાની ફોતરી ખાઈ જતાં ચાણસ્મા પશુપાલકની સાત ભેંસો એ પ્રાણ ગુમાવ્યા

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્માના ગંજબજાર વિસ્તાર માં રહેતા અને પશુપાલન અને ખેતમજૂરી કરી પરીવારનું પોષણ કરતાં મનુજી ઠાકોરની



સાત ભેંસે ખેતરમાં ચરવા ગઈ હતી તે સમયે એરંડાની ફોતરી ખાઈ મેણાઈ જતાં મોતને ભેટતાં પશુપાલક ના માથે આભ તૂટી પડ્યું હોય તેવી સ્થિતી સર્જાઈ છે જ્યારે પશુપાલકની એક સાથે સાત ભેંસોનું મરણ થતાં હતપ્રત થયેલા પશુપાલકે સંલગ્ન સરકારી તંત્રને જાણ કરતાં સંલગ્ન તંત્ર દ્વારા મૃત્યુ પશુઓનું પંચનામું કરી વધુ તપાસ હાથ ધરાઈ છે

# મહીસાગર જિલ્લામાં 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન' અંતર્ગત ભગીરથ ઝુંબેશ સંપન્ન......

જગદીશ ત્રિવેદી | મહીસાગર

ભારત સરકારના આદિજાતિ મંત્રાલય દ્વારા દેશના આદિવાસી ભાઈ-બહેનોના સર્વાંગી વિકાસ માટે શરૂ કરવામાં આવેલ 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન' મહીસાગર જિલ્લામાં સફળતાપૂર્વક સંપન્ન થયું છે. ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ગત તા. ૧૯ મે થી ૨૫ મે સુધી 'જનભાગીદારી - સબસે દૂર, સબસે પહેલે' ના સંકલ્પ સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છેવાડાના ગામડાઓ અને નાગરિકો સુધી પહોંચવા માટે એક ભગીરથ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થે આ ઝુંબેશની સઘન કામગીરી અને સફળતા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા માઈક્રો-પ્લાનિંગ કરીને સંતરામપુર, કડાણા, ખાનપુર અને લુણાવાડા એમ કુલ ૪ તાલુકાઓના ૧૮૯ આદિજાતિ ગામોને** આ અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. વહીવટી સરળતા અને સુદ્રઢ આયોજન માટે આ ગામોને ૨૦ ક્લસ્ટરમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. જેના ભાગરૂપે ઉખરેલી, ગોલણપુર, હીરાપુર સહિતના સ્થળોએ ૨૦ જેટલા મેગા કેમ્પોનું આયોજન કરાયું હતું. આ ઝુંબેશ થકી વહીવટી તંત્ર અંદાજિત ૬૦,૦૦૦ જેટલા લોકો સુધી રૂબરૂ પહોંચવામાં સફળ રહ્યું છે.આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ કલ્યાણકારી સરકારી યોજનાઓના ૧૦૦% લાભાર્થીઓ સુધી પહોંચી 'સેચ્યુરેશન' (Saturation) નો લક્ષ્યાંક સિદ્ધ કરવાનો હતો. આયોજિત કેમ્પોમાં આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી કરી TB અને સિકલસેલ (Sickle Cell) નું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું.

## સ્થાનિકોમાં ભારે રોષ : પિતા-પુત્ર ઘરે પરત ફરતા નડ્યો અકસ્માત

# છોટા ઉદેપુર: બોડેલીમાં માતેલા સાંઢની જેમ દોડતા ડમ્પરે બાઈકને 100 ફૂટ ઢસડી, પિતાનું મોત, દીકરાની હાલત ગંભીર

(એજન્સી) છોટા ઉદેપુર | તા.25



છોટા ઉદેપુરના બોડેલીની મોડાસર ચોકડી પાસે આજે (25મી મે) ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. રેતી ભરવા જઈ રહેલા બેફામ ટ્રકે મોડાસર ચોકડી નજીક બાઇકને અડફેટે લીધી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રકચાલકે બાઇકને અડફેટે લીધા બાદ આશરે 100 ફૂટ જેટલી દૂર સુધી રસ્તા પર ઘસડી હતી. આ કરુણ દુર્ઘટનામાં બાઇક સવાર પિતાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેમનો પુત્ર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, અકસ્માતનો ભોગ બનનાર શૈલેષભાઈ બરોડા ડેરીમાં નોકરી કરતા હતા. તે પુત્ર સાથે સાવલી ખાતે ઓફિશિયલ વિઝિટ પૂર્ણ કરીને બાઇક પર પરત ઘરે ફરી રહ્યા હતા. તે દરમિયાન મોડાસર ચોકડી નજીક માત્રેલા સાંડની માફક દોડતા આવી રહેલા ટ્રકે તેમને ચપેટમાં લીધા હતા. શૈલેષભાઈનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે, જ્યારે ગંભીર હાલતમાં રહેલા પુત્રની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. બોડેલી અને તેની આસપાસના વિસ્તારોમાં બેફામ ગતિએ દોડતા રેતી ભરેલા હાઈવા ટ્રકોને કારણે અવારનવાર આવા અકસ્માતો સર્જાતા હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો અને સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે, હાઈવે પર યમદૂત બનીને દોડતા આવા ભારે વાહનો સામે તંત્ર દ્વારા તાત્કાલિક કડક ચેકિંગ હાથ ધરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

# વિથોણ ખાતે નિરાધાર નંદી મહારાજને ઝેરી અસર, જીવદયા સમિતિએ બચાવ્યો જીવ



જગદીશ પી દવે | દેશલપર (ગું)

નખત્રાણા તાલુકાના વિથોણ ગામે નિરાધાર હાલતમાં રહેલા એક નંદી મહારાજને ખોરાકમાં ઝેરી અસર થતા તેની તબિયત લથડતા ગામમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ વિથોણ જીવદયા સમિતિના સભ્યો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સેવા ભાવના સાથે નંદી મહારાજની સંભાળ લીધી હતી.જીવદયા સમિતિ દ્વારા તરત જ પશુચિકિત્સક ડોક્ટરની વ્યવસ્થા કરવામાં આવી હતી અને જરૂરી સારવાર શરૂ કરવામાં આવી હતી. સમયસર સારવાર મળતા નંદી મહારાજની તબિયતમાં સુધારો નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.

વિથોણ જીવદયા સમિતિના પ્રમુખ શ્રી શાંતિલાલ નાયાણીએ જણાવેલ કે, "નિરાધાર પશુઓની સેવા કરવી એ માનવતાનો સચ્ચો ધર્મ છે. કોઈ પણ પશુ મુશ્કેલીમાં હોય ત્યારે તાત્કાલિક સારવાર અને સહાય પહોંચાડવી એ અમારી સમિતિની પ્રથમ ફરજ છે."આ ઘટનાએ જીવદયા અને નિરાધાર પશુઓ પ્રત્યે માનવતા દર્શાવવાનો સુંદર સંદેશ આપ્યો છે. ગામલોકોએ વિથોણ જીવદયા સમિતિની તાત્કાલિક કામગીરી અને સેવાભાવને બિરદાવ્યા હતા.

## ગવર્નન્સ સમિટ માં જનસેવા પર વિશેષ ભાર | આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ થી બદલાશે સેવા વિતરણ

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા જનસેવા સુધારવા ગવર્નન્સ સમિટનું આયોજન

(એજન્સી) નવી દિલ્હી | તા 25

ભારતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી સર્વસમાવેશક વિકાસ અને વહીવટી સુધારાઓ લાવવા માટે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય તથા ઈન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેસ (આઈએસબી) દ્વારા સંયુક્ત રીતે 'ગવર્નન્સ સમિટ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. 'સર્વસમાવેશક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ફોર વિકસિત ભારત' વિષય પર આધારિત આ સમિટમાં આરોગ્ય, શિક્ષણ, ડિજિટલ વાણિજ્ય અને જાહેર સુરક્ષા જેવા ક્ષેત્રોમાં ટેકનોલોજીના ઉપયોગ અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી.

આ સમિટમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ, ટેકનોલોજી નિષ્ણાતો અને શિક્ષણવિદોએ હાજરી આપી હતી. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ. કૃષ્ણને ઉદઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે, "સરકાર એક એવું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈકોસિસ્ટમ બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે સમાજના તમામ વર્ગોને લાભ આપે, ખાસ કરીને તેમને જે ડિજિટલ અર્થતંત્રમાં હજુ પાછળ છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભારતને ઉત્પાદકતા વધારવાની, સુશાસન સુધારવાની અને આરોગ્ય તથા શિક્ષણ જેવા ક્ષેત્રોમાં પહોંચ વિસ્તારવાની એક પરિવર્તનકારી તક આપે છે.આ સમિટનો મુખ્ય હેતુ છેવાડાના માનવી સુધી જાહેર સેવાઓ કેવી રીતે અસરકારક રીતે પહોંચાડી શકાય તે તપાસવાનો હતો. આઈએસબીના ભારતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક પોલિસી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં રાજ્ય સરકારો અને ગ્રામ પંચાયતોના સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કેવી રીતે કાર્યાન્વિત કરી શકાય તે માટે એક રાઉન્ડ ટેબલ ચર્ચા પણ યોજવામાં આવી હતી. આ ચર્ચામાં મહિલાઓ અને બાળકોની ઓનલાઈન સુરક્ષા તેમજ આરોગ્ય સેવાઓની સુલભતા જેવા મહત્વના મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.આઈએસબીના એસોસિયેટ પ્રોફેસર અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અશ્વિની છત્રેએ જણાવ્યું હતું કે, "આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને માત્ર એક ટેકનોલોજી નહીં, પણ આગામી પેઢીના ભવિષ્યને આકાર આપતા એક લાંબા ગાળાના રાષ્ટ્રીય મિશન તરીકે જોવું જોઈએ." તેમણે નોંધ્યું હતું કે અસમાનતા અને નોકરીઓના ભવિષ્ય જેવા પડકારોને પહોંચી વળવા માટે સામાજિક સુરક્ષા અને સમાન તકો પૂરી પાડવી ખૂબ જરૂરી છે. આ માટે સાવચેતીના પગલાં અને સકારાત્મક નીતિઓ ઘડવી અનિવાર્ય છે. આ સમિટમાં રિલાયન્સ રિટેલ, માસ્ટરકાર્ડ, એપોલો હોસ્પિટલ્સ, આઈઆઈટી મદ્રાસ અને યુનિસેફ ઈન્ડિયા જેવી જાણીતી સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ ભાગીદારી દર્શાવે છે કે સરકાર અને ખાનગી ક્ષેત્ર સાથે મળીને એક સુરક્ષિત અને સર્વસમાવેશક ડિજિટલ ભવિષ્ય બનાવવા માંગે છે. વિવિધ મંત્રાલયોના પ્રતિનિધિઓની હાજરીથી આ સમિટના નિર્ણયોને નીતિઓમાં ફેરવવાની ગતિ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સાચો લાભ ત્યારે જ મળશે જ્યારે તે સામાન્ય નાગરિકની રોજિંદી સમસ્યાઓનું નિરાકરણ લાવશે. આ સમિટનું આયોજન એ વાતની પુષ્ટિ કરે છે કે ભારત હવે ટેકનોલોજીના માધ્યમથી વહીવટી વ્યવસ્થામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે મક્કમ ડગલાં ભરી રહ્યું છે. આ પ્રયાસો આગામી સમયમાં નાગરિકો માટે ઘર આંગણે જ તમામ સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં ગેમ-ચેન્જર સાબિત થશે.

## પ્રાથમિક ક્ષેત્ર ધિરાણથી નાણાકીય સમાવેશ વધશે પણ વિકાસની ગેરંટી નહીં

નવી દિલ્હી : ભારતમાં આર્થિક સમાવેશને વેગ આપવા માટે અમલમાં મૂકવામાં આવેલી 'પ્રાથમિક ક્ષેત્ર ધિરાણ' (Priority Sector Lending - PSL) નીતિ અંગે વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC-PM) દ્વારા એક મહત્વપૂર્ણ અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. પરિષદના મતે, આ નીતિએ દેશમાં ધિરાણ બજારની ખામીઓને દૂર કરવામાં અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. જોકે, અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે માત્ર ધિરાણનું વિસ્તરણ કરવાથી આર્થિક વિકાસની ગેરંટી મળતી નથી.

'પ્રાથમિક ક્ષેત્ર ધિરાણની આર્થિક અસરનું વિશ્લેષણ' શીર્ષક હેઠળના આ કાર્યકારી અહેવાલમાં જણાવાયું છે કે, આ નીતિ છેલ્લા પાંચ દાયકાથી અમલમાં છે અને બેંકોને તેમના કુલ ધિરાણના ઓછામાં ઓછા ૪૦ ટકા હિસ્સો પ્રાથમિક ક્ષેત્રોને આપવાનો આદેશ આપે છે. આ માળખું નાના અને સીમાંત ખેડૂતો, સૂક્ષ્મ ઉદ્યોગો અને સમાજના નબળા વર્ગો સુધી ધિરાણ પહોંચાડવા માટે તૈયાર કરવામાં આવ્યું હતું. અગાઉના અભ્યાસો દર્શાવે છે કે આ નીતિએ ગ્રામીણ ગરીબી ઘટાડવામાં અને કૃષિ ક્ષેત્રે રોકાણ વધારવામાં મદદ કરી છે.

જોકે, આર્થિક સલાહકાર પરિષદે આ પ્રકારની નીતિ સાથે જોડાયેલા જોખમો સામે પણ સભાન કર્યા છે. અહેવાલમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, ધિરાણને બિનકાર્યક્ષમ ક્ષેત્રો તરફ વાળવાથી કુલ ઉત્પાદકતાને નુકસાન થઈ શકે છે. આ ઉપરાંત, સંપત્તિ ડિફોલ્ટના વધતા જોખમો અને ઉચ્ચ સંપત્તિ વ્યવસ્થાપન ખર્ચને કારણે બેંકોની નફાકારકતા પર પણ નકારાત્મક અસર પડી શકે છે.

પરિષદે ૨૦૨૦ થી ૨૦૨૫ દરમિયાન ભારતીય રિઝર્વ બેંકના ડેટાનું વિશ્લેષણ કરીને પ્રાથમિક ક્ષેત્ર ધિરાણની આર્થિક વૃદ્ધિ પરની અસર તપાસી હતી. આર્થિક ગતિવિધિઓને માપવા માટે 'નાઈટ ટાઈમ લ્યુમિનોસિટી' (રાત્રિના સમયે પ્રકાશ) નો ઉપયોગ કરીને કરવામાં આવેલા આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, પ્રાથમિક ક્ષેત્રના ધિરાણમાં વધારો કરવાથી જિલ્લાના કુલ ઉત્પાદન પર બે વર્ષના ગાળામાં કોઈ ખાસ સકારાત્મક અસર પડતી નથી.

## News Brief

### ટેક મહિન્દ્રાનું મારવાડી યુનિવર્સિટી સાથે એમઓયુ, સ્કિલ-બેઝ્ડ એડવાન્સ ટેક એજ્યુકેશનને મળશે પ્રોત્સાહન

રાજકોટ : ટેક મહિન્દ્રાએ મારવાડી યુનિવર્સિટી સાથે એક એમઓયુ કરીને વિદ્યાર્થીઓને નવી ટેક્નોલોજી અને ઈન્ડસ્ટ્રીની બદલાતી જરૂરિયાતોને અનુરૂપ તૈયાર કરવાની દિશામાં એક નવી પહેલ કરી છે. આ સહયોગનો હેતુ ઈન્ડસ્ટ્રી અને શિક્ષણ ક્ષેત્ર વચ્ચે મજબૂત જોડાણ સ્થાપિત કરીને વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે વધુ સક્ષમ અને ઈન્ડસ્ટ્રી-રેડી બનાવવાનો છે. આ એમઓયુ હેઠળ વિદ્યાર્થીઓને નવી અને એડવાન્સ ટેક્નોલોજી જેવી કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડેટા સાયન્સ, સાઈબર સિક્યોરિટી, ડેવઓપ્સ, એસએપી, સેલ્સફોર્સ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT) અને ફુલ સ્ટેક ડેવલપમેન્ટ જેવા ક્ષેત્રોમાં શીખવા અને કાર્ય કરવાની તક મળશે. સાથે સાથે વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસ, ક્રોસ-સ્કિલિંગ, સહયોગ આધારિત શિક્ષણ અને ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે એક સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) સ્થાપિત કરવાની પણ યોજના છે. મારવાડી યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર ડૉ. સંજીત સિંહે જણાવ્યું, "આ સહયોગ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે દેશભરની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ એક્સપીરિએન્શિયલ લર્નિંગ અને ઈન્ડસ્ટ્રી ઈન્ટિગ્રેશન પર વિશેષ ધ્યાન આપી રહી છે. આ ભાગીદારીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીને વાસ્તવિક ટેક્નોલોજી અને પ્રોફેશનલ વાતાવરણ સાથે જોડીને શૈક્ષણિક અભ્યાસ અને ઈન્ડસ્ટ્રીની અપેક્ષાઓ વચ્ચેનું અંતર ઘટાડવાનો છે."

## ગ્રામીણ ભારત માં હવે સરળ બનશે લઘુ ઉદ્યોગ ધિરાણ

# લઘુ ઉદ્યોગ ધિરાણ વધારવા ગ્રામીણ બેંક સાથે સિડબીની ભાગીદારી

## સિડબી ની નવી પહેલ થી રોજગારી માં થશે મોટો વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા 25

દેશના આર્થિક વિકાસના એન્જિન ગણાતા લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વધુ મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક એટલે કે સિડબી દ્વારા ગ્રામીણ બેંકો સાથે મળીને એક નવી સહ-ધિરાણ મોડેલ યોજના તૈયાર કરવામાં આવી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ ભારતના ખૂણે-ખૂણે સુધી સસ્તું અને સરળ ધિરાણ પહોંચાડવાનો છે, જેથી નાના ઉદ્યોગસાહસિકો પોતાની પ્રગતિ સાધી શકે. સંસ્થાના સ્થાપના દિવસના પ્રસંગે આ માહિતી સિડબીના અધ્યક્ષ અને પ્રબંધ નિર્દેશક મનોજ મિત્તલ દ્વારા આપવામાં આવી હતી.આ અભિયાન પાછળનો મુખ્ય વિચાર નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા ગ્રામીણ બેંકોની સમીક્ષા બેઠક દરમિયાન આપવામાં આવેલા નિર્દેશોમાંથી આવ્યો છે. મનોજ મિત્તલે જણાવ્યું હતું કે, આ આખી યોજનામાં ગ્રામીણ બેંકો સાથે જોખમ વહેંચવાની પદ્ધતિ વિકસાવવી, દરેક બેંક માટે અલગ ધિરાણ નીતિઓ તૈયાર કરવી અને ટેકનોલોજી આધારિત પ્લેટફોર્મ બનાવવાનો પડકાર હતો, જે હવે સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયાથી નાના ઉદ્યોગોને ધિરાણ મેળવવામાં આવતી મુશ્કેલીઓ દૂર થશે.

સિડબીએ અત્યાર સુધી ત્રણ ગ્રામીણ બેંકોની કેટલીક શાખાઓ સાથે પાયલોટ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો, જેના પરિણામો ખૂબ જ પ્રોત્સાહક રહ્યા છે. હવે આ મોડેલને દેશભરમાં વિસ્તૃત કરવાની યોજના છે. હાલમાં ૨૩ શાખાઓ સાથે શરૂ કરાયેલ આ પ્રોજેક્ટનો વ્યાપ વધારીને તેને ગ્રામીણ ભારતના દરેક વિસ્તાર સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ ભાગીદારી સિડબીની ધિરાણ ક્ષમતા અને ડિજિટલ નિપુણતાને ગ્રામીણ બેંકોના વિશાળ નેટવર્ક સાથે જોડે છે, જે અંતરિયાળ વિસ્તારોમાં છેલ્લા માઈલ સુધી ધિરાણ પહોંચાડવા માટે ગેમ-ચેન્જર સાબિત થશે.સિડબીએ છેલ્લા બે વર્ષમાં પોતાની કામગીરી અને નેટવર્કમાં મોટો ઉછાળો નોંધાવ્યો છે. સરકારી પ્રોત્સાહન મળ્યા બાદ સંસ્થાએ માર્ચ ૨૦૨૪માં જે ૯૬ શાખાઓ ધરાવતી હતી, તે સંખ્યા માર્ચ ૨૦૨૬ સુધીમાં વધીને ૧૬૬ પર પહોંચી ગઈ છે. આ વિસ્તરણથી સિડબીને ઘણો મોટો સીધો આર્થિક ફાયદો પણ થયો છે. મનોજ મિત્તલના જણાવ્યા અનુસાર, નવી શાખાઓના કારણે આશરે ૪,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો સીધો નાણાકીય વ્યવસાય મળ્યો છે. ખાસ વાત એ છે કે આમાંની ઘણી શાખાઓ ૧૨ મહિનાથી પણ ઓછા સમયમાં બ્રેક-ઈવન પોઈન્ટ (ખર્ચ સામે આવક) સુધી પહોંચવામાં સફળ રહી છે.

## હેલ્થકેર માર્કેટ વિસ્તારવા પાર્ક મેડી વર્લ્ડની ઉત્તરાખંડમાં મોટી ખરીદી

નવી દિલ્હી : ઉત્તર ભારતમાં પોતાના નેટવર્કને વિસ્તારવાની વ્યૂહરચનાના ભાગરૂપે, પાર્ક મેડી વર્લ્ડ લિમિટેડે ઉત્તરાખંડના હેલ્થકેર માર્કેટમાં સત્તાવાર રીતે પ્રવેશ કર્યો છે. કંપનીએ રુદ્રપુરમાં આવેલી 'ધ મેડિસિટી હોસ્પિટલ'ને ખરીદવાનો કરાર કર્યો છે. આ અધિગ્રહણ આશરે ૧૭૭ કરોડ રૂપિયાના સંપૂર્ણ રોકડ વ્યવહાર દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે, જેમાં પાર્ક મેડી વર્લ્ડ હોસ્પિટલની ૧૦૦ ટકા હિસ્સેદારી ખરીદશે.રુદ્રપુરમાં આવેલી આ હોસ્પિટલ કુમાઉં ક્ષેત્રની જાણીતી સુવિધાઓમાંની એક છે. ૩૩૦ બેડની ક્ષમતા ધરાવતી આ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ રાષ્ટ્રીય સ્તરની માન્યતા (એનએબીએચ) પ્રાપ્ત છે. આ હોસ્પિટલ આશરે ૭,૦૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલી છે અને તેનો આવરી લેવાયેલ વિસ્તાર ૧.૬૪ લાખ ચોરસ ફૂટ છે. કંપનીનું માનવું છે કે આ સુવિધા ઉત્તર ભારતમાં તેમના હેલ્થકેર નેટવર્કને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

પાર્ક મેડી વર્લ્ડ લિમિટેડના પ્રબંધ નિર્દેશક અંકિત ગુપ્તાએ આ અધિગ્રહણ અંગે ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "આ સોદો ઉત્તર ભારતમાં અમારું હેલ્થકેર નેટવર્ક બનાવવાના અમારા વ્યૂહાત્મક પ્રવાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે." તેમણે વધુમાં ઉમેર્યું કે કુમાઉં ક્ષેત્રમાં હોસ્પિટલનું ભૌગોલિક સ્થાન અને ત્યાંની પહેલેથી જ મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આ નિર્ણય પાછળના મુખ્ય કારણો છે. કંપની હવે આ સુવિધામાં ક્લિનિકલ સેવાઓને વધુ મજબૂત કરવા અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ વ્યવહારથી કંપનીની નાણાકીય કામગીરીમાં સુધારો થવાની અપેક્ષા છે. હોસ્પિટલમાં બેડના ઉપયોગમાં વધારો, સેવાઓના વિસ્તરણ અને લાંબા ગાળાના એકીકરણ દ્વારા કંપની પોતાની ઉપસ્થિતિ વધુ ગાઢ બનાવશે. આ અધિગ્રહણ સાથે, પાર્ક મેડી વર્લ્ડ હવે છ રાજ્યોમાં પોતાની સેવાઓ પૂરી પાડી રહી છે, જે તેના ઉત્તર ભારતના નેટવર્કને નોંધપાત્ર રીતે મજબૂત બનાવે છે.

## લોગબુકથી એઆઇ-સમર્થિત કેર સુધી: સેમસંગે ભારતમાં કસ્ટમર સર્વિસમાં 30 વર્ષ પૂરા કર્યા

ગુરૂગ્રામ : ભારતની અગ્રણી કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગ એ ભારતમાં પોતાની કસ્ટમર સર્વિસ યાત્રાના 30 વર્ષ પૂર્ણ કર્યા છે. 1990ના દાયકાના મધ્યમાં દિલ્હીમાં એક નાના સર્વિસ ઓપરેશનથી શરૂ થયેલી આ સફર આજે દેશના સૌથી મોટા અને ડિજિટલી કનેક્ટેડ કસ્ટમર કેર ઈકોસિસ્ટમમાં વિકસિત થઈ છે. જ્યારે સર્વિસ સંપૂર્ણપણે એનાલોગ હતી : સેમસંગની કસ્ટમર સર્વિસની સફર ભારતના ટેક્નોલોજીકલ પરિવર્તન સાથે નજીકથી જોડાયેલી રહી છે. હાથથી લખાતી ફરિયાદ રજિસ્ટર, પેજર અને ફિઝિકલ સર્વિસ વિઝિટ્સના યુગથી લઈને આજના AI આધારિત ડાયગ્નોસ્ટિક્સ, કનેક્ટેડ એપ્લાયન્સિસ અને પ્રેડિક્ટિવ કેર સુધીનો આ વિકાસ નોંધપાત્ર રહ્યો છે. માર્ચ 1996માં જ્યારે સેમસંગે ભારતમાં તેનું પ્રથમ સર્વિસ સેન્ટર શરૂ કર્યું, ત્યારે દેશની પરિસ્થિતિ ખૂબ અલગ હતી. તે સમયે ઘરોમાં ટેલિફોન અને ઈન્ટરનેટ સામાન્ય નહોતા અને ગ્રાહકોની ફરિયાદો ઓફિસના ટેબલ પર રહેલી રજિસ્ટરમાં હાથથી નોંધાતી હતી. સેમસંગ ઈન્ડિયાના ડિરેક્ટર - સર્વિસ ઓપરેશન્સ રાજીવ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "તે સમયમાં કસ્ટમર કેર ખરેખર વ્યક્તિગત અનુભવ હતો. ગ્રાહકો સીધા સર્વિસ સેન્ટર પર આવતા કારણ કે ઘરોમાં ટેલિફોન સામાન્ય નહોતા. સર્વિસ રિક્વેસ્ટ હાથથી રજિસ્ટરમાં દાખલ થતી અને એન્જિનિયર્સ લોગબુક, કાગળની ચીઠ્ઠીઓ અને ટૂલકિટ લઈને શહેરોમાં ફરતા હતા." ડિસેમ્બર 1996 સુધીમાં સેમસંગે ભારતમાં 21 સર્વિસ સેન્ટર્સ સુધી વિસ્તરણ કર્યું હતું. 1997માં એન્જિનિયર્સે ગ્રાહકોના એલર્ટ મેળવવા માટે પેજરનો ઉપયોગ શરૂ કર્યો હતો, જે તે સમય માટે મહત્વપૂર્ણ ટેક્નોલોજીકલ સુધારો હતો. વિશ્વાસનું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર :

ભારતમાં કન્ઝ્યુમર ટેક્નોલોજી માર્કેટ ઝડપથી વિકસતા સેમસંગે પોતાની કસ્ટમર સપોર્ટ ઈકોસિસ્ટમને સતત વિસ્તારી. 1990ના અંતિમ વર્ષોમાં દેશભરમાં ફ્રેન્ચાઈઝી સર્વિસ સેન્ટર્સ વધ્યા, જ્યારે 2003માં દિલ્હીના નેહરુ પ્લેસ ખાતે સેમસંગનું પ્રથમ ઈન-હાઉસ કોલ સેન્ટર અને ટોલ-ફ્રી કસ્ટમર સપોર્ટ નંબર શરૂ કરવામાં આવ્યો. આગામી બે દાયકાઓમાં સેમસંગે કસ્ટમર સર્વિસને માત્ર રિએક્ટિવ સપોર્ટમાંથી આગળ વધારી ટેક્નોલોજી આધારિત સંપૂર્ણ કસ્ટમર એક્સપીરિયન્સ ઈકોસિસ્ટમમાં પરિવર્તિત કરી. આજે સેમસંગ ભારતમાં 3,000થી વધુ સર્વિસ ટચપોઈન્ટ્સ, 12,500થી વધુ ટ્રેઈન્ડ એન્જિનિયર્સ અને દેશભરમાં 16 સ્ટ્રેટેજિક પાર્ટ્સ વેરહાઉસ સાથે દેશના સૌથી મોટા કસ્ટમર સર્વિસ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાંનું એક સંચાલિત કરે છે.

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે બિહાર હવે બનશે ભારતનું નવું કેન્દ્ર

પટના : બિહાર હવે પરંપરાગત ઓળખને પાછળ છોડીને આધુનિક ટેકનોલોજીના માર્ગે અગ્રેસર થઈ રહ્યું છે. તાજેતરમાં આયોજિત 'બિહાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમિટ ૨૦૨૬' એ સાબિત કરી દીધું છે કે રાજ્ય હવે ભારતની ડિજિટલ ક્રાંતિનું નેતૃત્વ કરવા માટે સજ્જ છે. આ સમિટમાં ગવર્નન્સ, આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને ફાઈનાન્સ જેવા ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની બદલાતી ભૂમિકા પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નીતિ નિર્ધારકો, ટેકનોલોજીના દિગ્ગજો, ઉદ્યોગ સાહસિકો અને યુવા સંશોધકોએ સાથે મળીને બિહારના ઉજ્જવળ ભવિષ્ય માટે નવી દિશા નક્કી કરી છે. સાઈબરપીસના સ્થાપક અને ગ્લોબલ પ્રેસિડેન્ટ મેજર વિનીત કુમારે આ સમિટમાં ખૂબ જ પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "બિહાર ઔદ્યોગિક ક્રાંતિ ચૂકી ગયું હતું, પરંતુ હવે તેણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે બૌદ્ધિક ક્રાંતિનું નેતૃત્વ કરવું જ પડશે." તેમનું માનવું છે કે બિહાર પાસે યુવાનોના રૂપમાં વિશ્વની સૌથી મોટી વણખેડાયેલી સંપત્તિ છે. આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો યુગ ભૌગોલિક સીમાઓથી નહીં, પરંતુ પ્રતિભા, અનુકૂલનક્ષમતા અને નવીનતાથી વ્યાખ્યાયિત થશે. બિહાર હવે સાયબર અપરાધોના સમાચારથી ઉપર ઉઠીને ટેકનોલોજી અને નવીનતાના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

સમિટમાં એક મહત્વની ચર્ચા વર્નાક્યુલર એટલે કે પ્રાદેશિક ભાષામાં ઉપલબ્ધ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશે કરવામાં આવી હતી. હિન્દી, ભોજપુરી અને મૈથિલી જેવી સ્થાનિક ભાષાઓમાં તકનીકી ઉકેલો વિકસાવવાથી રાજ્યના સામાન્ય નાગરિકો પણ આ ડિજિટલ ક્રાંતિનો હિસ્સો બની શકશે. મેજર વિનીત કુમારે ભારપૂર્વક કહ્યું હતું કે, આવનારા સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આગામી એક અબજ વપરાશકર્તાઓ વિવિધ ભાષાકીય અને પ્રાદેશિક પૃષ્ઠભૂમિમાંથી આવશે. જે રાજ્યો આવી સર્વસમાવેશક અને સ્થાનિક રીતે સુસંગત ઈકોસિસ્ટમ બનાવશે, તે ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

મીડિયા અહેવાલ મુજબ, આ સમિટમાં કૃષિ ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. ગ્રામીણ સ્તરે નવીનતા લાવવા માટે ડિજિટલ ઈકોસિસ્ટમ કેવી રીતે ઊભી કરી શકાય તે અંગે મનોમંથન થયું હતું. કૃષિ ઉપરાંત ગવર્નન્સ અને સાયબર સુરક્ષામાં પણ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને બિહાર પોતાની છબી બદલી શકે છે.

# ઇંધણના ભાવમાં વધારો ક્રૂડ ઓઈલના ઉછાળા સામે એક જરૂરી પગલું



નવી દિલ્હી : પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા લાંબા સમયના ભૌગોલિક તણાવ અને વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના વધતા ભાવને પગલે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તાજેતરમાં થયેલો વધારો અનિવાર્ય બન્યો હતો. સરકારી ઓઈલ કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) પર સતત વધી રહેલા આર્થિક દબાણને કારણે આ નિર્ણય લેવો પડ્યો છે.ઓએનજીસીના નિર્દેશક (એક્સપ્લોરેશન) સુષ્મા રાવતે સ્પષ્ટતા કરી હતી કે સરકારે અત્યાર સુધી ગ્રાહકોને વૈશ્વિક ઉર્જા ભાવના ઉછાળાથી બચાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "સરકારે લોકોને ૭૬ દિવસ સુધી રાહત આપી હતી, જે દરમિયાન ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો ન હતો. પરંતુ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દરરોજ લગભગ ૧,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન સહન કરી રહી હતી. આ સ્થિતિ ક્યાં સુધી ટકાવી શકાય?" રાવતે આ ભાવ વધારાને મુશ્કેલ સમયમાં 'કમર કસીને ચાલવા' (belt tightening) સમાન ગણાવ્યો હતો. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ભૂતપૂર્વ માર્કેટિંગ નિર્દેશક સુખમલ કુમાર જૈને જણાવ્યું હતું કે, ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા પ્રચંડ વધારા અને યુએસ ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનને કારણે જાહેર ક્ષેત્રની ઓઈલ કંપનીઓ ભારે નાણાકીય દબાણ હેઠળ છે. સંઘર્ષના સમયગાળા દરમિયાન ક્રૂડ ઓઈલના ભાવ ૬૫-૭૦ ડોલર પ્રતિ બેરલથી વધીને ૧૧૦-૧૧૫ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા હતા.

## યમુના એક્સપ્રેસવે માં ઔદ્યોગિક રોકાણથી વિકાસ

લખનૌ : ઉત્તર પ્રદેશ હવે દેશના સૌથી મોટા ઔદ્યોગિક અને રોકાણના કેન્દ્રોમાંથી એક તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે. યમુના એક્સપ્રેસવે ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટી (YEIDA) ક્ષેત્રમાં ૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના નવા રોકાણની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ્સ સૌર ઉર્જા, ઈલેક્ટ્રોનિક્સ, માહિતી ટેકનોલોજી, રેલ્વે અને વસ્ત્ર ઉત્પાદન જેવા વિવિધ ક્ષેત્રોમાં ફેલાયેલા છે, જેનાથી રાજ્યના ૧૨,૦૦૦ થી વધુ યુવાનોને રોજગારીની નવી તકો મળશે.મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૧૭ કંપનીઓને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે ફાળવણી પત્રો સોંપ્યા છે. ઉત્તર પ્રદેશ માહિતી અને જનસંપર્ક વિભાગ (DIPR) દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, આ રોકાણો રાજ્યમાં નવી ઔદ્યોગિક ગતિ લાવશે. આ પ્રોજેક્ટ્સ એ વાતનો પુરાવો છે કે ઉત્તર પ્રદેશ હવે માત્ર કૃષિ આધારિત અર્થતંત્ર નથી રહ્યું, પરંતુ ગ્રીન એનર્જી, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને આધુનિક ઉદ્યોગોનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે.આ ઔદ્યોગિક રોકાણના પ્રસ્તાવમાં સૌથી મોટું નામ આરપી-સંજીવ ગોયન્કા ગ્રુપની સીઈએસસી ગ્રીન પાવર લિમિટેડનું છે. કંપની ૧૦૦ એકર જમીન પર ૩ ગીગાવોટની સોલાર સેલ અને મોડ્યુલ ઉત્પાદન એકમ સ્થાપવા માટે ૩,૮૦૫ કરોડ રૂપિયાનું રોકાણ કરશે, જેનાથી આશરે ૫,૦૦૦ લોકોને રોજગારી મળશે. આ ઉપરાંત, ઈન્ટિગ્રેટેડ બેટરીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ ૧,૧૪૬ કરોડ રૂપિયાના રોકાણ સાથે ૪ ગીગાવોટનું સોલાર પીવી સેલ મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપશે.માહિતી ટેકનોલોજી ક્ષેત્રે પણ અનેક કંપનીઓએ રોકાણ કરવાની તૈયારી દર્શાવી છે. આર્સેનલ ઈન્ફોસોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ, વર્ચ્યુઅલ એમ્પ્લોયી પ્રાઈવેટ લિમિટેડ અને અમાડેસ ઈન્ડિયા જેવી કંપનીઓ આઈટી પ્રોજેક્ટ્સમાં રોકાણ કરશે, જે હજારો યુવાનો માટે રોજગાર સર્જન કરશે.

## ડીપી વર્લ્ડનું મુન્દ્રા ટર્મિનલ 2035 સુધીમાં

# ભારતના GDPમાં $9.2 બિલિયનનું યોગદાન આપી શકે છે

મુન્દ્રા : ઓક્સફર્ડ ઈકોનોમિક્સના નવા સંશોધનમાં 2024માં મુન્દ્રા ટર્મિનલના GDPમાં $128.9 મિલિયનના યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં 2035 સુધીમાં વધારાની નિકાસ $6.4 બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે. ગુજરાત, ભારત, 25 મે, 2026: એક નવા સ્વતંત્ર અભ્યાસમાં ભારતમાં વેપારને પ્રોત્સાહન આપવા, આર્થિક મૂલ્ય બનાવવા અને આર્થિક તકોને ટેકો આપવા માટે મુન્દ્રા ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ (MICT) ના યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.2003 માં બિન-મુખ્ય બંદર પર ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ કન્ટેનર ટર્મિનલ તરીકે શરૂ કરાયેલ, MICT કન્ટેનરાઈઝ્ડ વેપાર માટે એક મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર તરીકે ઉભરી આવ્યું છે. ટર્મિનલે અત્યાર સુધીમાં 19 મિલિયનથી વધુ કન્ટેનરનું સંચાલન કર્યું છે, જેમાં 2024 માં 1.4 મિલિયન TEUનો સમાવેશ થાય છે. આ ક્ષમતા સાથે, ટર્મિનલ પશ્ચિમ અને ઉત્તર ભારતમાં મુખ્ય ઔદ્યોગિક અને વપરાશ કેન્દ્રોને સેવા આપે છે.આજે, MICT ભારતને 73 વૈશ્વિક બંદરો સાથે જોડે છે અને 19,200 TEUs સુધીના અલ્ટ્રા-લાર્જ કન્ટેનર જહાજોનું સંચાલન કરે છે. તે ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને દિલ્હીમાં મલ્ટિમોડલ રેલ કનેક્ટિવિટી દ્વારા સમર્થિત છે. ટર્મિનલે સપ્લાય ચેઈન કાર્યક્ષમતામાં વધારો કર્યો છે અને ભારતીય વ્યવસાયોને વૈશ્વિક બજારોમાં અસરકારક રીતે સ્પર્ધા કરવા સક્ષમ બનાવ્યા છે.ઓક્સફર્ડ ઈકોનોમિક્સના સંશોધનમાં ભારતના વેપાર ઈકોસિસ્ટમ અને પ્રાદેશિક અર્થતંત્રમાં MICT ના પ્રચંડ યોગદાન પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

## વૈશ્વિક અસ્થિરતા | ભૌગોલિક પડકારો વચ્ચે ગેઈલ નાણાકીય પરિણામ

# વૈશ્વિક ભૌગોલિક પડકારો વચ્ચે ગેઈલ ચોખ્ખો નફો ૬,૯૬૮ કરોડ થયો

(એજન્સી) નવી દિલ્હી | તા 25

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા ભૌગોલિક તણાવ અને જટિલ આર્થિક પરિસ્થિતિઓ વચ્ચે ગેઈલ ઈન્ડિયા લિમિટેડે વર્ષ ૨૦૨૫-૨૬ માટેના તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. કંપનીનો એકીકૃત ચોખ્ખો નફો ૬,૯૬૮ કરોડ રૂપિયા નોંધાયો છે. રશિયા-યુક્રેન સંઘર્ષ અને પશ્ચિમ એશિયામાં સર્જાયેલી અસ્થિરતા જેવી વૈશ્વિક અડચણો હોવા છતાં, કંપનીએ તેની કામગીરીમાં સ્થિતિસ્થાપકતા જાળવી રાખી છે.કંપનીના અહેવાલ મુજબ, ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ગેઈલની કામગીરીમાંથી થતી આવક ૧,૩૮,૬૯૭ કરોડ રૂપિયા રહી છે, જે પાછલા વર્ષની ૧,૩૭,૨૮૮ કરોડની આવકની સરખામણીએ થોડી વધુ છે. જોકે, વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે કંપનીના ચોખ્ખા નફામાં ગયા વર્ષના ૧૧,૩૧૨ કરોડની સરખામણીએ આશરે ૩૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. કંપનીનું પ્રોફિટ બિફોર ટેક્સ એટલે કે કર પૂર્વેનો નફો ૮,૯૬૪ કરોડ રૂપિયા રહ્યો છે, જે અગાઉના વર્ષમાં ૧૪,૮૨૫ કરોડ રૂપિયા હતો.

ગેઈલના અધ્યક્ષ અને પ્રબંધ નિર્દેશક દીપક ગુપ્તાએ જણાવ્યું હતું કે, "આ વર્ષ પડકારજનક અને જટિલ વૈશ્વિક પૃષ્ઠભૂમિથી ભરેલું હતું. વર્ષની શરૂઆતમાં રશિયા-યુક્રેન સંઘર્ષ અને ત્યારબાદ પશ્ચિમ એશિયાની કટોકટીએ વૈશ્વિક બજારને પ્રભાવિત કર્યું છે. આ પડકારો હોવા છતાં, સરકારના સમયસરના નીતિગત હસ્તક્ષેપને કારણે ગેઈલે પ્રશંસનીય ઓપરેશનલ અને નાણાકીય પ્રદર્શન જાળવી રાખ્યું છે."મુશ્કેલ બજાર પરિસ્થિતિઓમાં પણ કંપનીએ પોતાની કામગીરી ચાલુ રાખવા અને ખર્ચ પર નિયંત્રણ રાખવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દીપક ગુપ્તાએ માહિતી આપી હતી કે કંપનીએ આ વર્ષે આશરે ૨,૦૦૦ કિમીનું પાઈપલાઈન નેટવર્ક ઉમેર્યું છે અને ૪.૬ મિલિયન મેટ્રિક ટન પ્રતિ વર્ષની અત્યાર સુધીની સૌથી વધુ એલપીજી ટ્રાન્સમિશનની ક્ષમતા હાંસલ કરી છે. આ ઉપરાંત, જામનગર-લોની એલપીજી પાઈપલાઈનની ક્ષમતા બમણી કરીને ૬.૫ મિલિયન મેટ્રિક ટન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.કંપનીએ માત્ર ગેસ ક્ષેત્રે જ નહીં, પરંતુ નવીનીકરણીય ઉર્જા (Renewable Energy) ક્ષેત્રે પણ પગલાં વધાર્યા છે. બોર્ડે લગભગ ૭૦૦ મેગાવોટ સૌર ઉર્જા અને ૧૭૮ મેગાવોટ પવન ઉર્જા પ્રોજેક્ટ્સ તેમજ ૬ સીબીજી પ્લાન્ટ્સ માટે રોકાણને મંજૂરી આપી છે. આ પહેલ ગેઈલની ટકાઉક્ષમતા અને લાંબા ગાળાના મૂલ્ય નિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વર્ષના છેલ્લા ત્રણ મહિનામાં મુખ્ય સૂચકાંકોમાં ક્રમિક ઘટાડો જોવા મળ્યો છે. ચોથા ત્રિમાસિક ગાળામાં એકલ ચોખ્ખો નફો ૧,૨૬૨ કરોડ રૂપિયા રહ્યો છે, જે ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૧,૬૦૩ કરોડ હતો. નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન કંપનીએ પાઈપલાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પેટ્રોકેમિકલ પ્રોજેક્ટ્સ પાછળ ૯,૫૯૪ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ કર્યું છે. પ્રાકૃતિક ગેસના ટ્રાન્સમિશનમાં અને માર્કેટિંગમાં પણ કંપનીએ વૈશ્વિક પડકારો વચ્ચે સ્થિરતા જાળવી રાખી છે, જે કંપનીની મજબૂત પાયાની કામગીરી સાબિત કરે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 10

# ભારતીયો દર વર્ષે માત્ર ટ્રાફિકમાં 3.50 લાખ કરોડના પેટ્રોલ-ડીઝલનો ધુમાડો કરે છે!

ભારતીયો દ્વારા અંદાજે દર વર્ષે 3.45 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલનો વ્યય માત્ર ટ્રાફિકના કારણે કરવામાં આવે છે. તેમાંય ભારતના ચાર મોટા મહાનગરો જેવા કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગ્લુરૂ દ્વારા તેમાંથી મોટાપાયે વ્યય કરવામાં આવે છે. આ ચાર મહાનગરો દ્વારા વર્ષે 1.50 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલનો ધુમાડો માત્ર ટ્રાફિકમાં કરવામાં આવે છે : બેંગ્લોરમાં ટ્રાફિક જામની સમસ્યા સૌથી ખરાબ છે. બેંગ્લોરમાં સામાન્ય માણસો દર વર્ષે અંદાજે 19000 કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફુંકી મારે છે. તેવી જ રીતે પુણેમાં પણ આવી જ સમસ્યા છે. અહીંયા લોકો દર વર્ષે અંદાજે 17,000 કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલને ધુમાડો કરે છે. કોલકાતામાં પણ વર્ષે અંદાજે 15,500 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ થાય છે. મુંબઈમાં પણ અંદાજે 14,500 કરોડ રૂપિયા જ્યારે દિલ્હીમાં અંદાજે 12,000 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વેડફાટ થઈ જાય છેભારતમાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગે બુમરાણ ચાલી રહી છે. દેશના અનેક જિલ્લાઓમાં તો અછત વર્તાવા લાગી છે જ્યારે કેટલાક જિલ્લાઓમાં લોકો પેટ્રોલ અને ડીઝલ સ્ટોર કરવા લાગ્યાની વાતો પણ ફેલાઈ છે. આ દરમિયાન કેટલાક અહેવાલ સામે આવ્યા છે જે પણ ચિંતાજનક છે. ભારતીયો માત્ર વાહનો ચલાવવા દરમિયાન જ નહીં પણ ટ્રાફિકમાં પણ અધધ રૂપિયાનું પેટ્રોલ અને ડીઝલ ઉડાવી દે છે. તાજેતરમાં નેધરલેન્ડની એક જાણીતી લોકેશન ટેક્નોલોજી અને ડિજિટલ નેવિગેશન કંપની ટોમટોમ દ્વારા ભારતીયો દ્વારા વાહનોના વપરાશ અને અન્ય બાબતે એક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પીક અવર્સમાં અને સામાન્ય સ્થિતિમાં જ્યારે રસ્તા ખાલી હોય તો તમે 15 મિનિટમાં તમારા ઘરથી કેટલા દૂર પહોંચી શકો છો તેનો પણ અભ્યાસ કર્યો હતો.આ કંપની દ્વારા જે ડેટા આપવામાં આવ્યો છે તે જોતાં એમ લાગે છે કે, ખરેખર ભારતીયોએ પોતાના વાહનો ચલાવવાની આદત, સરકારે પોતાના આયોજનો અને અન્ય બાબતો ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. સરકાર માત્ર લોકોને કાર પુલિંગ કરવાનું કહે કે પછી વર્કફ્રોમ હોમ અથવા તો જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું કહે તેનાથી જવાબદારી પૂરી થઈ જતી નથી. સરકાર અને પ્રજાની સહિયારી ભાગીદારી દ્વારા જ આ કામગીરી પાર પડે તેમ છે. કંપની દ્વારા દુનિયાભરની ગાડીઓ, સ્માર્ટફોન, જીપીએસ ડિવાઈસ અને રિયલ ટાઈમ ટ્રાફિક ડેટા ભેગા કરીને અભ્યાસ કરવામાં આવે છે. ભારતમાં પણ આ તમામ વિગતો લઈને અભ્યાસ કરાયો જેના પરિમાણ આઘાતજનક છે. તેમાં જણાવાયું છે કે, ભારતમાં દર વર્ષે લોકો ટ્રાફિકજામમાં અટવાઈને અંદાજે 3.50 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફુંકી મારે છે. તાજેતરમાં આવેલો અહેવાલ જણાવે છે કે, ભારતીયો દ્વારા અંદાજે દર વર્ષે 3.45 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલ અને ડીઝલનો વ્યય માત્ર ટ્રાફિકના કારણે કરવામાં આવે છે. તેમાંય ભારતના ચાર મોટા મહાનગરો જેવા કે દિલ્હી, મુંબઈ, કોલકાતા અને બેંગ્લુરૂ દ્વારા તેમાંથી મોટાપાયે વ્યય કરવામાં આવે છે. આ ચાર મહાનગરો દ્વારા વર્ષે 1.50 લાખ કરોડ રૂપિયાના પેટ્રોલનો ધુમાડો માત્ર ટ્રાફિકમાં કરવામાં આવે છે. અહેવાલો જણાવે છે કે, ભારતીયો દ્વારા દરરોજ ટ્રાફિકમાં 960 કરોડ રૂપિયાના ફ્યૂઅલનો વ્યય કરવામાં આવે છે. તેમાંથી લગભગ ચાલીસ ટકા એટલે કે અંદાજે 400 કરોડ રૂપિયાનો વ્યય આ ચાર મોટા શહેરોમાં થાય છે.અભ્યાસમાં જણાવાયું છે કે, ભારતીયો દ્વારા દર વર્ષે ટ્રાફિક જામ જેવી સમસ્યાઓના કારણે 34.6 અબજ લિટર ફ્યૂઅલ વેડફવામાં આવે છે. ટ્રાફિક ઈન્ડેક્સ જણાવે છે કે, બેંગ્લુરૂ અને દિલ્હી જેવા મોટા શહેરોમાં ઓફિસ જવા અને આવવા દરમિયાન લોકો ટ્રાફિકમાં ફસાય છે અને તેના કારણે દર મહિને તેઓ 20 થી 25 લિટર ફ્યૂઅલ વધારે વાપરે છે. તેમના ખિસ્સા ઉપર તેટલો વધારો ખર્ચ પડે છે. તેઓ ધીમે ધીમે જવા દરમિયાન અથવા તો સિગ્નલે ઊભા રહેવા દરમિયાન આ પેટ્રોલ વેડફી કાઢે છે.બેંગ્લોરમાં ટ્રાફિક જામની સમસ્યા સૌથી ખરાબ છે. ત્યાંના લોકો તેના કારણે અત્યંત પરેશાન પણ છે. તેઓ પેટ્રોલ અને ડીઝલનો સૌથી વધારે વેડફાટ કરી જાય છે. ત્યાં 10 કિ.મીની યાત્રામાં 45 રૂપિયાનું પેટ્રોલ તો માત્ર ટ્રાફિકના કારણે વપરાઈ જાય છે. તેના પગલે એવું બને છે કે, બેંગ્લોરમાં સામાન્ય માણસો દર વર્ષે અંદાજે 19000 કરોડ રૂપિયાના પેટ્રોલ-ડીઝલ ફુંકી મારે છે. તેવી જ રીતે પુણેમાં પણ આવી જ સમસ્યા છે. અહીંયા લોકો દર 10 કિ.મીએ 40 રૂપિયાનું ફ્યૂઅલ વેડફે છે.

# અધિક જેઠ માસ' 'પુરુષોત્તમ માસ' જેઠ સુદ નોમ નિમિતે શ્રીકષ્ટભંજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા સાથે સિંહાસને મોતીનો દિવ્ય શણગાર સાથે ડ્રાયફ્રૂટનો અન્નકૂટ ધરાવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ



સાળંગપુર તા.૨૫ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ આયોજીત અધિક જેઠ માસ' 'પુરુષોત્તમ માસ' નિમિતે અધિક માસમાં મારા દાદાને અધિક શણગાર ની સેવા અંતર્ગત આજે (જેઠ સુદ નોમ-રામનવમી) નિમિત્તે તા.24-05-2026, રવિવારના રોજ પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી અને કોઠારી શ્રી વિવેકસાગર દાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રીકષ્ટભંજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા સાથે સિંહાસને મોતીનો દિવ્ય શણગાર સાથે ડ્રાયફ્રૂટનો અન્નકૂટ ધરાવામાં આવ્યો. શ્રીકષ્ટભંજનદેવ દાદાને વ્હાઈટ મોતીના કલાત્મક વાઘા સાથે સિંહાસને મોતીનો દિવ્ય શણગાર સાથે ડ્રાયફ્રૂટનો અન્નકૂટ ધરાવામાં આવ્યો. સવારે 05:45 કલાકે પૂજારી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. દાદાના દિવ્ય શણગાર એવં આરતી દર્શન અને મહાપ્રસાદ નો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. મંદિરના પટાંગણમાં પવિત્ર અધિકમાસ નિમિત્તે પારિવારિક શાંતિ માટે શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન તા.17 મે થી 15 જૂન 2026 સુધી સવારે 9 થી 12 અને સાંજે 3 થી 6:30 દરમિયાન કરવામાં આવ્યું છે.આજે મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.બપોરે શ્રીહરિ મંદિરમાં ઠાકોરજીની આરતી કરવામાં આવશે.

## બહાદરપુર પંચાયત ખાતે જનજાતિ ગરિમા ઉત્સવ 2026 અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જનભાગીદારી અભિયાન હેઠળ યોજાયો હતો



કમલેશ પટેલ. સંખેડા

કાર્યક્રમમાં સંખેડા તાલુકાના ધારાસભ્ય અભયસિંહભાઈ તડવી, ઈન્ચાર્જ મામલતદાર ગોહિલ સાહેબ અને તાલુકા વિકાસ અધિકારી સાહેબ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી આપી હતી.કુલ 33 ગામના લાભાર્થીઓને વિવિધ યોજનાઓ, દાખલાઓ અને વિધવા સહાય જેવી સમાજ સુરક્ષા યોજનાઓ વિશે જાણકારી પૂરી પાડવામાં આવી હતી.આ જનભાગીદારી અભિયાન અંતર્ગત બહાદરપુર ગ્રામ પંચાયત ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા દીપક એક્સ-રે નિદાન વાન સાથે એક્સ-રે કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વનરેબલ પોપ્યુલેશનનું સ્કેનિંગ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ અને કેમ્પમાં ટી.એચ.ઓ. વિકાસ રંજન, એસ.ટી.એસ. પારુલબેન ચાવડા, એસ.ટી.એલ.એસ. ઓમ પ્રકાશ, મેડિકલ ઓફિસર ડૉ. કુશ, સી.એચ.ઓ. શુક્લ સોનલબેન, પંચોલી વિશાલ, એમ.પી.એચ.ડબલ્યુ. રાણા અક્કુભાઈ અને વિશાલભાઈ તેમજ આશા બહેનો સહિતનો સ્ટાફ હાજર રહ્યો હતો. કુલ 501 જેટલા લાભાર્થીઓએ આ જનભાગીદારી અભિયાન અને એક્સ-રે નિદાન વાનનો લાભ લીધો હતો.

## જિલ્લા પંચાયત પર પ્રથમવાર AAPનો ઐતિહાસિક કબ્જો, પ્રમુખ તરીકે અંજનાબેન વસાવા અને સંગીતાબેન તડવી ઉપપ્રમુખ બન્યા.

રાજપીપલા | નર્મદા જિલ્લા પંચાયત ની સામાન્ય ચૂંટણી બાદ આજે કલેકટર નર્મદા ના અધ્યક્ષસ્થાને મળેલી પ્રથમ બોર્ડ મિટિંગ માં પ્રમુખ અને ઉપપ્રમુખ ની વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે ડેડીયાપાડા ની સામોટ બેઠક ના વિજેતા અંજનાબેન વસાવા તથા ઉપપ્રમુખ તરીકે ગરુડેશ્વર તાલુકા ના વિજેતા સંગીતાબેન તડવી ની નિમણુંક કરવામાં આવી હતી . પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા જિલ્લા પંચાયત માં બહુમતી મેળવ્યા બાદ આજે પ્રમુખ ઉપપ્રમુખ ની વરણી કરવામાં આવી હતી . જેમાં પ્રમુખ તરીકે અંજનાબેન વસાવા તથા ઉપપ્રમુખ તરીકે સંગીતાબેન તડવી ની નિમણુંક કરવામાં આવી હતી .

# સંખેડાના ઇન્ચાર્જ મામલતદાર હિતેન્દ્ર ગોહિલે આજરોજ હાંડોદ ચોકડી ખાતે ટ્રાફિક ડ્રાઇવનું આયોજન કર્યું હતું

કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના ઈન્ચાર્જ મામલતદાર હિતેન્દ્ર ગોહિલે આજરોજ હાંડોદ ચોકડી ખાતે ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કર્યું હતું. આ ડ્રાઈવ અંતર્ગત ટ્રાફિકને અડચણરૂપ દબાણો હટાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મામલતદાર ગોહિલે પંચાયતના તલાટી અને સેવાસદન સ્ટાફ સાથે હાંડોદ ચોકડી પરના પથારાવાળા, લારી-ગલ્લાવાળા અને દબાણ કરનાર દુકાનદારોને તાત્કાલિક દબાણ હટાવવા માટે સાંજે 4 વાગ્યા સુધીનું અલ્ટીમેટમ આપ્યું હતું.હિતેન્દ્ર ગોહિલે જણાવ્યું હતું કે, જો સાંજે 4 વાગ્યા સુધીમાં નડતરરૂપ દબાણ કરેલા લારી-ગલ્લા નહીં ખસેડાય તો જેસીબી દ્વારા તેને જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત, કાયદાકીય કાર્યવાહી કરીને દંડ પણ



વસૂલવામાં આવશે.આ ડ્રાઈવને કારણે દબાણ કરતા વેપારીઓમાં ચિંતા જોવા મળી હતી. ગામના લોકોએ ઈન્ચાર્જ મામલતદારની આ કામગીરીને સરાહનીય ગણાવી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકીય કાવાદાવા ઓમાં ત્રણેય તાલુકા પંચાયતોમાં સત્તાનો રસાકસીભર્યો ખેલ.

ડાંગ | ડાંગ જિલ્લાની ત્રણેય તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી દરમિયાન રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો હતો.આહવા અને વઘઈ તાલુકા પંચાયતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સમાન મતો થતા ટાઈની સ્થિતિ સર્જાઈ હતી,જેના કારણે ચૂંટણી અધિકારીએ ચિઠ્ઠી ઉછાળી વિજેતાઓ નક્કી કર્યા હતા.જ્યારે સુબિર તાલુકા પંચાયતમાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે પ્રમુખ અને ઉપપ્રમુખ એમ બન્ને પદો કબ્જે કરી પોતાની મજબૂત રાજકીય પકડ સાબિત કરી હતી.જેમાં આહવા તાલુકા પંચાયતમાં હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો.આહવા તાલુકા પંચાયતમાં કોંગ્રેસની બહુમતી હોવા છતા અંતિમ ક્ષણે રાજકીય પલટો જોવા મળ્યો હતો.અને જેના પગલે ચિઠ્ઠીથી પ્રમુખ અને ઉપપ્રમુખ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.આહવા તાલુકા પંચાયત ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પહેલાં તાલુકા પંચાયત કચેરી બહાર ભારે રાજકીય ઘમાસાણ જોવા મળ્યુ હતુ.ભાજપ અને કોંગ્રેસનાં કાર્યકરો આમને-સામને આવી જતા હોબાળો મચ્યો હતો અને સમગ્ર



વાતાવરણ તંગ બન્યું હતુ.આહવા તાલુકા પંચાયતની કુલ 16 બેઠકોમાંથી કોંગ્રેસે 09 બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી મેળવી હતી, જ્યારે ભાજપે 07 બેઠકો મેળવી હતી. જોકે અંતિમ ઘડીએ ભાજપે રાજકીય ચાલ ચલતા કોંગ્રેસના ડોન બેઠક વિસ્તારની સભ્ય કાજલબેન ચૌર્યાને પોતાના સમર્થનમાં લઈ ભાજપાનાં 07 સભ્યોનો ટેકો જાહેર કરતા ભાજપા અને કૉંગ્રેસનું સંખ્યાબળ 08-08 પર આવી પહોંચ્યુ હતુ.જેથી અહી ટાઈની સ્થિતિ સર્જાતા ચૂંટણી અધિકારીએ ચિઠ્ઠી ઉછાળી નિર્ણય કર્યો હતો.જેમાં પ્રમુખ પદ માટે કોંગ્રેસનાં વિણાબેન જયરામભાઈ ગાંગુર્ડેની પસંદગી થઈ હતી, જ્યારે ઉપપ્રમુખ પદ ભાજપના ભુપેશભાઈ લક્ષ્મણભાઈ પવારને વિજેતા જાહેર કર્યા હતા.જ્યારે વઘઈ તાલુકા પંચાયતમાં પણ ટક્કર બરાબરીની જામી હતી.અહી વઘઈ તાલુકા પંચાયતમાં ચિઠ્ઠીનાં નસીબે ભાજપને પ્રમુખ અને કોંગ્રેસને ઉપપ્રમુખ પદ મળ્યુ હતુ.

## ડૉ. કિશોર વાળાના ચાર પુસ્તક કુલપતિને અર્પણ

# લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના વારસાને જીવંત રાખવામાં સાહિત્યકારોનું મહત્વપૂર્ણ યોગદાન : ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ

જગદીશ પી દવે | દેશલપર (ગું)

જૂનાગઢ સ્થિત ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વ્યાખ્યાતા અને સાહિત્યકાર ડૉ. કિશોર વાળાએ પોતાના ચાર પ્રકાશિત પુસ્તકો યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણને અર્પણ કર્યા હતા. આ પ્રસંગે સાહિત્ય અને લોકસંસ્કૃતિ અંગે મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી.ડૉ. કિશોર વાળાએ અર્પણ કરેલ પુસ્તકોમાં "ગુજરાત ફર્સ્ટ, જૂનાગઢ નેત્રમ" નામક લઘુકથાસંગ્રહનો સમાવેશ થાય છે, જેમાં જૂનાગઢ નેત્રમ વિભાગની કામગીરીને બિરદાવતી તથા સત્યઘટનાઓ આધારિત એકાવન જેટલી લઘુકથાઓ સમાવાઈ છે. "સાગર કાંઠાની લોકકથાઓ" પુસ્તક માટે તેમણે સાગરકાંઠાના વિસ્તારોનો પ્રવાસ કરીને લોકજીવન આધારિત સાહિત્ય સર્જન કર્યું છે. આ કૃતિ માટે ડૉ. બલરામ ચાવડા અને ડૉ. વીરભાણસિંહ પરમારનું માર્ગદર્શન અને પ્રોત્સાહન મળ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. ઉપરાંત "પ્રયાસ" તેમનો કાવ્યસંગ્રહ છે જ્યારે "સૌરાષ્ટ્રનાં જોડકણાં" તેમનું લેખન-સંપાદન કાર્ય છે.આ પુસ્તકોની પ્રસ્તાવના લખવા બદલ ડૉ. કિશોર વાળાએ ડૉ. બલરામ ચાવડા, ડૉ. વિશાલ જોષી, પ્રતીક મશરૂ, ડૉ. પ્રવીણ કુકડિયા અને ડૉ. વાસવદત્તા નાયક દીવાનીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.આ અવસરે કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણે ડૉ. કિશોર વાળાની સર્જનયાત્રાને બિરદાવતાં જણાવ્યું હતું કે સાહિત્યકારોએ સૌરાષ્ટ્રની લોકપરંપરા, લોકસંસ્કૃતિ, લોકભાષા અને લોકસાહિત્યના વારસાને જીવંત રાખવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. "સૌરાષ્ટ્રનું સાહિત્ય એ લોકજીવનનું દર્પણ છે," તેમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે સોરઠની બોલી અને ભાવના સાહિત્યને આગવી ઓળખ આપે છે. ડૉ. કિશોર વાળાનું સાહિત્ય સર્જન સમાજ માટે પ્રેરણારૂપ બનશે તેવી આશા પણ વ્યક્ત કરી હતી.

## ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં શ્રી મનીષભાઈ ગરેજા દ્વારા ત્રણ ગોળના ડબ્બાનું દાન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫ મહાનગરપાલિકા, જુનાગઢ શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા પ્રયત્નશીલ છે.પરંતુ શહેરીજનો દ્વારા દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમો પાસેથી અનધિકૃત ઘાસ ચારો લઇ જાહેર માર્ગ પર જ ગૌવંશને આપવામાં આવે છે.જેના કારણે આસપાસ ના વિસ્તારમાં ગંદકી ફેલાય છે.તેમજ જાહેર માર્ગ અથવા જાહેર સ્થળોમાં ગૌવંશ અડચણરૂપ બને છે. જુનાગઢ મહાનગર પાલિકાના હદ વિસ્તારમાંથી રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા અને જાહેરમાં




અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમોને પકડવા માટે કાર્યવાહી કાર્યરત છે. તથા જાહેરમાં ઘાસચારો વેચવા અથવા નાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગર પાલિકા,જુનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે.આ ગૌશાળામાં હાલ ૫૦૩ ગૌવંશ રાખવામાં આવેલ છે.જેમાં તા:૨૫/૦૫/૨૦૨૬ના રોજ મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં શ્રી મનીષભાઈ ગરેજા દ્વારા ત્રણ ગોળના ડબ્બાનું દાન આપવામાં આવેલ છે.

# જિલ્લા પંચાયત ભુજ ખાતે નવ નિયુક્ત પદાધિકારીઓએ સંભાળ્યો કાર્યભાર

જગદીશ પી દવે | દેશલપર (ગું)

ભુજ જિલ્લા પંચાયત ખાતે આજરોજ મીની સંસદ તરીકે ઓળખાતી નવ રચિત જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન દ્વારા વિધિવત રીતે કાર્યભાર સંભાળવામાં આવ્યો હતો. જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવી ટીમના આગેવાનોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે પ્રભાબેન રબારીએ સત્તાવાર રીતે પોતાનો ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો, જિલ્લા પદાધિકારીઓ તેમજ સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહ અને ગૌરવપૂર્ણ વાતાવરણ વચ્ચે યોજાયો હતો.ડૉ. ઉમેશભાઈ આચાર્ય માહિતી આપતા જણાવેલ કે જિલ્લા પંચાયતની નવી ટીમ જિલ્લા વિકાસના કાર્યોને પ્રાથમિકતા આપી પ્રજાલક્ષી યોજનાઓને વધુ અસરકારક રીતે અમલમાં મૂકે તે માટે પ્રતિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે ગામડાં સુધી વિકાસના લાભો પહોંચે અને લોકોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવે તે દિશામાં જિલ્લા પંચાયત કાર્ય કરશે.આ કાર્યક્રમ દરમિયાન ભાજપના આગેવાનો દ્વારા નવી ટીમને શુભેચ્છાઓ પાઠવી વિકાસલક્ષી કામગીરીમાં સૌના સહકારથી આગળ વધવાની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

## શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ,જૂનાગઢ, દ્વારા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે રાહતદરે ચોપડા વિતરણ કાર્યક્રમ શ્યામ વાડી ખાતે સફળતાપૂર્વક યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ,જૂનાગઢ, દ્વારા જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે રાહતદરે ચોપડા વિતરણ કાર્યક્રમ શ્યામ વાડી ખાતે યોજાયેલ તેમાં ફુલસ્કેપ નોટબુક જેની બજાર કિંમત રૂપિયા 60 છે તે 176 પેઇઝની નોટબુક જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે માત્ર ને માત્ર 20 માં આપવામાં આવેલ રવિવારના રોજ આ રાહત દરના ચોપડા વિતરણ કરવામાં આવતા જે વિદ્યાર્થીઓ લેવા આવેલા તે ચોપડા જોઈ અને આવા નજીવા દરે મળતા હોય ખૂબ જ ખુશ થઈને લઈ ગયા હતા સાથે આવેલા વાલીઓ પણ આ સરસ સેવા પ્રવૃત્તિ રાહત દરની નોટબુક વિતરણ કાર્યક્રમ ને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.આ




કાર્યક્રમમાં પ્રમુખશ્રી વિવેકભાઈ ડી ગોહેલ તેમજ મંત્રીશ્રી દિનેશભાઈ કાચા, ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ ચોટલીયા,વજુભાઈ કાચા, કાળુભાઈ ચોટલીયા કલ્યાણજીભાઈ પરમાર, વરુણભાઈ ચાવડા, ધીરુભાઈ ટાંક, મનોજભાઈ સાવરીયા, રાજુભાઈ સોલંકી, ઉમેશભાઈ મંડોરા, પ્રવીણભાઈ મારુ તેમજ વિભાગીય પ્રમુખશ્રીઓ,ઉપપમુખ શ્રીઓ અને સમાજના સભ્યો, અને ઉપસ્થિત જ્ઞાતિજનો દ્વારા વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું, પ્રમુખશ્રી વિવેકભાઈ ગોહેલ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ જુનાગઢ કોર્પોરેશન વિસ્તારમાં આપણા દરેક વિભાગમાં ચોપડા વિતરણ સ્થળ નક્કી કરવામાં આવેલ છે ત્યાંથી વહેલી તકે મેળવી લેવા ખાસ આહવાન કરવામાં આવેલ છે. અને ચોપડા લેવા આવનારે વિદ્યાર્થીની માર્કશીટની ઝેરોક્ષ સાથે લાવવી.

## જૂનાગઢમાં ગિરનાર રોપ-વે સેવા તા.૦૨ જુન,૨૦૨૬ થી ૧૦ જુન, ૨૦૨૬ સુધી વાર્ષિક મેન્ટેનન્સ માટે બંધ રહેશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. જૂનાગઢમાં ગિરનાર રોપ-વે સેવા તા.૦૨ જુન,૨૦૨૬ થી ૧૦ જુન, ૨૦૨૬ સુધી વાર્ષિક મેન્ટેનન્સ સબબ બંધ રહેશે તેથી આ દિવસો માટે રોપ-વે સેવાઓ ઉપલબ્ધ રહેશે નહીં. અને ગિરનાર રોપ-વે ની સેવા તા.૧૧ જુન, ૨૦૨૬ થી રાબેતા મુજબ ચાલુ થઈ જશે તેમ ઉષા બ્રેકો કંપની તરફથી જાણકારી આપવામાં આવી છે.

# ગુજરાત સરકારનું 'વોટ્સએપ ગવર્નન્સ' તરફ ઐતિહાસિક પગલું

અમદાવાદ | મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે ડિજિટલ ગવર્નન્સ ક્ષેત્રે વધુ એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રસ્તુત "નાગરિક દેવો ભવ:"ની કલ્પનાને સાકાર કરવા રાજ્ય સરકાર અને Meta Platforms વચ્ચે ગાંધીનગર ખાતે મહત્વપૂર્ણ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ MoU અંતર્ગત હવે રાજ્યના નાગરિકોને 'વન-ડે ગવર્નન્સ'થી આગળ વધીને 'વોટ્સએપ ગવર્નન્સ'ની નવી સુવિધાનો લાભ મળશે. સરકાર દ્વારા વોટ્સએપ આધારિત ડિજિટલ પ્લેટફોર્મ મારફતે આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર, EWS પ્રમાણપત્ર,




રેશન કાર્ડ અપડેટ, મહેસૂલ રેકોર્ડ્સ, સત્તાવાર સોગંદનામા સહિત આશરે 20 જેટલી સરકારી સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે.ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ થનારી આ સેવાઓ એક જ વોટ્સએપ નંબર પરથી ઘરે બેઠા મેળવી શકાશે. આ પહેલથી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના લોકો માટે સરકારી સેવાઓ વધુ સરળ, ઝડપી અને સુલભ બનશે.સરકારના જણાવ્યા મુજબ, નાગરિકોને હવે અલગ-અલગ વેબ પોર્ટલ પર જવાની અથવા સરકારી કચેરીઓમાં લાંબી લાઈનોમાં ઉભા રહેવાની જરૂર નહીં રહે. આ ઉપરાંત રિયલ ટાઈમ સ્ટેટસ ટ્રેકિંગની સુવિધા પણ વધુ મજબૂત બનશે, જેથી અરજદારો પોતાની અરજીની સ્થિતિ સરળતાથી જાણી શકશે.રાજ્ય સરકાર આગામી સમયમાં તબક્કાવાર વધુ સેવાઓને પણ આ વોટ્સએપ આધારિત ગવર્નન્સ પ્લેટફોર્મ સાથે જોડવાની યોજના ધરાવે છે, જેનાથી પારદર્શક, ઝડપી અને નાગરિકકેન્દ્રિત શાસન વ્યવસ્થા વધુ મજબૂત બનશે.

## ખાંભા તાલુકા પંચાયતમાં કોળી સમાજના યુવા આગેવાન શ્રી ભાવેશભાઈ જાદવની કારોબારી ચેરમેન પદે વરણી, વિસ્તારમાં ખુશીનો માહોલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ખાંભા તાલુકા પંચાયતમાં કારોબારી ચેરમેન તરીકે કોળી સમાજના યુવા અને સક્રિય આગેવાન શ્રી ભાવેશભાઈ જાદવની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી છે. તેમની વરણીના સમાચાર વાયુવેગે પ્રસરતાં સમગ્ર ખાંભા તાલુકા સહિત અમરેલી જિલ્લાના રાજકીય અને સામાજિક વર્તુળોમાં ખુશીની લહેર ફરી વળી છે.શ્રી ભાવેશભાઈ જાદવ લાંબા સમયથી સામાજિક અને જાહેર સેવાના ક્ષેત્રે કાર્યરત છે. યુવાનોમાં ખૂબ લોકપ્રિયતા ધરાવતા ભાવેશભાઈએ હંમેશા ખેડૂત, યુવા અને છેવાડાના



માનવીના પ્રશ્નોને વાચા આપવાનું કામ કર્યું છે. કોળી સમાજના યુવાનોના સશક્તિકરણ માટે તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.કારોબારી ચેરમેન તરીકેની નિમણૂક બાદ શ્રી ભાવેશભાઈ જાદવે જણાવ્યું કે, "તાલુકાના સર્વાંગી વિકાસ, પારદર્શક વહીવટ અને પ્રજાના દરેક પ્રશ્નોના નિરાકરણ માટે હું કટિબદ્ધ છું. તાલુકા પંચાયતની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે એ મારી પ્રાથમિકતા રહેશે. પક્ષના વરિષ્ઠ આગેવાનો અને તાલુકા પંચાયતના સૌ સભ્યશ્રીઓએ મારા પર જે વિશ્વાસ મૂક્યો છે તેના પર હું ખરો ઉતરીશ.તેમની નિમણૂક બદલ ધારાસભ્યશ્રી, જિલ્લા પંચાયતના હોદ્દેદારો, તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખશ્રી, વિવિધ સમાજના આગેવાનો, સરપંચશ્રીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકરોએ શુભેચ્છા મુલાકાત લઈ અભિનંદન પાઠવ્યા હતા. સોશિયલ મીડિયા પર પણ શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.ખાંભા તાલુકાના વિકાસમાં યુવા નેતૃત્વને મળેલી આ જવાબદારીથી નાગરિકોમાં નવી આશા જાગી છે.

# ભારતીય જનતા પાર્ટી, જુનાગઢ મહાનગર પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ સફળતાપૂર્વક સંપન્ન"

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગર મિડીયા વિભાગની યાદી જણાવે છે કે ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં સમાજ જીવનમાં રાષ્ટ્રીય ભાવના, યુવા શક્તિ અને સંગઠનાત્મક એકતાને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ આયોજનો કરવામાં આવી રહ્યા છે. તે જ શ્રેણીમાં સોમનાથ અમૃત મહોત્સવ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગરના પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલીયાના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૧-મે થી ૨૪-મે, ૨૦૨૬ સુધી જિલ્લા પંચાયત બોક્ષ ક્રિકેટ ગ્રાઉન્ડ, સરકારી ગોડાઉન પાસે, ગાંધી ચોક, જુનાગઢ ખાતે ભવ્ય "પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ ચાર દિવસીય ટુર્નામેન્ટ માત્ર ક્રિકેટ સ્પર્ધા પૂરતી મર્યાદિત નહોતી પરંતુ તેમાં સંગઠન, રમતગમત, યુવાનોમાં નેતૃત્વ અને સામાજિક એકતાનો અનોખો સંદેશ સમાયેલો હતો. જુનાગઢ મહાનગરના વિવિધ વોર્ડોની ટીમો ઉપરાંત સંગઠન અને કોર્પોરેટરોની ટીમોએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ ૧૮ ટીમોની ભાગીદારી સાથે સમગ્ર ટુર્નામેન્ટ ઉત્સાહ અને ઉમંગભર્યા વાતાવરણમાં યોજાઈ હતી. આ



ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે આયોજક મંડળના શ્રી રવિભાઈ વીકાણી, શ્રી સુમિતભાઈ ઢેલાની, શ્રી નીતિનભાઈ સુખવણી અને શ્રી રાજેશભાઈ ચુડાસમાએ દિવસ-રાત મહેનત કરીને આયોજનને સુચારુ અને ભવ્ય સ્વરૂપ આપ્યું હતું. ખેલાડીઓ માટેની સુવિધાઓથી લઈને રમતના શિસ્તબદ્ધ સંચાલન સુધી દરેક બાબતમાં આયોજકોની પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે જોવા મળી હતી. ટુર્નામેન્ટ દરમિયાન દરેક મેચમાં ખેલાડીઓએ રમતિયાળ ભાવના સાથે ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. દર્શકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને યુવાનોમાં રમતગમત પ્રત્યે નવી ઉર્જા અને પ્રેરણાનો સંચાર થયો હતો. આ આયોજન દ્વારા ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર સાબિત કર્યું કે પાર્ટી માત્ર રાજકીય પ્રવૃત્તિઓ પૂરતી સીમિત નથી પરંતુ સમાજજીવનના દરેક ક્ષેત્રમાં સકારાત્મક દિશામાં કાર્યરત છે. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ અત્યંત રોમાંચક રહી હતી, જેમાં વોર્ડ નંબર ૧૪ ની ટીમ "ભુવનેશ્વર XI" એ શાનદાર પ્રદર્શન સાથે વિજેતા ટ્રોફી પોતાના નામે કરી હતી.

# જાફરાબાદ તાલુકા પંચાયત નું સુકાન મહિલાઓ ના હાથમાં

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે ગીતાબેન ધનસુખભાઈ ડાભી નિ વરણી કરવામાં આવી તાલુકા પંચાયત નું વહીવટી સુકાન હાલ મહિલાઓ ના હાથમાં છે. જાફરાબાદ તાલુકા પંચાયત નીચે આવતા આશરે ૪૨ ગામડાનો વહીવટ અમરેલી જિલ્લા પંચાયત હેઠળ આવે છે. આજરોજ તાલુકા પંચાયતમાં નવા પ્રમુખ ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેન સહિતના હોદ્દેદારો ની બિનહરીફ વરણી કરવામાં આવી છે. આ વરણીમા મહિલાઓ મહત્વના પદો મળતા પંચાયત નું સુકાન મહિલાઓ ના હાથમાં આવ્યું છે. તેમજ ઉપપ્રમુખ તરીકે રૂપેશભાઈ નાનજીભાઈ સાંખડ, તેમજ



કારોબારી ચેરમેન તરીકે ગુલાબબેન અનિરુદ્ધભાઈ વાળા ની વરણી કરવામાં આવી છે. આ વરણી પ્રદેશ ભાજપ ની સુચના અને જિલ્લા નું નેતૃત્વના માર્ગદર્શન હેઠળ સર્વસંમતિથી કરવામાં આવી હતી અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા હોદ્દેદારોની નામની સત્તાવાર જાહેરાત કરી હતી તેમજ નવનિયુક્ત પંચાયતમાં શાસક પક્ષના નેતા તરીકે ગીતાબેન મહેશભાઈ પરમાર અને દંડક તરીકે માલાભાઈ ખોડાભાઈ શિયાળ નો સમાવેશ થાય છે. તેમજ અન્ય વિવિધ હોદ્દાઉપર વરણી ની જાહેરાત થતાં તાલુકા પંચાયત ના પ્રાંગણ માં ઉત્સાહનો માહોલ છવાયો હતો જાફરાબાદ તાલુકા ના નવા સુકાની ઓને અને નવનિયુક્ત હોદેદારો ને ફૂલહાર અને કેસરિયો ખેસ પહેરાવી આવકાર્ય હતા નવા સુકાની ઓને ભાજપનું શિર્ષનેતૃત્વ દ્વારા આવકારવામાં આવ્યા હતા તેમજ નવા સુકાની ઓને જનતા જનાર્દન ના પ્રણપ્રશનોને વાંચા આપવા તથા ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે આગળ વધવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં બે છાત્રોએ પીએચ.ડીનો અભ્યાસ સફળતા પૂર્વક સંપન્ન કરતા રજીસ્ટ્રાર આર.જી. પરમારે નોટીફિકેશન સાથે પ્રોવિઝનલ કર્યુ અર્પણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨૫, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ઈકોનોમિક્સ વિષયમાં અશ્વિન વિંઝુડાએ અને એજ્યુકેશન વિભાગમાં સુશ્રી નયનાબાલા મેસીયાએ પોતાનું શોધક્ષેત્રે અભ્યાસ સયળતા પુર્વક સંપન્ન કરતાં યુનિ. ભવન ખાતે આયોજીત આખરી વાયવા એક્સ્ટર્નલ રેફરીની ઉપસ્થિતીમાં સંપન્ન થતાં યુનિવર્સીટીનાં રજીસ્ટ્રાર ડો. આર.જી.પરમારે તત્કાલ નોટીફિકેશન અને પ્રોવિઝનલ પ્રમાણપત્ર શોધસ્કોલર્સને એનાયત કર્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં ઈકોનોમિક્સ વિભાગમાં શ્રી વિંઝુડા અશ્વિનકુમાર ચંદુભાઈએ પોતાનાં માર્ગદર્શક ડો.જીવાભાઈ વાળાની રાહબરીમાં પ્રસ્તુત કરેલ શોધપત્ર અને આખરી વાઈવા ડો.હરીગોપાલ અગ્રવાલનાં રેફરી તરીકે ઉપસ્થિમાં સંપન્ન થયો હતો. તે રીતે શિક્ષણ વિભાગમાં રાજકોટ જિલ્લાની એક પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે કાર્યરત નયનાબેન મેસિયાએ તેમના માર્ગદર્શક ડૉ. વિપુલાબેન વાઘેલાના માર્ગદર્શન હેઠળ ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં જીવન કૌશલ્ય વિકાસ કાર્યક્રમની રચના અને અસરકારકતા વિષય પર અંતિમ વાઈવા દરમ્યાન પોતાનો શોધપત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના જીગ્નેશભાઈ પટેલની એક્સટર્નલ રેફરીની ઉપસ્થિતીમાં રજુ કરતાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ.આર.જી. પરમારે એ જ સમયે સુશ્રી નયનાબેન મેસિયા અને શ્રી અશ્વિનભાઈ વિંઝુડાને નોટીફિકેશન અને પ્રોવિઝનલ પ્રમાણપત્ર એનાયત કર્યુ હતુ.

## બાંટવા ખાતે યોગ સમર કેમ્પમાં સંસ્કારનો ત્રિવેણી સંગમ: ૧૭૫ થી વધુ બાળકોએ માતા-પિતાની આરતી ઉતારી પૂજન કર્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૫. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનશ્રી શિશપાલજીના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા યોગ સમર કેમ્પમાં એક અદભુત સંસ્કારમય, આધ્યાત્મિક, ભાવનાત્મક કાર્યક્રમ યોજાયો હતો. માણાવદર તાલુકાના બાંટવા ખાતે નગર પંચાયત હોલમાં ૧૭૫ થી પણ વધુ બાળકો એ પોતાના માતા-પિતાની સ્તુતિ સાથે આરતી ઉતારી તેમના પ્રત્યે આદર, પ્રેમ અને કૃતજ્ઞતાની ભાવના વ્યક્ત કરી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું.બાળકો જ્યારે માતા-પિતાના ચરણોમાં નમન કરી આરતી ઉતારી રહ્યા હતા ત્યારે અનેક વાલીઓની આંખોમાં આનંદ અને લાગણીના આંસુઓ છલકાઈ ઉઠ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન "માતા-પિતા એ જ જીવનના પ્રથમ ગુરુ અને ભગવાન છે" એવો પવિત્ર સંદેશ સૌના હૃદય સુધી પહોંચ્યો હતો.આ પ્રસંગે જિલ્લા કોઓર્ડીનેટર જયંતિ કાછડીયાએ "નમસ્કાર" ની સુંદર વ્યાખ્યા સમજાવતા જણાવ્યું હતું કે નમસ્કાર માત્ર અભિવાદન નથી, પરંતુ સામે રહેલા વ્યક્તિમાં વસતા પરમાત્માને નમન કરવાની ભારતીય સંસ્કૃતિની દિવ્ય પરંપરા છે. સાથે સાથે તેમણે બાળકો અને વાલીઓને યોગાસનો, સ્મૃતિ ધ્યાન અને સકારાત્મક જીવનશૈલી અંગે માર્ગદર્શન આપી આંતરિક શાંતિ અને સંસ્કારનું મહત્વ સમજાવ્યું હતું. યોગ ટ્રેનર સંચાલક કાજલબેન અભીચંદાણી , સહ સંચાલક કાજલબેન ચંદાણી તેમજ જીગ્નેશભાઈ રાવલે પણ બાળકોને માતા-પિતાની સેવા, વડીલોનો આદર, સંસ્કાર અને યોગમય જીવન જીવવા માટે પ્રેરિત કર્યા હતા. બાળકો દ્વારા રજૂ કરાયેલ સ્તુતિ, પ્રાર્થના અને ભાવસભર અભિવ્યક્તિઓએ સમગ્ર વાતાવરણને ભક્તિ અને પ્રેમથી તરબોળ બનાવી દીધું હતું.

## પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર ખાતે એડવેન્ચર કોર્સ પૂર્ણ:શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫ રાજ્ય સરકારના રમત- ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના આયોજન હેઠળ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત એડવેન્ચર કોર્સ તા. ૧૭ મે થી ૨૩ મે, ૨૦૨૬ દરમિયાન સફળતાપૂર્વક યોજાયો હતો. રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૩૬ શિબિરાર્થી ઓએ આ સાહસિક તાલીમ શિબિરમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિબિરમાં શિબિરાર્થીઓને સાહસિક પ્રવૃત્તિઓ, ટ્રેકિંગ, ટીમવર્ક તથા વ્યક્તિત્વ વિકાસને લગતી તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન નયના મુલાણી ગઢડા સ્વામી, પ્રદીપકુમાર રાજસ્થાન અને વિક્રમસિંહ જાદવ બરૂલા ગીર દ્વારા માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી હતી. શિબિરના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં અશ્વિનભાઈ ભારાઈ, કોર્પોરેટર, જૂનાગઢ તથા કે.પી. રાજપૂત, પૂર્વ પ્રિન્સિપાલ, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા, માઉન્ટ આબુના હસ્તે શિબિરાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોએ તાલીમાર્થીઓને ભવિષ્યમાં પણ આવી સાહસિક પ્રવૃત્તિઓમાં જોડાવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડ દ્વારા શાબ્દિક સ્વાગત સાથે શિબિર અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં લીમખેડા તાલુકા પંચાયતના નવા સુકાનીઓની વરણી

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના રાજકારણમાં આજે ફરી એકવાર ગરમાવો જોવા મળ્યો હતો, જ્યારે લીમખેડા તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી અને વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર બેઠક દાહોદના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં યોજાઈ હતી. પક્ષના મોવડી મંડળના આદેશ અને લોકશાહી પ્રક્રિયાને માન આપીને તમામ સભ્યોની સહમતીથી નવા હોદ્દેદારોના નામોની જાહેરાત કરવામાં આવી હતી. જે અંતર્ગત લીમખેડા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે શ્રી નરવતભાઈ રામસિંગભાઈ ડાંગી અને ઉપપ્રમુખ તરીકે શ્રી દિલીપભાઈ ગુલાબભાઈ કટારાની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત સંગઠનને મજબૂતી આપવા માટે કારોબારી ચેરમેન પદે શ્રી માયાબેન યોગેશભાઈ શાહ, પક્ષના નેતા તરીકે શ્રી રેખાબેન મુકેશભાઈ બારિયા અને દંડક તરીકે શ્રી રણજીતભાઈ સાયબાભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી છે. વરણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ નવનિયુક્ત પદાધિકારીઓને સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર અને અન્ય સ્થાનિક આગેવાનો દ્વારા સાફા અને ફૂલહાર પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ભાજપના કાર્યકરોએ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ' ના નારાઓ સાથે ફટાકડા ફોડી ડીજેના તાલે વિજય સરઘસ કાઢી વિજય ઉત્સવ મનાવ્યો હતો.

## કોટડા(જડોદર) ખાતે કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ : ગ્રામ્ય બહેનોને સાયબર ક્રાઈમ અને પોક્સો એક્ટની અપાઈ સમજ

મહેશ એલ. સોની નખત્રાણા

તાલુકા કાનૂની સેવા સમિતિ, નખત્રાણા દ્વારા તા. 25 મે 2026 ના રોજ કોટડા(જડોદર) ગામની આંગણવાડી કેન્દ્ર 2 અને 4 ખાતે કાનૂની જાગૃતિ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. હાલના ડિજિટલ યુગમાં વધી રહેલા સાયબર ક્રાઈમ, ઓનલાઈન છેતરપિંડી, ચાઈલ્ડ મિસિંગ તેમજ પોક્સો એક્ટ જેવા અતિ મહત્વના કાયદાઓ અંગે ગ્રામ્ય કક્ષાએ જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી આ નિઃશુલ્ક શિબિર યોજાઈ હતી.નખત્રાણા કોર્ટના રિસોર્સ પર્સન તરીકે રવાપરના *વિશાલ રવજીભાઈ બારમેડા*એ ઉપસ્થિત રહી ખૂબ જ સરળ અને દૃષ્ટાંતરૂપ ભાષામાં કાયદાની જોગવાઈઓ સમજાવી હતી. 'OTP કોઈની સાથે શેર ન કરવો', 'અજાણી લિંક પર ક્લિક ન કરવી', 'બાળકો સાથે બનતી કોઈપણ ઘટના તાત્કાલિક જણાવવી' જેવા મુદ્દાઓ પર તેમણે ભાર મૂક્યો હતો. પોક્સો એક્ટ અંતર્ગત બાળકોની સુરક્ષા માટેની કાનૂની જોગવાઈઓની પણ વિસ્તૃત માહિતી આપી હતી.આ પ્રસંગે સમિતિના લિગલ અસીસ્ટન્ટ જ્યોતિબેન સુથાર, પેરા લીગલ વોલન્ટિયર જયશ્રીબેન જોષી અને મોહનબા પઢીયાર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ગામની બહોળી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર હાજરી આપી કાનૂની માર્ગદર્શન મેળવ્યું હતું.કાર્યક્રમના અંતે કોઈપણ પ્રકારની કાનૂની સલાહ કે સહાય માટે નખત્રાણા કોર્ટ ખાતે કાર્યરત ઈ-સેવા કેન્દ્રનો નિઃશુલ્ક સંપર્ક કરવા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો હતો.

## અમરેલી જિલ્લા પંચાયતમાં વિવિધ હોદેદારો નિમાયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લા પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિત વિવિધ હોદેદારોની ચૂંટણી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની અધ્યક્ષતામાં યોજાઈ હતી. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ભાજપ સમર્થિત ઉમેદવારોની વરણી થતા જિલ્લા પંચાયતમાં નવા નેતૃત્વની રચના થઈ છે.જિલ્લા પંચાયતના પ્રમુખ પદે દક્ષાબેન ચોડવડિયાની વરણી કરવામાં આવી હતી, જ્યારે ઉપપ્રમુખ પદે મહાવીરભાઈ



ભગતની પસંદગી કરવામાં આવી. ચલાલા દાન મહારાજની જગ્યાના મહંત વલકુબાપુના પુત્ર મહાવીરબાપુ ભગતની વરણી થતા સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. કારોબારી ચેરમેન તરીકે અરજણભાઈ વાઘની નિમણૂક કરવામાં આવી હતી.

## મોંઘવારીનો વધુ એક ઝટકો : પેટ્રોલ-ડીઝલમા ફરી ભાવવધારો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

દેશભરમાં પેટ્રોલમાં રૂ.૨.૫૯ અને ડીઝલમાં રૂ.૨.૭૮ પ્રતિ લીટરે વધારો કરવામાં આવ્યો છે. માત્ર ૧૦ દિવસમાં ચોથી વાર ભાવ વધતા સામાન્ય જનતામાં રોષ અને ત્રાહિમામની સ્થિતિ સર્જાઈ છે.રોજિંદા જીવનમાં પહેલેથી જ મોંઘવારીનો માર સહન કરી રહેલા લોકો માટે હવે વાહન ચલાવવું પણ ભારે બની રહ્યું છે. ખાસ કરીને મધ્યમવર્ગ, ટ્રાન્સપોર્ટ વ્યવસાય અને રોજબરોજ કામ માટે બાઈક-કાર પર નિર્ભર લોકોના બજેટ ખોરવાઈ ગયા છે.ડીઝલના વધતા ભાવનો સીધો અસર શાકભાજી, અનાજ અને દૈનિક વપરાશની વસ્તુઓના પરિવહન ખર્ચ પર પડશે, જેના કારણે આગામી દિવસોમાં વધુ મોંઘવારી વધવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.શહેરોમાં પેટ્રોલ પંપ પર લોકોમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. "દર દસ દિવસે નવા ભાવ, હવે કમાઈએ શું અને બચાવીએ શું?" જેવી પ્રતિક્રિયાઓ સામાન્ય બની ગઈ છે.

## દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની પહેલ: ઊર્જા બચત અને પર્યાવરણ સુરક્ષા માટે દર સોમવારે ઉજવાશે "નો વ્હીકલ ડે"

પાલનપુર | મધ્યપૂર્વ કટોકટીના કારણે વૈશ્વિક સ્તરે સર્જાયેલા ઊર્જા સંકટને ધ્યાનમાં રાખીને સાંપ્રત વૈશ્વિક પરિસ્થિતિમાં પેટ્રોલ અને ડીઝલનો વપરાશ ઘટાડવા માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા એક નવતર અને પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતની ખાસ અપીલને અનુસંધાને યુનિવર્સિટી પ્રશાસન દ્વારા હવેથી દર સોમવારે તમામ સ્ટાફ, અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે 'નો વ્હીકલ ડે' એટલે કે 'વાહન મુક્તિ દિવસ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ૩૨મો વર્ષા વિજ્ઞાન પરિસંવાદ યોજાયો: આગામી ચોમાસું ૧૨ આની રહેવાની આગાહી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૫ વર્ષા વિજ્ઞાન મંડળ, જૂનાગઢ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે આજ રોજ ૩૨મો વર્ષા વિજ્ઞાન પરિસંવાદ-૨૦૨૬ યોજાયો હતો. આ પરિસંવાદનું ઉદઘાટન કરતાં અધ્યક્ષશ્રી જેરામભાઈ ટીંબડીયા એ જણાવ્યુ હતું કે, ખેતીમાં વરસાદની આગાહીનું ઘણું મહત્વ છે. આવી આગાહીને લીધે ખેડૂતો પોતાના પાકની પસંદગી તથા પિયત વ્યવસ્થાનું આયોજન કરી શકે છે. ઘણા આગાહીકારો પોતાની કોઠાસુઝને લક્ષમાં રાખી વરસાદની આગાહી કરતા હોય છે. તેમના જ્ઞાનને સાચવી રાખવાની જરૂર છે. તે માટે છેલ્લા ૩૧ વર્ષથી કાર્યરત આ મંડળમાં નોંધાયેલ અવલોકનો અને તેના તારણોને પુસ્તકના રૂપમાં પ્રસિધ્ધ કરવા જરૂરી છે. તેમણે આવા સુંદર અને ઉપયોગી સેમીનારનું આયોજન કરવા બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પરિસંવાદમાં જુદા જુદા વિસ્તારમાંથી આગાહીકારો તેમજ રસ ધરાવતાં ખડૂતોએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ૫૦ જેટલા આગાહીકારોએ તેમની આગાહીઓ રજૂ કરી હતી. આ પરિસંવાદ માં નીચે મુજબ તારણો મળેલ છે.

## જૂનાગઢ જિલ્લામાં તા. ૦૪ જુન સુધી મંજુરી વગર સભાસરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫, જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગી એ કઈ સભાસરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી. એસ.બારડે તેમને મળેલ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી માટે મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભાસરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાય હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.

## ટેક્નિકલ શિક્ષણથી ઉજ્જવળ કારકિર્દીની દિશા : સરકારી પોલિટેકનીક, જૂનાગઢ ખાતે એડમીશન અવેરનેસ સેમિનાર યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. સરકારી પોલિટેકનીક, જૂનાગઢ ખાતે ડિપ્લોમા એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગે જાગૃતિ લાવવા અને વિદ્યાર્થીઓને કારકિર્દી વિષયક યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાના હેતુથી "એડમીશન અવેરનેસ સેમિનાર" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ તથા વાલીઓએ ઉત્સાહભેર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ને ડિપ્લોમા એન્જિનિયરિંગ ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ અભ્યાસક્રમો, પ્રવેશ પ્રક્રિયા તેમજ ભવિષ્યમાં ઉપલબ્ધ કારકિર્દીની તકો અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં ખાસ કરીને ACPDC, અમદાવાદ અંતર્ગત ડિપ્લોમા એન્જિનિયરિંગ માં પ્રવેશ માટેની ઓનલાઈન પ્રક્રિયા, રજિસ્ટ્રેશન, પસંદગીના વિકલ્પો, ITI/TEB બાદના અભ્યાસક્રમો, તેમજ C to D કોર્સમાં પ્રવેશ અંગે સરળ અને સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત વક્તાઓએ વિદ્યાર્થી ઓને પોતાની રસ, આવડત અને ક્ષમતાને અનુરૂપ બ્રાન્ચ પસંદ કરવાની સમજણ આપી હતી.

## બકરી ઈદનાં પવિત્ર તહેવારમાં જાહેરમાં પશુઓની કતલ કરવા પર પ્રતિબંધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૫ આગામી તા.૨૭ મેનાં રોજ બકરી ઈદનો તહેવાર આવતો હોય કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સાવચેતીનાં પગલા લેવા તાત્કાલીક અસર થી તા.૨૯/૦૫/૨૦૨૬ સુધી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી બી.એસ.બારડ દ્વારા મળેલ સતાની રૂએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ - ૧૬૩(૧) અન્વયે જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈ પણ ઢોર, પશુઓની કતલખાના બહાર જાહેર જગ્યાઓ કે શેરીઓમાં કતલ કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

## ભેસાણ તાલુકાના બામણગઢ ગામની સરકારી માધ્યમિક શાળાનું ધોરણ ૧૦ નું ૧૦૦% પરિણામ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાના પરિણામમાં જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકામાં આવેલી એકમાત્ર સરકારી માધ્યમિક શાળા આર.એમ.એસ. એ. બામણગઢ શાળાએ ૧૦૦ ટકા પરિણામ મેળવી ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. આ પ્રસંગે ગામના સરપંચશ્રી ભદ્રેશભાઈ મોવલીયા તથા ઉપસરપંચશ્રી રમેશભાઈ સાકરીયા એ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા તેમજ સમગ્ર શાળા પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્યશ્રી ડૉ. કોકિલાબેન ઉંધાડેએ જણાવ્યું હતું કે સરકારશ્રી દ્વારા બામણગઢ ગામમાં આ વર્ષે અદ્યતન શાળા બિલ્ડિંગ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. સાથે જ શિક્ષકશ્રીઓના સતત શ્રેષ્ઠ શૈક્ષણિક કાર્ય અને વિદ્યાર્થીઓની મહેનતના પરિણામે આ ગૌરવપૂર્ણ સફળતા પ્રાપ્ત થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સરકારશ્રીની વિવિધ શૈક્ષણિક યોજનાઓનો વિદ્યાર્થીઓ વધુમાં વધુ લાભ મેળવે તેમજ સરકારી શાળાઓમાં પ્રવેશ વધે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવશે.

# બે શત્રુ દેશો વચ્ચે યુદ્ધ ચાલે એવું શસ્ત્રોના ઉત્પાદક દેશો ઈચ્છતા હોય



નારોવા કુંજરવા


- રુપાલી દવે

આપણા ને નવાઈ લાગશે કે ૧૯૮૦-૮૮ નું ઈરાક ઈરાન નું વિનાશક યુદ્ધ કે પછી ૨૦૨૬ નું ઈરાન ઈઝરાયલ નું ભયાનક યુદ્ધ આ બન્ને માં એક સામ્યતા અમેરિકાની દખલગીરી જોવા મળી છે.વિશ્વમાં યુદ્ધ થાય અથવા બે શત્રુ દેશો વચ્ચે યુદ્ધ ચાલે એવું શસ્ત્રો ના ઉત્પાદક દેશો ઈચ્છતા હોય છે. ઈરાન અને ઇઝરાઈલ ના યુદ્ધ માં ચીન અને અમેરિકા ના શસ્ત્રો એકબીજા ની તાકાત દેખાડી રહ્યા હોય એવું વધુ લાગતું હતું. આમ જોવા જઈએ એ તો ચીન ના શસ્ત્રો એ અમેરિકા ના શસ્ત્રો ને હંફાવવા માં સફળ થઈ રહ્યા હતા. નાનકડા ટાપુ જેવા દેશ ઈરાન એ એની તાકાત નો પરચો એવો આપ્યો કે ખુદ અમેરિકા ને યુદ્ધ વિરામ માટે જાહેરાત કરવી પડી હતી. શક્તિશાળી દેશોના યોદ્ધાઓની યુદ્ધની રમતમાં બે દેશ કે બે દેશના લોકો નથી પીસાતા વિશ્વભરના લોકો એ જાણ્યે અજાણ્યે યુદ્ધ ના ભોગનો શિકાર બનવું પડતું હોય છે. માન્યું કે વર્તમાન સમયમાં યુદ્ધો મેદાની કરતા મગજ થી વધારે થતા હોય છે પણ દર વર્ષે જે દેશો યુદ્ધ ના હથિયાર બનાવવા પાછળ અધધધ બજેટ ખર્ચ કરતા હોય છે એના માટે શાસ્ત્રો નું વેંચાણ થવું અત્યંત જરૂરી સમજો. વિશ્વ માં સૌથી વધારે શસ્ત્રોના ઉત્પાદન પાછળ ૫૬લાખ કરોડ જેટલું બજેટ અમેરિકા ફાળવે છે.આ કારણોસર અમેરિકા વિશ્વ નો સૌથી શસ્ત્ર ઉત્પાદન અને શસ્ત્ર નું વેચાણ કરતો દેશ છે.ત્યાં સામન્ય નાગરિક ને ગન રાખવાનો અધિકાર છે એટલે સૌથી વધારે ગન નું વેચાણ અમેરિકા માં થાય છે.ફ્રાન્સ, રશિયા,જર્મની અને ચીન વગેરે પણ શસ્ત્રો નું ઉત્પાદન કરે છે પરંતુ આ બધા દેશો ની ઈકોનોમિ માત્ર શસ્ત્રોના વેચાણ પર આધારિત નથી. વિશ્વમાં શાંતિ ફેલાવવાના બદલે શસ્ત્રો ના ઉત્પાદક દેશો પોતાના નિજી નફા માટે યુદ્ધ ને ટેકો શું કામ આપવો છે? શું લડાઈ જ બધા નિર્ણયો નો અંતિમ ફેસલો છે? વિશ્વ કોરોના કાળ જેવી ભયાનક મહામારી માંથી માંડ માંડ ઊગર્યું છે કોરોના માં લાખો અબજો લોકો એ જાન ગુમાવવા પડ્યા છે જે દર્દ આજેપણ જેણે સ્વજન ગુમાવ્યા છે એના દિલ માં ડૂસકું બની ને બાજ્યુ છે.કોરોના કાળ ને ઘણા વર્ષો વીત્યા બાદ પણ એની ઘાતક અસર ને લીધે લોકોની રોગ પ્રતિકારક શક્તિ માં ઘટાડો જોવા મળી રહ્યો છે.ભાગ્યેજ થતા કેન્સર, ડાયાબિટીસ બી.પી વગેરે જેવા જીવલેણ રોગો દર પાંચે એકાદ ને તો હશે જ. ગમે તેટલી ડાયટ અને કસરત ને ફોલો કરવા છતાંય ફટકડા ની માફક લોકોના હાર્ટ ફેલ થઇ રહ્યા છે. શાસ્ત્ર કહે છે કે યુદ્ધ એ માનવ કલ્યાણ કરતા વધારે મહત્વપૂર્ણ નથી એટલે મનુષ્ય એ શસ્ત્ર ના ઉત્પાદન કરતા શાંતિ,આરોગ્ય અને પ્રેમ નું વેચાણ કરતા શસ્ત્ર નું ઉત્પાદન વધારવું જોઈએ. ઈશ્વર એ મનુષ્ય માટે હવા,પાણી વગેરે કુદરતી સોર્સ નું સર્જન કર્યું છે જો મૂર્ખ લોકોની આકાંક્ષાઓની તૃપ્તિ માટે વિના કારણ ના યુદ્ધો થશે તો કુદરતી સોર્સ ની સમાપ્તિ થઈ જશે ને એમાં માનવ જીવન દમ તોડી દેશે. આજ સુધી નું વિશ્વ નું મોટામાં મોટું યુદ્ધ મહાભારત નું હતું જે માત્ર અઢાર દિવસ જ ચાલ્યું હતું. કહેવાય છે કે અઢાર માં દિવસે કુરુક્ષેત્ર ના મેદાન માં માનવ મૃત દેહો ના ઢગલા ની લંબાઈ માપી શકાય એમ નહતી ને ચારેય બાજુ લોહીની નદીઓ ગાંડી બની ને ધસમસતા પૂર માં ફેરવાઈ ગઈ હતી. આ યુદ્ધ એ અંધ ધૃતરાષ્ટ્ર ના અહંકાર ની તૃપ્તિ માટે થયું હતું જેને યુદ્ધ ના મેદાન માં ચક્રવ્યૂહ માં ફસાયેલા પૌત્ર અભિમન્યુ ની દશા જોતા દર્દ થવાના ને બદલે ખુશી થતી હતી,કેમ? કર્ણ,દુર્યોધન,શકુની વગેરે કૌરવો એ પાંડુ પૌત્ર અભિમન્યુ ને ચક્ર વ્યૂહ માં ફસાવ્યો હતો. ધૃતરાષ્ટ્ર માટે અભિમન્યુ એ "મામકા" નહતો એ એના નાના ભાઈ પાંડુ નો પૌત્ર હતો એટલે પરાયો હતો. મહાભારત ના યુદ્ધ ના મેદાન માં નીતિ અનીતિ ને તાર તાર થતા "ચક્ર વ્યૂહ માં ફસાયેલ અભિમન્યુ ના મોત" એ માનવતા ને વિસારે પાડી દીધી હતી. આજ વિશ્વ પણ યુદ્ધો ના ચક્રવ્યૂહ માં અભિમન્યુ ની માફક ફસાઈ ને હેરાન પરેશાન છે. મહાભારત ના યુદ્ધ માં ચક્ર વ્યૂહ ની જાળ માં અભિમન્યુ ને ફસાવનાર ગુરુ દ્રોણાચાર્ય ને તો નરોવા કુંજરવાની કડી માં ફસાઈ ને મરવું પડ્યું હતું. જ્યારે કૌરવો ને સેનાપતિ ગુરુ દ્રોણાચાર્ય ની સૂઝબૂઝ સાથ સહકાર મળવા લાગ્યો ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ સેનાપતિ ગુરુ દ્રોણાચાર્ય ના સફાયા નો પ્લાન પાંડવો ને કીધો. ગુરુ દ્રોણાચાર્ય એ પાંડવો અને કૌરવો ને અસ્ત્ર, શસ્ત્ર વગેરે ની શિક્ષા આપી હતી એટલે એ જાણતા હતા કે પાંડવો ને પરાસ્ત કરવા માટે શું કરવું જોઈએ? ગુરુ દ્રોણાચાર્ય ને એનો પુત્ર અશ્વસ્થામા અતિ પ્રિય હતો યોજના અનુસાર યુદ્ધ મેદાન માં વિશાળ કાય અશ્વસ્થામા નામનો હાથી માર્યો ગયો એટલે ભીમ અને અર્જુન મોટે મોટેથી રડો પાડતા પાડતા બોલ્યા હાય!! રે.. હાય અશ્વસ્થામા હણાયો.. હણાયો.. હણાયો.. ગુરુ દ્રોણ ને ભીમ અને અર્જુન પર વિશ્વાસ ન્હોતો એટલે એણે યુધિષ્ઠિર ને પૂછ્યું કે યુદ્ધ ભૂમિ માં કોણ હણાયું અશ્વસ્થામા..કે..હાથી? ત્યારે યુધિષ્ઠિર એ ગુરુ દ્રોણ ને કહ્યું હતું કે ગુરુદેવ,મારી દૃષ્ટિ જ્યાં સુધી પડે છે ત્યાં સુધી એ સ્પષ્ટ થતું નથી કે કોણ હણાયું? નરોવા..કે..કુંજરવા..કદાચ ભીમ અને અર્જુન ને એ દૃશ્ય વધારે દેખાય છે..

જો વિશ્વ ને શાંતિ,સ્થિરતા અને સમૃદ્ધિ તરફ લઈ જવી હશે તો વિનાશકતા ની વિચારધારા ને સમર્થન આપતા શાસકો સામે નરોવા કુંજરવાની ની નીતિ અપનાવી પડશે. ટેક્નોલોજી ના સમય માં વેપાર ઉદ્યોગ અને વિચારો ના આદાન પ્રદાનની સંસ્કૃતિ નો વિકાસ થવો જરૂરી છે.ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યા ને લીધે ગરમી ના તાપમાન થઈ રહેલ વધારા સામે વિનાશક શસ્ત્રો અને અણુબોમ્બ વગેરેના ઉપયોગ બંધ કરવાની જરૂર છે.

# ઐશ્વર્યા રાયની મજાક કરતાં યુઝર્સને કંગનાની ફટકાર...

## વૃદ્ધ લોકોને રેડ કાર્પેટ પર જોવાની આદત પાડી લો, તે ખૂબ જ સુંદર લાગી રહી છે




(એજન્સી) મુંબઇ | તા 25

એક્ટ્રેસ કંગના રનૌતે તાજેતરમાં ઐશ્વર્યા રાયને ટ્રોલ કરનારાઓને ફટકાર લગાવી છે. ઐશ્વર્યા દર વર્ષની જેમ આ વર્ષે પણ કાન ફિલ્મ ફેસ્ટિવલનો ભાગ બની હતી. તેની તસવીરો જોરદાર વાઈરલ થઈ હતી. જ્યાં કેટલાક લોકો તેના ગ્લોબલ સ્ટારડમની પ્રશંસા કરી રહ્યા છે, ત્યાં કેટલાક તેના લુક્સને ટ્રોલ પણ કરી રહ્યા છે. હવે કંગના રનૌતે તે ટ્રોલર્સ પર ભડકતા કહ્યું છે કે ઐશ્વર્યાને કોઈને ખુશ કરવાની જરૂર નથી.

કંગના રનૌતે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ઐશ્વર્યા રાયની તસવીર શેર કરીને લખ્યું છે કે, 'ફેશન અને સ્ટાઈલ વ્યક્તિની પોતાની ઓળખ અને પોતાને વ્યક્ત કરવાની રીત હોય છે. દરેક વ્યક્તિ પોતાની જિંદગી અને વિચારને પોતાની રીતે દર્શાવે છે. કોઈ પણ મહિલા કોઈને કંઈ સાબિત કરવા કે ખુશ કરવા માટે જવાબદાર નથી.'

આગળ કંગનાએ લખ્યું છે, 'ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી છે. જેને તેને કોઈ અન્ય રીતે જોવા છે, તે પહેલા પોતે બતાવે કે તેમનામાં શું ખાસ છે. તે અહીં કોઈને ખુશ કરવા નથી આવી. તે શાનદાર છે. જો લોકોને રેડ કાર્પેટ પર વૃદ્ધ મહિલાઓને જોવાની આદત નથી, તો હવે તેની આદત પાડી લો. આભાર.'

આ એ જ કંગના છે, જે અવારનવાર જયા બચ્ચન પર નિશાન સાધતી રહે છે. ક્યારેક તેણે જયા બચ્ચનના સંસદ પર આપેલા નિવેદન પર તેને અહંકારી કહ્યા, તો ક્યારેક તેણે કહ્યું હતું કે લોકો જયા બચ્ચનને ફક્ત એટલા માટે સહન કરે છે, કારણ કે તે અમિતાભ બચ્ચનના પત્ની છે.

ઐશ્વર્યા આ વર્ષે કાનમાં મોડેથી પહોંચી. તે દર વર્ષે લોરિયલ પેરિસ તરફથી પહોંચે છે. જ્યારે આ વર્ષે તેમના પહેલા આલિયા ભટ્ટ લોરિયલ તરફથી કાન પહોંચી, ત્યારે દરેકનું કહેવું હતું કે તેમણે ઐશ્વર્યાને રિપ્લેસ કરી દીધા છે. જોકે, ક્લોઝિંગ સેરેમની પહેલા ઐશ્વર્યાએ કાનમાં પહોંચીને તમામ દાવાઓને ખોટા સાબિત કરી દીધા.

ઐશ્વર્યા સાથે તેમની દીકરી આરાધ્યા પણ કાન ઈવેન્ટનો ભાગ બની. તેણે અમિત અગ્રવાલની ડિઝાઈનર ગાઉનથી રેડ કાર્પેટ પર વોક કરી, ત્યારબાદ તે બ્લશ પિંક ડ્રેસમાં ઈવેન્ટમાં પહોંચી.

ઐશ્વર્યા રાયે વર્ષ 2002માં કાનમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી તે સતત કાનમાં હાજર રહે છે. ગયા વર્ષે ઐશ્વર્યાએ મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરાયેલી સફેદ-ગોલ્ડન સાડી પહેરી હતી. રેડ ડાયમંડ જ્વેલરી અને સિંદૂર સાથે ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેનો ટ્રેડિશનલ લુક ખૂબ ચર્ચામાં રહ્યો હતો.

કાનના બીજા લુકમાં ઐશ્વર્યા રાયે ગૌરવ ગુપ્તાના કલેક્શનની બ્લેક સિક્વલ ગાઉન સાથે ટ્રેલ કેરી કરી હતી. ખુલ્લા વાળ અને મિનિમલ જ્વેલરીમાં એક્ટ્રેસ ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી.

**સમય રૈના અને સુનીલ પાલ વચ્ચેનો વિવાદ સમાપ્ત થવાનું નામ નથી લઈ રહ્યો. વિવાદાસ્પદ શો ઈન્ડિયાઝ ગોટ લેટેંગ 2 શરૂ થવાના સમાચારો વચ્ચે હવે સુનીલ પાલે કહ્યું છે કે- સમય રૈનાએ પોતાના માતા-પિતાને જજ બનાવીને શોમાં લાવવા જોઈએ. તાજેતરમાં અપકમિંગ ફિલ્મ સપ્ટેમ્બર 21ના પ્રમોશનલ ઈવેન્ટમાં સુનીલ પાલને પૂછવામાં આવ્યું હતું કે શું તે સમય રૈનાના શો ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ-2માં જજ તરીકે જશે.**

# સમય રૈના પર ફરી ભડક્યો સુનીલ પાલ : કહ્યું- સગા મા-બાપને ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ-2માં જજ બનાવે, તો હું માનીશ જઈશ...!

(એજન્સી) મુંબઇ | તા 25

તેના જવાબમાં સુનીલ પાલે કહ્યું, 'ના, હું તો નહીં જાઉં, કારણ કે તે એટલો મોટો શો છે, મારા લાયક નથી, હું બહુ નાનો આર્ટિસ્ટ છું. પરંતુ જો સમય રૈના આ શો બનાવે, તો જેમ કપિલ શર્માના શોમાં નવજોત સિંહ સિદ્ધુ અને અર્ચના પૂરન સિંહ જજ બને છે, તેમ જ સમય રૈનાની નવી સીઝન 2 છે ને, તો ત્યાં બે લોકોને બેસાડે, પોતાની માતાજી, પોતાની સગી માને અને પોતાના સગા પિતાને બેસાડે અને તેમની સામે આ શો કરે. ત્યારે હું માનીશ, સમય છે, રૈના છે, તો સમય છે અને સમયને તેની સાથે રહેવું છે.'



સમય રૈનાએ યુટ્યુબ ચેનલ પર 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ' શો શરૂ કર્યો. જેમાં બધા સ્પર્ધકોને 90 સેકન્ડમાં કોઈ પણ ટેલેન્ટ બતાવવાનું હતું. પરફોર્મન્સ પહેલાં સ્પર્ધકોએ પોતાને 1-10 માંથી એક સ્કોર આપવાનો હતો. પરફોર્મન્સ પછી જજ તે સ્પર્ધકને સ્કોર આપતા હતા. સ્કોર મેચ થવા પર સ્પર્ધક વિજેતા બનતો હતો. આ શો ઝડપથી ખૂબ જ લોકપ્રિય બન્યો અને દરેક એપિસોડમાં સરેરાશ 20 મિલિયન વ્યૂઝ આવવા લાગ્યા, પરંતુ તે જ સમયે અશ્લીલ ભાષા, વલ્ગર જોક્સ અને ગાળાગાળીના ઉપયોગને કારણે શોની સખત ટીકા પણ થઈ.

શોમાં ઘણી મોટી હસ્તીઓ જજ તરીકે પહોંચી રહી હતી કે ત્યારે 8 ફેબ્રુઆરીએ પોસ્ટ કરાયેલા એક એપિસોડમાં જજ બનીને આવેલા રણવીરે એક કન્ટેસ્ટન્ટને માતા-પિતા પર એક અત્યંત અભદ્ર સવાલ પૂછ્યો. એપિસોડ આવ્યાના બીજા જ દિવસે વિવાદ થયો. શોના તમામ જજ અને તેના મેકર્સ વિરુદ્ધ દેશના ઘણા ભાગોમાં અશ્લીલતા ફેલાવવાના આરોપમાં ફરિયાદો નોંધાઈ.

બીજા દિવસે રણવીરે પોતાના નિવેદન પર માફી માંગી, જોકે વિવાદ સમાપ્ત થયો નહીં. આ જ સમયે સુનીલ પાલે પણ શોની જોરદાર ટીકા કરી અને કહ્યું કે આ શો અને સમય રૈના જેવા કોમેડિયન સમાજ માટે ખતરો છે. ઘણી મોટી ફિલ્મી હસ્તીઓએ પણ આ શોની ટીકા કરી અને ભાષા પર સવાલો ઉઠાવ્યા. 10 ફેબ્રુઆરીએ ફરિયાદો નોંધાયા પછી નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશને શોના એપિસોડ ડિલીટ કરવાનો આદેશ આપ્યો. સમય રૈનાએ બધા એપિસોડ ડિલીટ કરી દીધા. આ પછી સુનીલ પાલે સમય રૈના અને તેના શોની સખત ટીકા કરી. ઘણીવાર સુનીલ પાલ સમય વિરુદ્ધ નિવેદનો આપતા જોવા મળ્યા. તાજેતરમાં સમય અને રણવીર, કપિલ શર્માના શોમાં પહોંચ્યા, જ્યાં સુનીલ પાલે તેમના પર ઘણી વાર કટાક્ષ કર્યો. શોમાં સમયે તેની ખૂબ મજાક ઉડાવી હતી.

### બિગ બીના ઘરની બહાર ભારે ભીડ વચ્ચે બેભાન થયો, આજુબાજુના લોકોએ ટેકો આપ્યો


# અમિતાભ બચ્ચનના સંડે દર્શન દરમિયાન ફેનની હાલત બગડી

(એજન્સી) મુંબઇ | તા 25

બોલિવૂડ એક્ટર અમિતાભ બચ્ચનના સંડે દર્શન દરમિયાન એક વ્યક્તિ બેહોશ થઈ ગયો. અમિતાભ બચ્ચનના બંગલા 'જલસા'ની બહારથી ઘટનાનો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક વ્યક્તિ ભીડ વચ્ચે જમીન પર પડેલો દેખાઈ રહ્યો છે.

આસપાસ હાજર લોકો તેને સંભાળતા જોવા મળે છે. જોકે, વ્યક્તિની ઓળખ અને તેની હાલત અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. અમિતાભ બચ્ચન દર રવિવારે પોતાના ઘરની બહાર ચાહકોને મળે છે. આ 'સંડે દર્શન' તરીકે ઓળખાય છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો એક્ટરની એક ઝલક મેળવવા પહોંચે છે.

અમિતાભ બચ્ચનના મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ થવાના સમાચાર સામે આવ્યા હતા. પત્રકાર વિકી લલવાણીએ યુટ્યુબ એકાઉન્ટ પરથી દાવો કર્યો હતો કે તેમને 16 મેના રોજ દાખલ કરવામાં આવ્યા છે. તેઓ હોસ્પિટલના એ-વિંગમાં છે.




યુટ્યુબ ચેનલ પર પોસ્ટ કરાયેલા વીડિયોમાં વિકી લલવાણીએ કહ્યું હતું કે તે સમાચાર કન્ફર્મ કરવા મંગળવારે (19 મે) સાંજે નાણાવટી હોસ્પિટલ પહોંચ્યા હતા. બિગ બીને એ-વિંગ, ત્રીજા માળે રાખવામાં આવ્યા છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે અભિષેક બચ્ચન પણ પિતાને મળવા મંગળવારે સાંજે 4:30 વાગ્યે હોસ્પિટલ પહોંચ્યો હતો. વિકી લલવાણી અનુસાર, અમિતાભ બચ્ચન લાંબા સમયથી પેટ સંબંધિત સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. બિગ બીને રૂટિન ચેકઅપ માટે શનિવારે (16 મે) નાણાવટી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. તેઓ દર મહિને રૂટિન ચેકઅપ કરાવતા રહે છે. આના બરાબર પછી તેઓ ઘરે પાછા ફર્યા હતા. વિકી લલવાણીનો દાવો હતો કે અમિતાભ બચ્ચન 16 મે એટલે કે શનિવારથી હોસ્પિટલમાં દાખલ છે, પરંતુ ફેક્ટ ચેકમાં એ પણ સામે આવ્યું હતું કે 17 મે એટલે કે રવિવારે બિગ બી હંમેશની જેમ ચાહકોને મળવા માટે જલસામાંથી બહાર આવ્યા હતા. તેમનો વીડિયો પણ સામે આવ્યો હતો.

# AI બિકીની વીડિયો વાઈરલ થતાં 'કાંતારા'ની રાજકુમારી ભડકી...

(એજન્સી) મુંબઇ | તા 25

AIથી બનેલા ફેક વીડિયો અને તસવીરોને લઈને સાઉથ એક્ટ્રેસ રુક્મિણી વસંત ગુસ્સે થઈ છે. એક્ટ્રેસે કહ્યું કે તેની ઘણી AI-જનરેટેડ તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. આ તસવીરો બનાવનારા અને ફેલાવનારાઓ સામે તે કાયદેસરની અને સાયબર ક્રાઈમ કાર્યવાહી શરૂ કરી રહી છે.

રુક્મિણીએ શનિવારે પોતાના X એકાઉન્ટ પર એક નોટ શેર કરીને લખ્યું, 'મારી ટીમ અને મેં સોશિયલ મીડિયા પર AI દ્વારા બનાવવામાં આવેલી કેટલીક તસવીરો જોઈ છે, જેના વિશે દાવો કરવામાં આવી રહ્યો છે કે તે મારી છે. હું સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે આ તસવીરો સંપૂર્ણપણે નકલી અને બનાવટી એડિટેડ છે. આવી તસવીરો બનાવવી અને ફેલાવવી ખૂબ જ બેજવાબદાર છે.



# અમૃતસરમાં કોમેડિયન કપિલ શર્માના ઘર પર ફાયરિંગ...

## હુમલાખોરો બાઈક પર આવ્યા, કેનેડામાં કપિલના કેફે પર 2 વખત ફાયરિંગ થયું હતું

અમૃતસર | કોમેડિયન-એક્ટર કપિલ શર્માના અમૃતસર સ્થિત ઘરની બહાર સોમવારે 2 રાઉન્ડ ફાયરિંગ થયું. પ્રાથમિક તપાસ મુજબ હુમલાખોરો બાઈક પર આવ્યા હતા. હજુ સુધી હુમલાની જવાબદારી કોઈએ લીધી નથી.

અમૃતસરના પોશ વિસ્તાર હોલી સિટીમાં કપિલ શર્માનું ઘર છે. પોલીસે વિસ્તારને સીલ કરી દીધો છે. પોલીસ દ્વારા આસપાસના લોકોના નિવેદન નોંધવામાં આવ્યા.

ફાયરિંગ સમયે ઘરમાં કોણ-કોણ હતું, તે અંગે પોલીસ માહિતી એકઠી કરી રહી છે. કપિલ હાલ પરિવાર સાથે મુંબઈમાં છે.

ફાયરિંગ બાદ પોલીસે કપિલ શર્માના ઘર અને આસપાસના VIP ઘરોની બહાર લાગેલા CCTV કેમેરાના ફૂટેજ કબજે કર્યા છે. આના દ્વારા હુમલાખોરોના રૂટ અને તેમની ઓળખ વિશે કડીઓ એકત્રિત કરવામાં આવી રહી છે. હજુ સુધી હુમલાખોરોનો ઈરાદો જાણી શકાયો નથી.

અમૃતસરના પોલીસ કમિશનર ગુરપ્રીત સિંહ ભુલ્લરે જણાવ્યું કે ફાયરિંગની ઘટનાને લઈને કેટલાક બિનજવાબદાર લોકો અફવાઓ ફેલાવી રહ્યા છે. તથ્યો સ્પષ્ટ કરવા અને ખોટી માહિતીનું ખંડન કરવા માટે ટૂંક સમયમાં સત્તાવાર વીડિયો નિવેદન બહાર પાડવામાં આવશે. બધાને અપીલ છે કે કોઈપણ અફવા પર ધ્યાન ન આપે અને ફક્ત સત્તાવાર સ્ત્રોતો દ્વારા જારી કરાયેલી સાચી માહિતી પર જ વિશ્વાસ કરે.

કેનેડાના સરે શહેરમાં સ્થિત કપિલ શર્માના 'Kap's Cafe'ની બહાર પણ બે વાર



ગોળીબાર થઈ ચૂક્યો છે. કેનેડામાં બનેલી તે ઘટનાઓની જવાબદારી કેટલાક ખાલિસ્તાની સમર્થક સંગઠનોએ લીધી હતી. હવે ઘરે થયેલા ફાયરિંગમાં પોલીસ એ વાતની પણ તપાસ કરી રહી છે કે શું આ ઘટનાના તાર પણ તે જ જૂના કેસો અથવા કોઈ આંતરરાષ્ટ્રીય ખંડણી/ધમકી સાથે જોડાયેલા છે.

# સ્કૂલના વિદ્યાર્થીનું નીતા અંબાણીને સાસુ જેવું મહેણું! : મુંબઈ ઈન્ડિયન્સની એવી મજાક કરી કે ટીમની માલકણે હસતાં-હસતાં ચહેરો છુપાવ્યો, રિએક્શન વાઈરલ

(એજન્સી) મુંબઇ | તા 25


ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલની ગ્રેજ્યુએશન સેરેમની સામાન્ય રીતે ભાવનાત્મક યાદો, પ્રેરણાદાયી સંદેશાઓ અને ભવિષ્યના સપનાઓથી ભરેલા હોય છે. પરંતુ આ વખતે DAISના સ્ટેજ પર એક વિદ્યાર્થીએ એવો ક્રિકેટિંગ તડકો લગાવ્યો કે આખું ઓડિટોરિયમ હાસ્યથી ગુંજી ઊઠ્યું. સૌથી ખાસ વાત એ રહી કે જેમના પર મજાક કરવામાં આવી હતી, તે નીતા અંબાણી પોતે પણ પોતાનું હસવું રોકી શક્યા નહીં.

ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલના 'ક્લાસ ઓફ 2026'ના ગ્રેજ્યુએશન સમારોહનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. વાઈરલ થવાનું કારણ શાળાના હેડ બોયની એ મજાકમાં એક ટોણો માર્યો, જેમાં તેણે અંબાણી પરિવારની IPL ટીમ 'મુંબઈ ઈન્ડિયન્સ'નો ઉલ્લેખ કરીને એવો પંચ માર્યો કે હોલમાં બેઠેલા તમામ લોકો ખડખડાટ હસી પડ્યા હતા.

તેની સ્પીચ દરમિયાન વિદ્યાર્થી શાળાની સફર, મિત્રતા અને ભવિષ્યના પડકારો વિશે વાત કરી રહ્યો હતો. આ દરમિયાન તેણે અચાનક કહ્યું-

આપણી પ્રિય મુંબઈ ઈન્ડિયન્સની જેમ, જિંદગીમાં પણ કેટલીક મુશ્કેલ સીઝન આવશે. બસ, આ સાંભળતા જ ઓડિટોરિયમમાં જોરદાર તાળીઓ અને હાસ્યના ફુવારા ઊડ્યા હતા. કેમેરા તરત જ શાળાના સ્થાપક અને ચેરપર્સન નીતા અંબાણી તરફ ગયો, જે પોતે હસતાં હસતાં પોતાનો ચહેરો છુપાવતા જોવા મળ્યા.

જોકે, આ માત્ર એક સામાન્ય મજાક નહોતી. વિદ્યાર્થીએ તરત જ પોતાની વાતને જીવનના એક મોટી શીખ સાથે જોડી દીધી હતી. તેણે આગળ કહ્યું કે- "જીવનમાં એવો સમય પણ આવશે જ્યારે મહેનત પ્રમાણે પરિણામ નહીં મળે અને દરેક વસ્તુ પર સવાલો ઉભા થશે. પરંતુ મુંબઈ ઈન્ડિયન્સની જેમ જ આપણે આપણી ઓળખ, વારસો અને આપણા લોકો પરનો ભરોસો ક્યારેય છોડવો જોઈએ નહીં." વિદ્યાર્થીએ તેના ભાષણનો અંત પણ મુંબઈ ઈન્ડિયન્સના પ્રખ્યાત નારા 'દુનિયા હિલા દેંગે હમ' સાથે કર્યો હતો. આ સાંભળીને નીતા અંબાણીએ હસતાં હસતાં ઊભા થઈને તાળીઓ પાડી હતી અને આખો હોલ ચિયર્સથી ગુંજી ઉઠ્યો હતો.



આ ખાસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ હાજર રહી હતી. પરંતુ હાલ સોશિયલ મીડિયા પર સૌથી વધુ ચર્ચા આ હેડ બોયની થઈ રહી છે, જેણે પોતાની હાજરજવાબી અને આત્મવિશ્વાસથી માત્ર થોડી જ સેકન્ડોમાં આ સમારોહને કાયમને માટે યાદગાર બનાવી દીધો.

5 વખતની ચેમ્પિયન રહી ચૂકેલી મુંબઈ ઈન્ડિયન્સ માટે IPL 2026ની સીઝન કોઈ દુઃસ્વપ્નથી ઓછી નથી રહી. હાર્દિક પંડ્યાની કેપ્ટન્સી હેઠળ રમી રહેલી આ ટીમ શરૂઆતથી જ લય મેળવવા માટે સંઘર્ષ કરતી જોવા મળી હતી.

મુંબઈ ઈન્ડિયન્સે આ સીઝનમાં રમેલી કુલ 14 લીગ મેચોમાંથી માત્ર 4 મેચમાં જીત મેળવી શકી છે, જ્યારે 10 મેચમાં તેને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. માત્ર 8 પોઈન્ટ્સ અને નકારાત્મક નેટ રન રેટ (-0.584) સાથે ટીમ 10 ટીમોના પોઈન્ટ્સ ટેબલમાં 9મા ક્રમે રહીને પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે.



# પરેશ રાવલે હેરાફેરી થ્રી છોડયાની અફવાઓ ફગાવી

મુંબઈ: 'હેરાફેરી થ્રી' ફિલ્મ અંગે વિવાદોની વણઝાર સતત ચાલુને ચાલુ જ રહી છે. ફરી એકવાર એવી અફવા વહેતી થઈ હતી કે પરેશ રાવલે આ ફિલ્મ છોડી દીધી છે. જોકે, ખુદ પરેશ રાવલે આ અફવા તથ્યહીન હોવાનું જણાવ્યું હતું.

બોલિવુડ વર્તુળોમાં વાત વહેતી થઈ હતી કે પરેશ રાવલે આ વખતે સાઈનિંગ એમાઉન્ટ ૧૫ ટકા વ્યાજ સાથે પણ પાછી આપી દીધી છે. પરેશ રાવલે ફરી ફિલ્મ છોડી દેતાં આ પ્રોજેક્ટ પર ગ્રહણ લાગી ગયું છે

ઉલ્લેખનીય છે કે પરેશ રાવલે આ ફિલ્મ છોડી દીધી હોય તેવો વિવાદ નવો નથી. અગાઉ પણ પરેશ રાવલે અચાનક ફિલ્મમાંથી એક્ઝિટ લઈ લીધી હતી. તે પછી નિર્માતા તરીકે અક્ષય કુમારે તેને લીગલ નોટિસ પણ આપી હતી. પહેલીવાર 'હેરાફેરી' ૨૦૦૦ની સાલમાં આવી હતી.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

### ગુકેશે ટીકાઓને યોગ્ય ગણાવી

## વર્લ્ડ ચેમ્પિયન ગુકેશે પોતાની ટીકાને યોગ્ય ગણાવી




(એજન્સી) ઓસ્લો । તા. 25

વિશ્વના વર્લ્ડ ચેમ્પિયન અને ભારતીય ચેસના ગૌરવ સમાન ડી. ગુકેશ હાલમાં નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે ઓસ્લો પહોંચ્યા છે. ૨૯ મેના રોજ ૨૦ વર્ષના થનારા ગુકેશે પોતાના તાજેતરના ખરાબ ફોર્મ અંગે ખુલીને વાત કરી છે અને ટીકાકારોના મતને નમ્રતાપૂર્વક સ્વીકાર્યા છે.

છેલ્લા દોઢ વર્ષથી ગુકેશના પ્રદર્શનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જેના કારણે તેમને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. આ અંગે ગુકેશે ખૂબ જ શાંતિથી જવાબ આપતા કહ્યું કે, "છેલ્લા ૧૮ મહિનામાં મારું પ્રદર્શન અપેક્ષા કરતા ઘણું નીચું રહ્યું છે. ટીકાકારોને તેમની લાગણી વ્યક્ત કરવાનો અધિકાર છે અને મારે મારું શ્રેષ્ઠ આપવાનો પ્રયાસ કરવાનો અધિકાર છે." ગુકેશની આ પરિપક્વતા તેમની રમત પ્રત્યેની ગંભીરતા દર્શાવે છે. તેઓ હવે પોતાની રમત પર ધ્યાન કેન્દ્રિત કરીને ફરીથી લય મેળવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

### ભારતમાં વર્લ્ડ ચેમ્પિયનશિપની ઈચ્છા

આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ મેચ વિશે વાત કરતા ગુકેશે જણાવ્યું કે તેમને મેચ ગમે ત્યાં રમાય તેનાથી વાંધો નથી, પરંતુ જો તે ભારતમાં આયોજિત થાય તો તે ખૂબ જ ખાસ રહેશે. તેમણે સ્વીકાર્યું કે ભારતમાં વર્લ્ડ ચેમ્પિયનશિપ યોજવી એ ખેલાડી માટે ખૂબ જ દબાણ લાવનારું હોય છે, કારણ કે દેશભરના ચાહકોની અપેક્ષાઓ વધી જાય છે. જોકે, તેમણે આ વિચારને "સુપરકુલ" ગણાવ્યો અને કહ્યું કે તે માટે તેઓ ખૂબ જ ખુશ થશે.

**પીયૂષ ચાવલા અને રાશિદ ખાન: 16 વખત**

# IPL ઈતિહાસમાં રોહિત શર્માનો શરમજનક રેકોર્ડ




(એજન્સી) મુંબઈ । તા. 25

ક્રિકેટના મેદાનમાં અનેક વિક્રમો બનતા અને તૂટતા હોય છે, પરંતુ આ વખતે ભારતીય ક્રિકેટના દિગ્ગજ ખેલાડી રોહિત શર્માના નામે એક એવો વિક્રમ નોંધાયો છે જે કદાચ કોઈ ખેલાડી ઈચ્છશે નહીં. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ની છેલ્લી લીગ મેચમાં, રોહિત શર્મા પોતાનું ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન ભેગો થયો હતો. આ શૂન્ય રનની ઈનિંગ સાથે જ રોહિત શર્મા આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વખત 'ડક આઉટ' થનારા બેટ્સમેનોની યાદીમાં સંયુક્ત રીતે પ્રથમ સ્થાને પહોંચી ગયો છે.

**રેકોર્ડની સમાનતા |** રાજસ્થાન રોયલ્સ સામેના મુકાબલામાં ઝડપી બોલર જોફ્રા આર્ચરે રોહિત શર્માને પોતાનો શિકાર બનાવ્યો હતો. આ આઉટ થવાની સાથે જ રોહિતના નામે કુલ ૧૯ વખત શૂન્ય રને આઉટ થવાનો અણગમતો વિક્રમ નોંધાયો છે. આ યાદીમાં તેણે ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક બેટ્સમેન ગ્લેન મેક્સવેલની બરાબરી કરી છે. આ અગાઉ આ યાદીમાં દિનેશ કાર્તિકનું નામ સૌથી ઉપર હતું, જેને હવે રોહિતે પાછળ છોડી દીધો છે.

### સિઝનનો સંઘર્ષ અને ઈજાનો માર

રોહિત શર્મા માટે આઈપીએલ ૨૦૨૬ની સિઝન ઘણી પડકારજનક રહી છે. સિઝનની શરૂઆતમાં તેણે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે શાનદાર અડધી સદી ફટકારીને આત્મવિશ્વાસપૂર્ણ શરૂઆત કરી હતી. જોકે, ત્યારબાદ ૧૨ એપ્રિલે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની મેચમાં તેને હેમસ્ટ્રિંગની ગંભીર ઈજા થઈ હતી. આ ઈજાને કારણે તેણે ટીમથી દૂર રહેવું પડ્યું હતું. વાપસી કર્યા બાદ રમેલી પાંચ મેચોમાં તે માત્ર એક જ વાર અડધી સદી ફટકારી શક્યો છે, જે તેના આઉટ ઓફ ફોર્મ હોવાની સાબિતી આપે છે. ૩૯ વર્ષીય આ બેટ્સમેને આ સિઝનમાં કુલ ૯ મેચ રમીને ૩૫.૩૮ની એવરેજથી ૨૮૩ રન બનાવ્યા છે. આ આંકડા દર્શાવે છે કે ટી-૨૦ ફોર્મેટમાં મોટા ગજાના ખેલાડીઓ પણ ઘણીવાર આ અનિચ્છનીય રેકોર્ડનો શિકાર બનતા હોય છે. ટીમની હાર અને પ્લેઓફની રેસમાંથી બહાર થવાના પગલે આ સિઝન મુંબઈ ઈન્ડિયન્સ અને તેમના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા માટે અત્યંત નિરાશાજનક રહી છે.

## ગુરિંદરવીર સિંહનું 10 સેકન્ડથી ઓછી દોડનું લક્ષ્ય, ભારતીય એથ્લેટિક્સમાં નવો કીર્તિમાન




(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારતીય એથ્લેટિક્સ જગતમાં હાલમાં ૨૫ વર્ષીય દોડવીર ગુરિંદરવીર સિંહનું નામ ચર્ચામાં છે. તાજેતરમાં ૧૦૦ મીટરની દોડ ૧૦.૦૯ સેકન્ડમાં પૂર્ણ કરીને તેમણે એક નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપિત કર્યો છે. આ સિદ્ધિ મેળવ્યા બાદ હવે ગુરિંદરવીરની નજર વિશ્વની સૌથી મોટી ગણાતી 'સબ-૧૦ સેકન્ડ' (૧૦ સેકન્ડથી ઓછી) દોડવાની સિદ્ધિ હાંસલ કરવા પર છે. પંજાબના એક નાના ગામમાંથી આવતા આ ખેલાડીનો સંઘર્ષ અને અતૂટ આત્મવિશ્વાસ લાખો યુવાનો માટે પ્રેરણારૂપ છે.

### ઝીરોથી હીરો સુધીનો સફર

ગુરિંદરવીરનો રમતગમતનો સફર ખૂબ જ કઠિન રહ્યો છે. એક સમય હતો જ્યારે તેમની પાસે યોગ્ય ટ્રેનિંગ માટેના શૂઝ કે રનિંગ બ્લોક્સ પણ નહોતા. જલંધરના સ્ટેડિયમમાં ટ્રેનિંગ લેતી વખતે તેમને સુવિધાના અભાવનો સામનો કરવો પડતો હતો. તેમણે જણાવ્યું હતું કે, "તે સમયે મારી પાસે કોઈ ફિઝિયો, ડાયેટિશિયન કે સાયકોલોજીસ્ટ નહોતા. મેં ગૂગલ પર સર્ચ કરીને શીખ્યું હતું કે દોડવીરો માટે શ્રેષ્ઠ ખોરાક કયો છે અને કસરત કેવી રીતે કરવી." આજે યોગ્ય માર્ગદર્શન અને સુવિધાઓ મળતા તેમની કારકિર્દીએ વેગ પકડ્યો છે.

ગુરિંદરવીર પોતાની સફળતાનો શ્રેય પોતાની માનસિક મજબૂતીને આપે છે. તેઓ કહે છે કે જ્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે, "તમે એક ભારતીય સ્પ્રીન્ટર બની શકતા નથી," ત્યારે તે નકારાત્મકતાએ તેમને વધુ મહેનત કરવા માટે પ્રેરણા આપી હતી. તેઓ પોતાને 'બાઝ' (બાજ પક્ષી) સાથે સરખાવે છે. ગુરિંદરવીરના મતે, બાજ જેવી રીતે પોતાના લક્ષ્યને એકાગ્રતાથી સાધે છે અને આકાશમાં ઊંચાઈએ ઉડે છે, તેવી જ રીતે તેઓ પણ નકારાત્મક ટિપ્પણીઓથી ઉપર ઉઠીને પોતાના લક્ષ્ય પર નજર ટકાવી રાખવા માંગે છે.

## ક્રિકેટ મેચ દરમિયાન પૂર્વ રણજી ખેલાડીનું નિધન

### હાર્ટ એટેકથી ૩૯ વર્ષીય ખેલાડીનું નિધન




(એજન્સી) બેંગલુરુ । તા. 25

ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટ જગત માટે રવિવારનો દિવસ અત્યંત આઘાતજનક બની રહ્યો છે. કર્ણાટકના પૂર્વ ફાસ્ટ બોલર એસ.એલ. અક્ષયનું માત્ર ૩૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું છે. બેંગલુરુમાં આયોજિત એક ક્લબ ક્રિકેટ મેચ દરમિયાન તેમને અચાનક હાર્ટ એટેક આવતા ક્રિકેટ પ્રેમીઓમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

અક્ષય કેએસસીએ થર્ડ ડિવિઝન લીગ મેચમાં સેફાયર સીસી ટીમ તરફથી રમી રહ્યા હતા. પોતાની ટીમ માટે ચાર ઓવરની શાનદાર બોલિંગ કર્યા બાદ તેમને અચાનક અસ્વસ્થતા અને છાતીમાં તીવ્ર દુખાવો થયો હતો. ગંભીરતા સમજીને તેઓ તરત જ મેદાનની બહાર નીકળી ગયા હતા. તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોની તમામ જહેમત છતાં તેમનો જીવ બચાવી શકાયો ન હતો.

એસ.એલ. અક્ષય માત્ર એક ખેલાડી નહોતા, પરંતુ તેઓ કર્ણાટક ક્રિકેટના એક મજબૂત આધારસ્તંભ હતા. તેઓ ૨૦૧૪-૧૫ની રણજી ટ્રોફી ચેમ્પિયન ટીમનો હિસ્સો રહી ચૂક્યા છે. ૨૦૧૧ થી ૨૦૧૩ દરમિયાન તેમણે કર્ણાટક માટે ૬ ફર્સ્ટ ક્લાસ, ૩ લિસ્ટ-એ અને ૯ ટી-૨૦ મુકાબલા રમ્યા હતા. કુલ ૧૮ ફર્સ્ટ ક્લાસ વિકેટ ઝડપનાર અક્ષયે નિવૃત્તિ બાદ પણ રમત પ્રત્યેનું પોતાનું યોગદાન ચાલુ રાખ્યું હતું. તેઓ કર્ણાટકની અન્ડર-૧૯ ટીમ સાથે કોચ તરીકે જોડાયેલા હતા અને ભાવિ પેઢીના ખેલાડીઓને તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા હતા.

### ચેમ્પિયન્સ લીગ જીતવા આર્ટેટાનો પડકાર

## આર્સેનલનું પ્રીમિયર લીગ વિજયી અભિયાન પૂર્ણ


(એજન્સી) લંડન । તા. 25

૨૨ વર્ષના લાંબા અંતરાલ બાદ આખરે આર્સેનલ ફૂટબોલ ક્લબ પ્રીમિયર લીગની ચેમ્પિયન બની છે. રવિવારે ક્રિસ્ટલ પેલેસ સામેની ૨-૧થી મળેલી જીત બાદ આર્સેનલના ખેલાડીઓ અને ચાહકોમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો. આ વિજયી સમાપન સાથે આર્સેનલે બીજા ક્રમે રહેલી માન્ચેસ્ટર સિટી કરતા સાત પોઈન્ટની સ્પષ્ટ સરસાઈ મેળવીને લીગનું તાજ પોતાના નામે કર્યું છે. આ સફળતા માત્ર ટ્રોફી પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ક્લબના ભવ્ય ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ બની ગઈ છે.

ટીમની ટ્રોફી પ્રેઝન્ટેશન સેરેમની દરમિયાન મુખ્ય કોચ મિકેલ આર્ટેટા ખૂબ જ ભાવુક જોવા મળ્યા હતા. જોકે, આ ખુશીના પળો વચ્ચે પણ આર્ટેટાનું ધ્યાન ભવિષ્યના મોટા લક્ષ્ય પર છે. તેમણે પોતાના ખેલાડીઓને ચેતવણી આપી છે કે આ વિજય માત્ર એક શરૂઆત છે અને હવે ક્લબનો આગામી મોટો લક્ષ્ય 'ચેમ્પિયન્સ લીગ' જીતવાનો છે. આર્સેનલ અત્યાર સુધી એકપણ વાર ચેમ્પિયન્સ લીગ જીતી શક્યું નથી, ત્યારે આર્ટેટા ઈચ્છે છે કે તેમની ટીમ ઈતિહાસ રચીને આ ખિતાબ પણ પોતાના નામે કરે.

### ક્રિસ્ટલ પેલેસ સામે દમદાર જીત

સેલહર્સ્ટ પાર્ક ખાતે રમાયેલી મેચમાં ગેબ્રિયલ જીસસ અને નોની માડુકેએ શાનદાર ગોલ કરીને ટીમને જીત અપાવી હતી. ગત મંગળવારે માન્ચેસ્ટર સિટી અને બોર્નમાઉથ વચ્ચેની મેચ ડ્રો થતા જ આર્સેનલનું પ્રીમિયર લીગનું શીર્ષક પહેલેથી જ નક્કી થઈ ગયું હતું, પરંતુ રવિવારની જીતે આ વિજય ઉત્સવને વધુ યાદગાર બનાવી દીધો છે. આર્સેનલના ચાહકો માટે આ જીત ભાવનાત્મક રીતે ખૂબ મહત્વની રહી છે, કારણ કે દાયકાઓથી ક્લબ આ ક્ષણની રાહ જોઈ રહી હતી.



**રચનોક ઈન્ટાનોન બની મહિલા ચેમ્પિયન**

## મલેશિયા માસ્ટર્સમાં લી શીફેંગે ખિતાબ બચાવ્યો, લી શીફેંગે ખિતાબ જાળવ્યો

(એજન્સી) કુઆલાલંપુર । તા. 25

મલેશિયા માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં રવિવારે ચીનના સ્ટાર ખેલાડી લી શીફેંગે શાનદાર પ્રદર્શન કરતા પુરૂષ સિંગલ્સનો ખિતાબ સફળતાપૂર્વક જાળવી રાખ્યો છે. ફાઈનલ મુકાબલામાં તેમણે થાઈલેન્ડના યુવા ખેલાડી પાનીચાફોન ટીરાતસકુલને ૨૧-૧૬, ૨૧-૧૭ થી પરાજય આપી સતત બીજી વખત આ ટુર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો છે.

### લી શીફેંગનો ઐતિહાસિક વિજય

વર્લ્ડ નંબર સાત લી શીફેંગે મેચની શરૂઆતથી જ પોતાની આક્રમક રમતથી વિરોધી ખેલાડી પર દબાણ બનાવી રાખ્યું હતું. માત્ર ૫૦ મિનિટમાં જ આ ખિતાબી જીત મેળવ્યા બાદ લીએ પોતાના ટ્રેડમાર્ક અંદાજમાં 'સાઈડ ફ્લિપ' કરીને ઉજવણી કરી હતી. મલેશિયાના દિગ્ગજ ખેલાડી લી ચોંગ વેઈ બાદ સતત બે વર્ષ ખિતાબ જીતનાર લી શીફેંગ બીજા પુરૂષ સિંગલ્સ ખેલાડી બની ગયા છે. ઈજાઓ અને શારીરિક મર્યાદાઓમાંથી બહાર આવ્યા બાદ આ વર્ષે તેમનો આ પ્રથમ ખિતાબ છે, જે તેમને આગામી સ્પર્ધાઓ માટે મોટી પ્રેરણા પૂરી પાડશે.

મહિલા સિંગલ્સની ફાઈનલમાં થાઈલેન્ડની ૩૧ વર્ષીય અનુભવી ખેલાડી રચનોક ઈન્ટાનોને ચીનની ચેન યુફેઈને ૨૧-૧૭, ૨૧-૧૫ થી હરાવીને ચેમ્પિયન બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.



**ઓકલેન્ડમાં નેશન્સ કપની તૈયારી**

## ઓસ્ટ્રેલિયા સામે ભારતની મહિલા હોકી ટીમ સજ્જ

(એજન્સી) પર્થ । તા. 25

ભારતીય મહિલા હોકી ટીમ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે પહોંચી ગઈ છે, જ્યાં મંગળવારથી શરૂ થનારી ચાર મેચોની સિરીઝમાં તેઓ યજમાન ટીમ સામે ટકરાશે. સલીમા ટેટેના નેતૃત્વ હેઠળની ભારતીય ટીમ ૧૫ થી ૨૧ જૂન દરમિયાન ઓકલેન્ડમાં યોજાનારી પ્રતિષ્ઠિત એફઆઈએચ (FIH) હોકી વિમેન્સ નેશન્સ કપ માટે આ પ્રવાસને એક મહત્ત્વપૂર્ણ તૈયારી તરીકે જોઈ રહી છે. ભારતીય ટીમ આ વર્ષે અગાઉ આર્જેન્ટિનાના પ્રવાસમાં શાનદાર પ્રદર્શન કરી ચૂકી છે, જ્યાં તેમણે વિશ્વની બીજા ક્રમની મજબૂત આર્જેન્ટિના ટીમ સામે સિરીઝ ૨-૨થી ડ્રો કરી હતી. બેંગલુરુમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) કેમ્પમાં મુખ્ય કોચ સજોર્ડ મરીનેના માર્ગદર્શન હેઠળ ખેલાડીઓએ ટેક્ટિકલ ડ્રીલ્સ, પેનલ્ટી કોર્નર અને મેચ ફિટનેસ પર સખત મહેનત કરી છે.

### કેપ્ટનનું નિવેદન

ભારતીય મહિલા ટીમના કેપ્ટન સલીમા ટેટેએ જણાવ્યું હતું કે, "આખી ટીમ આ પ્રવાસ માટે ખૂબ જ ઉત્સાહી છે. ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને તેમની ધરતી પર પડકાર આપવો એ હંમેશા મુશ્કેલ હોય છે, પરંતુ નેશન્સ કપ પહેલા આ પ્રકારનો પડકાર અમને વધુ મજબૂત બનાવશે." તેમણે ઉમેર્યું કે દરેક મેચ તેમની ટીમના આત્મવિશ્વાસને વધારવામાં મહત્વની સાબિત થશે. ૨૨ સભ્યોની આ ભારતીય ટીમમાં યુવા પ્રતિભાઓ અને અનુભવી ખેલાડીઓનું સુંદર મિશ્રણ જોવા મળે છે.




**શૂટઆઉટ // ગોવામાં ફૂટબોલનો જંગ શરૂ, લાઈવ સ્ટ્રીમિંગની સંપૂર્ણ વિગત**

## સેફ મહિલા ચેમ્પિયનશિપમાં આજે ભૂટાન-નેપાળ ટકરાશે

(એજન્સી) માર્ગાઓ (ગોવા) । તા. 25

ફૂટબોલના મેદાનમાં આજે એક નવા ઉત્સાહ અને જોશ સાથે 'સેફ મહિલા ચેમ્પિયનશિપ ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. ટૂર્નામેન્ટની ઉદઘાટન મેચમાં ભૂટાન અને નેપાળની ટીમો આમને-સામને થશે. ગોવાના માર્ગાઓ સ્થિત પંડિત જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ ખાતે રમાનારી આ રોમાંચક મેચ પર સમગ્ર ફૂટબોલ જગતની નજર મંડાયેલી છે. ગ્રુપ-એની આ ટક્કર બંને ટીમો માટે પોતાના અભિયાનની જીત સાથે શરૂઆત કરવા માટે મહત્વની છે. આજની આ ફૂટબોલ મેચ સાંજે ૪:૩૦ વાગ્યે શરૂ થશે. આ ટૂર્નામેન્ટમાં ભૂટાન અને નેપાળની સાથે શ્રીલંકાને પણ ગ્રુપ-એમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભૂટાન અને નેપાળ વચ્ચેની આ પ્રથમ મેચ ફૂટબોલ ચાહકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. સ્ટેડિયમમાં હાજર રહેલા પ્રેક્ષકો સિવાય, દેશભરના ફૂટબોલ ચાહકો પણ આ મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

### લાઈવ સ્ટ્રીમિંગ ક્યાં જોવી?

ભારતમાં આ ફૂટબોલ મેચને નિહાળવા માટે ચાહકો 'ફેનકોડ' (FanCode) એપ્લિકેશનનો ઉપયોગ કરી શકે છે. ટૂર્નામેન્ટની તમામ મેચોનું લાઈવ સ્ટ્રીમિંગ અહીં ઉપલબ્ધ રહેશે. ઘરે બેઠા ફૂટબોલનો આનંદ માણવા ઈચ્છતા દર્શકો માટે આ એકમાત્ર ડિજિટલ મંચ છે.



### ટીમની તાકાત અને રેન્કિંગ

ફિફા મહિલા રેન્કિંગ પર નજર કરીએ તો, નેપાળની ટીમ ભૂટાન કરતા ઘણી આગળ છે. નેપાળ વર્તમાન રેન્કિંગમાં ૮૭મા ક્રમે છે, જ્યારે ભૂટાન ૧૬૪મા ક્રમે છે. જોકે, ફૂટબોલના મેદાનમાં અંતિમ પરિણામ તો ખેલાડીઓના પ્રદર્શન પર નિર્ભર હોય છે. ભૂટાન પોતાની મજબૂત રણનીતિ સાથે મેદાનમાં ઉતરી નેપાળને ટક્કર આપવા માટે સજ્જ છે, જ્યારે નેપાળ પોતાની રેન્કિંગ અને અનુભવના આધારે આ મેચ જીતવા માટે ફેવરિટ માનવામાં આવી રહ્યું છે.

### ટૂર્નામેન્ટનું મહત્વ

સેફ મહિલા ચેમ્પિયનશિપ દક્ષિણ એશિયામાં મહિલા ફૂટબોલને પ્રોત્સાહન આપવા માટેનું એક મહત્વનું મંચ છે. ગોવા જેવા ફૂટબોલ પ્રેમી શહેર ખાતે યોજાતી આ ટૂર્નામેન્ટ નવી પ્રતિભાઓને બહાર લાવવામાં મદદરૂપ થશે. ટૂર્નામેન્ટના આગામી દિવસોમાં અન્ય ગ્રુપની ટીમો પણ મેદાનમાં ઉતરશે અને ફૂટબોલનો રોમાંચ વધતો જશે. આજની આ ઉદઘાટન મેચ કોણ જીતશે અને કોણ પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન મજબૂત કરશે, તે જોવું રસપ્રદ રહેશે. ફૂટબોલ પ્રેમીઓ માટે આજનો સાંજનો સમય ઉત્સાહ અને ઉત્તેજનાથી ભરપૂર રહેશે

**મનુ ભાકર ત્રણ ઈવેન્ટમાં રમશે**

## મ્યુનિક વર્લ્ડ કપ માટે ભારતની 22 સભ્યોની ટીમ, ૨૨ ભારતીય શૂટર્સ મેદાનમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 25

ભારતીય નિશાનેબાજી માટે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) એ આગામી મ્યુનિક શૂટિંગ વર્લ્ડ કપ માટે ૨૨ સભ્યોની મજબૂત ભારતીય ટીમની જાહેરાત કરી છે. આ ટુર્નામેન્ટમાં અનુભવી ખેલાડીઓ અને યુવા પ્રતિભાઓનું સુંદર મિશ્રણ જોવા મળશે. ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર આ ટૂર્નામેન્ટમાં ત્રણ અલગ-અલગ ઈવેન્ટમાં પોતાની કૌશલ્ય બતાવતી નજર આવશે.

મનુ ભાકર બે વ્યક્તિગત પિસ્તોલ ઈવેન્ટ્સની સાથે મિશ્ર ટીમ સ્પર્ધામાં પણ ભાગ લેશે. તેમની સાથે ઓલિમ્પિયન અને વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા ઈશા સિંહ પણ બે વ્યક્તિગત પિસ્તોલ ઈવેન્ટ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ સિઝનમાં ભારતની શ્રેષ્ઠ શૂટર્સ પ્રથમ વખત દેશની બહાર આટલી મોટી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લેવા જઈ રહી છે, જે તેમના માટે એક મોટી કસોટી સમાન છે.

૨૪ થી ૩૧ મે દરમિયાન જર્મનીના મ્યુનિકમાં યોજાનારી આ આઈએસએસએફ (ISSF) રાઈફલ/પિસ્તોલ વર્લ્ડ કપમાં ૮૦ દેશોના અંદાજે ૬૯૬ શૂટર્સ ભાગ લેશે. આ ટુર્નામેન્ટ ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયન શૂટર્સ માટે વર્ષની સૌથી મહત્વની તૈયારી સમાન છે. ટુર્નામેન્ટની શરૂઆત ૨૬ મેથી થશે, જેમાં પ્રથમ દિવસે જ મેન્સ ૧૦ મીટર એર પિસ્તોલ અને મેન્સ ૧૦ મીટર એર રાઈફલની ફાઈનલ યોજાશે.

અગાઉ એપ્રિલમાં ગ્રેનાડા ખાતે યોજાયેલા વર્લ્ડ કપમાં ભારતે એક ગોલ્ડ મેડલ જીત્યો હતો, પરંતુ મ્યુનિકનો આ પડકાર ઘણો મોટો છે કારણ કે અહીં ભારતના ટોપ-રેન્ક ધરાવતા શૂટર્સ વિશ્વના શ્રેષ્ઠ નિશાનેબાજો સામે ટકરાશે.



## બાંગ્લાદેશ સમાચાર મુજબ મોટી હોનારત, ઈદ મુસાફરીમાં ૧૫ શ્રમિકોના કરુણ મોત

# બાંગ્લાદેશમાં માર્ગ અકસ્માતથી ઈદનો આનંદ છીનવાયો

(એજન્સી) ટાંગૈલ । તા. 25

બાંગ્લાદેશમાં ઈદના પવિત્ર તહેવારની ઉજવણી વચ્ચે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. સોમવારે વહેલી સવારે ઢાકાથી ઉત્તરીય પ્રદેશ તરફ જઈ રહેલી એક ટ્રક હાઈવે પર પલટી મારી જતાં ૧૫ શ્રમિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે ૧૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. તહેવારના માહોલમાં પોતાના પરિવારજનો સાથે ઈદ મનાવવા નીકળેલા શ્રમિકો પર આ દુર્ઘટના આભ તૂટી પડવા સમાન બની છે.

મીડિયા અહેવાલ મુજબ, આ ગમખ્વાર અકસ્માત ઢાકાથી આશરે ૮૩ કિલોમીટર દૂર આવેલા ટાંગૈલ જિલ્લાના સોરાટોઈલ વિસ્તારમાં સોમવારે સવારે અંદાજે ૫ વાગ્યાના સુમારે સર્જાયો હતો. શ્રમિકો મોટી સંખ્યામાં ઢાકાથી પોતાના વતન પરત ફરી રહ્યા હતા. વતન પહોંચવાની ઉતાવળમાં આ શ્રમિકોએ લોખંડના સળિયા ભરીને જતી એક ટ્રક પાસે લિફ્ટ માંગી હતી અને તેમાં સવાર થયા હતા. જોકે, હાઈવે પરથી પસાર થતી વખતે ટ્રકના ચાલકે વાહન પરથી અચાનક કાબુ ગુમાવી દેતા ટ્રક પલટી ગઈ હતી. લોખંડના સળિયાથી લદાયેલી આ ટ્રક પલટતા અંદર સવાર શ્રમિકો તેના નીચે દબાઈ ગયા હતા, જેના કારણે ઘટનાસ્થળે જ ૧૫ લોકોના મોત નીપજ્યા હતા.

### બચાવ કામગીરી અને ઈજાગ્રસ્તોની હાલત

દુર્ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને સ્થાનિક બચાવકર્મીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ટ્રક નીચે ફસાયેલા મુસાફરોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. અકસ્માતને પગલે હાઈવે પર લાંબા સમય સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને અફરાતફરી મચી ગઈ હતી. ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા ૧૦થી વધુ લોકોને તાત્કાલિક અસરથી નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તબીબોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી છે.



કેટલાક ઈજાગ્રસ્તોની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### બાંગ્લાદેશમાં માર્ગ સલામતીનો ગંભીર પ્રશ્ન

બાંગ્લાદેશમાં ઈદ જેવા તહેવારો દરમિયાન માર્ગ અકસ્માતની આ કોઈ પ્રથમ ઘટના નથી. ૧૭ કરોડથી વધુ વસ્તી ધરાવતા આ દેશમાં દર વર્ષે હજારો લોકો માર્ગ અકસ્માતોમાં જીવ ગુમાવે છે. આ માટે ટ્રાફિક નિયમોનું નબળું અમલીકરણ, રસ્તાઓની ખરાબ સ્થિતિ અને અકુશળ ડ્રાઈવરો મુખ્ય જવાબદાર માનવામાં આવે છે. તહેવારના સમયમાં વતન તરફ જતા શ્રમિકો ઘણીવાર સુરક્ષાના નિયમોને નેવે મૂકીને જોખમી મુસાફરી કરવા મજબૂર બનતા હોય છે, જે અવારનવાર આવી કરુણ ઘટનાઓને આમંત્રણ આપે છે. પોલીસ દ્વારા ટ્રક ચાલકની બેદરકારી અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. અકસ્માત બાદથી જ ચાલક ફરાર હોવાનું કહેવાય છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા મૃતકોના પરિવારજનોને શક્ય તેટલી મદદ અને ઈજાગ્રસ્તોને યોગ્ય સારવાર મળે તે સુનિશ્ચિત કરવાના આદેશ આપવામાં આવ્યા છે. ઈદના આનંદને આ માર્ગ અકસ્માતે માતમમાં ફેરવી નાખતા સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. શ્રમિકોના પરિવારોમાં સ્વજનોને ગુમાવ્યાનું દુઃખ છે, તો બીજી તરફ વહીવટી તંત્ર સામે ફરી એકવાર સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઉભા થયા છે.

---

## ભારત-અમેરિકા સંબંધો મજબૂત

# મૂર્ખ લોકો દરેક દેશમાં હોય છે, માર્કો રુબિયો



(એજન્સી) નવી દિલ્હી । તા. 25

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની ભારત મુલાકાત બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને નવી ઊંચાઈ આપનારી સાબિત થઈ છે. નવી દિલ્હીમાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની મહત્વપૂર્ણ મુલાકાત દરમિયાન, રુબિયોએ અમેરિકામાં ભારતીયો વિરુદ્ધ થતી કેટલીક રંગભેદી ટિપ્પણીઓ અંગે પૂછાયેલા પ્રશ્નનો સચોટ અને સ્પષ્ટ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે, "દુનિયાના દરેક દેશમાં મૂર્ખ લોકો હોય છે. મને ખાતરી છે કે આવા મૂર્ખ લોકો ભારતમાં પણ છે અને અમેરિકામાં પણ છે, જેઓ સતત વાહિયાત ટિપ્પણીઓ કરતા રહે છે."

રુબિયોએ આ મુદ્દાને ગંભીરતાથી લેતા સ્પષ્ટ કર્યું હતું કે, ઓનલાઈન કરવામાં આવતી આવી વાંધાજનક ટિપ્પણીઓ એ સમગ્ર અમેરિકન સમાજની માનસિકતા દર્શાવતી નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અમેરિકા એક આવકારદાયક દેશ છે અને વિશ્વભરમાંથી આવેલા લોકોના યોગદાનને કારણે જ તે આજે આટલો શક્તિશાળી બન્યો છે. અમેરિકન અર્થતંત્રમાં ભારતીય સમુદાયનું આશરે ૨૦ અબજ ડોલરનું યોગદાન હોવાનું સ્વીકારી તેમણે કહ્યું હતું કે, ભારત અને અમેરિકાની આ ભાગીદારી ભવિષ્યમાં હજુ પણ વધુ મજબૂત બનશે તેવી તેઓ આશા રાખે છે.

રુબિયોની આ મુલાકાત માત્ર વિદેશ મંત્રીઓ વચ્ચેની વાતચીત સુધી સીમિત ન રહી, પરંતુ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે પણ ખાસ બેઠક કરી હતી. ભારતમાં અમેરિકાના રાજદૂત સેર્ગીઓ ગોરે પણ આ સંબંધોને મહત્વના ગણાવતા 'એક્સ' પર પોસ્ટ કરી હતી કે, રુબિયોનો સંદેશ સ્પષ્ટ છે કે ભારત સાથેના વ્યૂહાત્મક સંબંધો ખૂબ જ મહત્વપૂર્ણ છે. હૈદરાબાદ હાઉસમાં યોજાયેલી આ પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણાથી બંને દેશોએ પરસ્પર વિશ્વાસ અને સહયોગની નવી આશા વ્યક્ત કરી છે.

### વિઝા અને ઈમિગ્રેશન નીતિઓ અંગે સ્પષ્ટતા

તાજેતરમાં અમેરિકા દ્વારા જે-૧, એફ-૧ અને એચ-૧બી વિઝા શ્રેણીઓમાં કરાયેલા ફેરફારો અંગેના પ્રશ્નના જવાબમાં રુબિયોએ જણાવ્યું હતું કે, આ સુધારા કોઈ ચોક્કસ દેશને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા નથી. આ એક વૈશ્વિક સમીક્ષા પ્રક્રિયા છે જે તમામ દેશો માટે એકસમાન રીતે લાગુ પડે છે. તેમણે ઉમેર્યું કે, અમેરિકા હાલમાં ૨ કરોડથી વધુ ગેરકાયદેસર પ્રવાસીઓની ઈમિગ્રેશન કટોકટીનો સામનો કરી રહ્યું છે, જેના કારણે રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને નીતિઓમાં ફેરફાર કરવા અત્યંત અનિવાર્ય બન્યા છે. તેમનો મુખ્ય હેતુ દેશની સિસ્ટમને વધુ સુરક્ષિત અને

### સંબંધોનું ઉજ્જવળ ભવિષ્ય

વિદેશ મંત્રી એસ. જયશંકર અને માર્કો રુબિયો વચ્ચેની આ બેઠકે સ્પષ્ટ કર્યું છે કે નાના-મોટા વિવાદો કે ટિપ્પણીઓથી બંને દેશોના મજબૂત સંબંધો પર કોઈ અસર પડશે નહીં. એક લોકશાહી દેશ તરીકે અમેરિકા અને ભારત બંને માનવીય મૂલ્યો અને આર્થિક સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવા પ્રતિબદ્ધ છે.

રુબિયોના આ નિવેદનોએ એ સાબિત કર્યું છે કે કૂટનીતિક સ્તરે ભારત અને અમેરિકા એકબીજાની જરૂરિયાતો અને પરિસ્થિતિઓને સમજવા માટે તૈયાર છે. આગામી સમયમાં આ વ્યૂહાત્મક ભાગીદારી માત્ર આર્થિક જ નહીં, પરંતુ વૈશ્વિક સુરક્ષાના સંદર્ભમાં પણ નિર્ણાયક ભૂમિકા ભજવશે.

---

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકાથી ૩૫ હજાર ગુજરાતીઓએ પરત આવવું પડશે



અમદાવાદ | અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે ઈમિગ્રેશન પોલિસીમાં કરેલા મોટા ફેરફારોને પગલે ગુજરાતમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા નવા મેમો અનુસાર, ગ્રીન કાર્ડ મેળવવા ઈચ્છતા હજારો લોકોએ અમેરિકા છોડીને પોતાના સ્વદેશ પરત ફરીને અરજી કરવાની રહેશે. આ નિર્ણયની સીધી અસર આગામી ૬ થી ૧૨ મહિનામાં અંદાજે ૩૫,૦૦૦ જેટલા ગુજરાતીઓ પર પડવાની શક્યતા છે. આ નવી નીતિની અસર સૌથી વધુ H-1B અને L-1 વિઝા પર અમેરિકામાં કાર્યરત પ્રોફેશનલ્સ પર પડી રહી છે. અમદાવાદ, સુરત, વડોદરા, આણંદ અને રાજકોટ જેવા શહેરોમાંથી ગયેલા આ ટેકનોક્રેટ્સ અને પ્રોફેશનલ્સ માટે આ નિર્ણય કોઈ આફતથી ઓછો નથી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ઈબી-૨ અને ઈબી-૩ કેટેગરીમાં ગ્રીન કાર્ડ માટે રાહ જોઈ રહેલા હજારો ગુજરાતીઓ હવે અનિશ્ચિતતાના ભોગ બન્યા છે. આ લોકો લાંબા સમયથી અમેરિકામાં સ્થાયી થયા હતા અને હવે અચાનક પરત ફરવાની સ્થિતિ સર્જાતા તેમનું વ્યાવસાયિક અને પારિવારિક જીવન ખોરવાઈ ગયું છે.

### ક્વેટામાં આત્મઘાતી વિસ્ફોટમાં ૨૫ના મોત થયા, ટ્રેન વિસ્ફોટમાં ૨૫ના મોત



ક્વેટા | પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં આજે એક અત્યંત કરુણ આત્મઘાતી વિસ્ફોટની ઘટના સામે આવી છે. ક્વેટા રેલવે સ્ટેશન પાસે થયેલા આ પ્રચંડ ધડાકામાં ૨૫ જેટલા નિર્દોષ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે, જ્યારે ૮૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. ઈદની ઉજવણીના માહોલ વચ્ચે સર્જાયેલી આ કાયરતાપૂર્ણ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચાવી દીધી છે. ક્વેટા કેન્ટોનમેન્ટથી નીકળેલી એક શટલ ટ્રેન જ્યારે ચમન ફાટક નજીક પહોંચી ત્યારે આ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે ટ્રેનના ડબ્બાઓના ફૂરચે ફૂરચા ઉડી ગયા હતા અને આસપાસની ઈમારતોના કાચ પણ ધડાકાના આંચકાથી ફૂટી ગયા હતા. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે આ ટ્રેનમાં સૈનિકો અને સામાન્ય મુસાફરો સવાર હતા, જેઓ તહેવાર નિમિત્તે પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા.

---

## રશિયા યુક્રેન યુદ્ધ વધુ વકર્યું, ઝેલેન્સ્કીની દેશવાસીઓને ચેતવણી

# રશિયાની હાયપરસોનિક મિસાઇલથી કીવ ધ્રૂજ્યું, કીવ હુમલો, ઝેલેન્સ્કીનું એલર્ટ

(એજન્સી) કીવ । તા. 25

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ ફરી એકવાર અત્યંત ખતરનાક વળાંક પર પહોંચ્યું છે. શનિવાર અને રવિવારની રાત્રિ દરમિયાન રશિયાએ યુક્રેનની રાજધાની કીવ સહિતના અનેક શહેરો પર પ્રચંડ મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. આ હુમલામાં રશિયાએ તેના અત્યાધુનિક અને ઘાતક ગણાતા 'ઓરેશનિક' હાયપરસોનિક બેલેસ્ટિક મિસાઈલનો ઉપયોગ કરતા યુક્રેનિયનમાં ખળભળાટ મચી ગયો છે. પરમાણુ કે પરંપરાગત શસ્ત્રો લઈ જવામાં સક્ષમ આ મિસાઈલે કીવ ક્ષેત્રના બિલા ત્સેરકવા શહેરને નિશાન બનાવ્યું હતું.



### હુમલાની વ્યાપકતા અને નુકસાન

મીડિયા અહેવાલ મુજબ, રશિયાએ એક સાથે ૬૦૦ સ્ટ્રાઈક ડ્રોન અને ૯૦ જેટલી મિસાઈલોથી યુક્રેનને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. યુક્રેનની હવાઈ સુરક્ષા પ્રણાલીએ મોટાભાગના હુમલાઓને રોકવામાં સફળતા મેળવી હોવાનો દાવો કર્યો છે. યુક્રેનિયન વાયુસેનાના જણાવ્યા અનુસાર, તેમણે ૫૪૯ ડ્રોન અને ૫૫ મિસાઈલોને આકાશમાં જ નષ્ટ અથવા જામ કરી દીધી હતી. તેમ છતાં, રશિયાની કેટલીક ઘાતક મિસાઈલો પોતાના લક્ષ્ય સુધી પહોંચવામાં સફળ રહી હતી, જેના કારણે ઘણી મોટી ઈમારતો, શાળાઓ અને નાગરિકોના રહેઠાણો ધ્વસ્ત થઈ ગયા છે.

### રાજદ્વારી મિશનો પર હુમલો

આ ભીષણ હુમલા દરમિયાન માત્ર સામાન્ય નાગરિકો જ નહીં, પરંતુ રાજદ્વારી મિશનો પણ સુરક્ષિત રહ્યા નથી. અલ્બાનિયાના વિદેશ પ્રધાન ફેરિક હોક્સાએ પુષ્ટિ કરી છે કે યુક્રેનમાં સ્થિત તેમના દેશના રાજદૂતનું રહેઠાણ પણ રશિયન હુમલાનું નિશાન બન્યું હતું. તેમણે આ ઘટનાને ગંભીર તંગદિલી ગણાવીને સખત શબ્દોમાં નિંદા કરી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની સહિતના અનેક નેતાઓએ રશિયાના આ પગલાની ઉગ્ર ટીકા કરી છે.

યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ હુમલા પૂર્વે જ દેશવાસીઓને ગંભીર સાવચેતી રાખવા આદેશ આપ્યો હતો. તેમણે સંબોધનમાં સ્પષ્ટ કર્યું હતું કે રશિયા પાગલપણાની હદ વટાવી ચૂક્યું છે અને તે કીવ સહિતના લગભગ તમામ મુખ્ય શહેરોને એકસાથે નિશાન બનાવવા માંગે છે. સાયરન વાગતા જ તાત્કાલિક સુરક્ષિત બંકરોમાં આશરો લેવા નાગરિકોને સૂચના આપવામાં આવી છે. કીવના મેયરે જણાવ્યું છે કે અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચલાવવામાં આવી રહી છે.

### સરહદી વિસ્તારોમાં પણ સંઘર્ષ

યુદ્ધની આ આગ માત્ર યુક્રેન સુધી સીમિત નથી. રવિવારે વહેલી સવારે રશિયાના બેલગોરોદ વિસ્તારના ગ્રેવોરોન શહેરમાં યુક્રેની ડ્રોન હુમલામાં એક નાગરિકનું મોત થયાના અહેવાલ છે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે પણ દાવો કર્યો છે કે તેમણે મોસ્કો ક્ષેત્ર, દક્ષિણ-પશ્ચિમ રશિયા અને ક્રિમિયા પર ઉડી રહેલા ૩૩ ડ્રોન તોડી પાડ્યા છે.

### સુરક્ષા વ્યવસ્થા હાઈ એલર્ટ પર

સમગ્ર યુક્રેનમાં હવાઈ સુરક્ષા વ્યવસ્થાને 'હાઈ એલર્ટ' પર મૂકી દેવામાં આવી છે. રશિયા અને યુક્રેન વચ્ચેનું આ યુદ્ધ અટકવાનું નામ નથી લઈ રહ્યું, જેના કારણે યુરોપના આ પ્રદેશમાં માનવીય સંકટ ઊંડું બની રહ્યું છે. હાયપરસોનિક મિસાઈલના પ્રયોગ બાદ હવે યુદ્ધની રણનીતિ અને ભવિષ્યના જોખમો પર આખી દુનિયાની નજર મંડાયેલી છે. સુરક્ષા નિષ્ણાતોનું માનવું છે કે રશિયાની આ વધતી આક્રમકતા આગામી દિવસોમાં ભૌગોલિક રાજકીય સમીકરણોમાં મોટા ફેરફાર લાવી શકે છે.

---

# વ્હાઈટ હાઉસ પાસે ગોળીબારમાં હુમલાખોર ઠાર, ગોળીબારમાં હુમલાખોરનું મૃત્યુ



(એજન્સી) વોશિંગ્ટન । તા. 25

અમેરિકાના રાજકીય કેન્દ્ર ગણાતા વ્હાઈટ હાઉસની સુરક્ષા વ્યવસ્થામાં આજે એક મોટી ક્ષતિ અને હુમલાની ઘટના સામે આવી છે. વ્હાઈટ હાઉસના સુરક્ષા ચેકપોઈન્ટ નજીક એક યુવકે અચાનક અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા વળતા પ્રહારમાં આ હુમલાખોર યુવક ઘટનાસ્થળે જ ગંભીર રીતે ઘાયલ થયો હતો અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું છે.

સોમવારે સાંજે ૭ વાગ્યાના સુમારે વ્હાઈટ હાઉસની ૧૭મી સ્ટ્રીટ પર આવેલા પેનસિલ્વેનિયા એવેન્યૂ વિસ્તારમાં આ ઘટના બની હતી. ૨૧ વર્ષીય નસીરે બેસ્ટ નામના યુવકે પોતાની બેગમાંથી બંદૂક કાઢીને ગોળીબાર કરવાનું શરૂ કર્યું હતું. સિક્રેટ સર્વિસના જવાનોએ તરત જ ત્વરિત કાર્યવાહી કરીને તેને ઘેરી લીધો હતો. સામસામે થયેલા ગોળીબારમાં હુમલાખોર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો, જેને તાત્કાલિક તબીબી મદદ માટે ખસેડાયો હતો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

મેરિલેન્ડનો રહેવાસી આ યુવક માનસિક રીતે બીમાર હોવાનું કોર્ટના દસ્તાવેજોમાં બહાર આવ્યું છે. આ યુવક અગાઉ પણ ત્રણ વખત વ્હાઈટ હાઉસમાં ઘૂસવાનો પ્રયાસ કરી ચૂક્યો છે અને તે ધરપકડ થાય તેવું ઈચ્છતો હતો.

---

# ભારત-બાંગ્લાદેશ સરહદે તારબંદી પર તંગદિલી, સરહદી વિસ્તારમાં વધ્યો તણાવ, BSFની સતર્કતાથી ટળ્યો સંઘર્ષ

(એજન્સી) મેખલીગંજ । તા. 25

ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ પર તીનબિઘા કોરિડોર નજીક આવેલા દહગ્રામ-અંગારપોટા વિસ્તારમાં તારબંદીના કામને લઈને ગંભીર તંગદિલી સર્જાઈ હતી. સરહદી સુરક્ષા વધારવા માટે હાથ ધરવામાં આવેલી કામગીરીનો બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ અને સ્થાનિક નાગરિકો દ્વારા વિરોધ કરવામાં આવતા સરહદ પર વાતાવરણ તણાવપૂર્ણ બની ગયું હતું.

મેખલીગંજ બ્લોકના સરહદી વિસ્તારમાં સુરક્ષાના હેતુથી કાંટાળા તારની વાડ લગાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી પૂર્ણ કરવા માટે અંદાજે ૧૦૫ એકર જમીનની જરૂરિયાત છે, જેમાંથી લગભગ ૮૦ એકર જમીન ભારતની ભૌગોલિક સીમામાં આવેલા બાંગ્લાદેશી છિટમહલ દહગ્રામ-અંગારપોટા વિસ્તારમાં આવે છે. સ્થાનિક વહીવટીતંત્ર અને જમીન સુધાર વિભાગના અધિકારીઓ જ્યારે જમીન માલિકોની



ઉપસ્થિતિમાં જમીન માપણીની પ્રક્રિયા કરી રહ્યા હતા, ત્યારે બાંગ્લાદેશના નાગરિકો અને બીજીબીના જવાનોએ એકાએક વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધને પગલે કામગીરી અટકાવવી પડી હતી અને વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાસ્થળે હાજર રહેલા બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ અત્યંત સંયમ અને પરિપક્વતા દાખવી પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. કોઈપણ પ્રકારના મોટા સંઘર્ષ કે હિંસક અથડામણને ટાળવા માટે સુરક્ષા દળોએ ત્વરિત પગલાં ભર્યા હતા. સરહદી વિસ્તારોમાં સુરક્ષા અને શાંતિ જાળવવી એ પ્રાથમિકતા હોવાનું જણાવી સેનાએ સ્થિતિને શાંત કરી હતી.

### સ્થાનિક પ્રતિનિધિની મુલાકાત

આ સંવેદનશીલ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક ધારાસભ્ય દધિરામ રાયે તરત જ સરહદી વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે સ્થિતિનો તાગ મેળવ્યો હતો અને સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. સરહદ પર તારબંદીનું કામ સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત આવશ્યક છે, ત્યારે આ વિવાદનો શાંતિપૂર્ણ અને રાજદ્વારી માર્ગે ઉકેલ લાવવો અત્યંત જરૂરી છે. હાલ સમગ્ર સરહદી પટ્ટી પર બીએસએફ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે, જેથી ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે. સ્થાનિક વહીવટીતંત્ર પણ આ મામલે સતત મોનિટરિંગ કરી રહ્યું છે.

---

**એઆઈ** | ઓપનએઆઈ ભરતીમાં કરોડોનો પગાર, ટેકનોલોજી સુરક્ષા નિષ્ણાતોની માંગ

# કૃત્રિમ બુદ્ધિમત્તા પર કાબૂ મેળવવા કરોડોનો પગાર

(એજન્સી) નવી દિલ્હી/કેલિફોર્નિયા । તા. 25

દુનિયાની અગ્રણી કૃત્રિમ બુદ્ધિમત્તા કંપની ઓપનએઆઈએ એક એવી ભરતી બહાર પાડી છે જેણે ટેક જગતમાં ભારે ચર્ચાઓ જગાવી છે. કંપની એક એવી વ્યક્તિની શોધમાં છે જે ભવિષ્યમાં અત્યંત શક્તિશાળી બની રહેલી કૃત્રિમ બુદ્ધિમત્તાને માનવજાત માટે જોખમી બનતી અટકાવી શકે. આ ચોક્કસ અને અત્યંત જવાબદારીભરી કામગીરી માટે કંપની વાર્ષિક ૩.૭ કરોડ રૂપિયા સુધીનું આકર્ષક પેકેજ આપવા માટે તૈયાર છે. આ જાહેરાતે સાબિત કર્યું છે કે ટેકનોલોજી જેટલી ઝડપથી વિકસી રહી છે, તેના જોખમોને પારખવા પણ એટલા જ જરૂરી બન્યા છે.

### પ્રીપેર્ડનેસ ટીમનું મહત્વ અને કાર્યભાર

આ નોકરી કંપનીની વિશેષ 'પ્રીપેર્ડનેસ ટીમ' (તૈયારી સમિતિ) માટે છે. આ ટીમનું મુખ્ય લક્ષ્ય એ છે કે ભવિષ્યમાં જો કૃત્રિમ બુદ્ધિમત્તા વધુ શક્તિશાળી અને સ્વાયત્ત બની જાય, તો તે માનવજાત માટે કેવા



પ્રકારના જોખમો ઊભા કરી શકે તેનું ઊંડાણપૂર્વક મૂલ્યાંકન કરવું. કંપનીની આ જાહેરાતમાં 'રિકર્સિવ સેલ્ફ ઈમ્પ્રૂવમેન્ટ' (સ્વયં-સુધારણા) શબ્દનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નિષ્ણાતોના મતે, આ એક એવી સ્થિતિ છે જ્યાં કૃત્રિમ બુદ્ધિમત્તા માણસોની મદદ વગર જ પોતાના મોડલ્સમાં સુધારા કરી શકે છે અને નવી ક્ષમતાઓ વિકસાવી શકે છે. વિશ્વના અનેક દિગ્ગજ નિષ્ણાતો આ સ્થિતિને 'સુપરઈન્ટેલિજન્સ રિસ્ક' તરીકે ઓળખાવી રહ્યા છે.

ઓપનએઆઈએ સ્પષ્ટ કર્યું છે કે આ પદ માટે માત્ર ટેકનિકલ ક્ષમતા પૂરતી નથી. કંપનીને એવા ઉમેદવારો જોઈએ છે જેઓ 'ટેસ્ટફૂલ અને સ્ટ્રેટેજિક' એટલે કે દૂરંદેશી હોય. લાંબા ગાળાના પરિણામોને સમજવાની અને માનવ સંસ્કૃતિ પર તેની શું અસર પડશે તેનો અંદાજ લગાવવાની ક્ષમતા આ કામમાં સૌથી મહત્વની છે. કંપનીની આ જાહેરાત સૂચવે છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના આ યુગમાં હવે તેની બનાવટ જેટલી જ તેની સુરક્ષા અને નિયંત્રણ અત્યંત અનિવાર્ય બની ગયા છે.

### ટેક જગતની બદલાતી પ્રાથમિકતાઓ

આ પ્રકારની ભરતી એ દર્શાવે છે કે ટેક કંપનીઓ હવે માત્ર નવી ટેકનોલોજી બનાવવા પર જ નહીં, પરંતુ તેના પર નૈતિક અને સુરક્ષાત્મક અંકુશ રાખવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. નિષ્ણાતોના મતે, આગામી વર્ષોમાં આ પ્રકારના 'એઆઈ સેફ્ટી એક્સપર્ટ્સ'ની માંગમાં અનેકગણો વધારો થશે.

---

# શું ઈરાન પણ ઈઝરાયલ સાથે હાથ મિલાવશે?

(એજન્સી) વોશિંગ્ટન । તા. 25

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય-પૂર્વની ભૂ-રાજનીતિમાં એક મોટો ધડાકો કરતા દાવો કર્યો છે કે ઈરાન ટૂંક સમયમાં જ ઐતિહાસિક 'અબ્રાહમ અકોર્ડ' એટલે કે અબ્રાહમ સમજૂતીમાં જોડાઈ શકે છે. ટ્રમ્પના આ ચોંકાવનારા નિવેદન બાદ સમગ્ર વિશ્વમાં રાજદ્વારી ગલીયારાઓમાં ચર્ચાઓનું બજાર ગરમ થઈ ગયું છે.

મીડિયા અહેવાલ અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર મધ્ય-પૂર્વના દેશોનો આભાર માનતી એક પોસ્ટમાં ઈરાનના આ કરારમાં જોડાવાના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે, મધ્ય-પૂર્વમાં સહયોગ મજબૂત થઈ રહ્યો છે અને કોણ જાણે, કદાચ ઈરાન પણ આ ઐતિહાસિક સમજૂતીનો હિસ્સો બની જાય! ટ્રમ્પ અગાઉ પણ આવા દાવા કરી ચૂક્યા છે, જે દર્શાવે છે કે તેઓ ઈરાન સાથેની દુશ્મનીને શાંત કરવા માટે એક અલગ રાજદ્વારી માર્ગ અપનાવવા માંગે છે.

બીજી તરફ, ઈરાનનું વલણ હંમેશાથી સ્પષ્ટ રહ્યું છે. અગાઉ પણ જ્યારે ટ્રમ્પે આવા સંકેતો આપ્યા હતા ત્યારે ઈરાનના વિદેશ મંત્રાલયે ઈઝરાયલને દેશ તરીકે માન્યતા આપવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. ઈરાન આ સમજૂતીને પેલેસ્ટાઈન સાથેનો વિશ્વાસઘાત ગણાવે છે. ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પછી ઈરાન માટે ઈઝરાયલનો વિરોધ તેમની વિદેશ નીતિનો મુખ્ય સ્તંભ રહ્યો છે. હમાસ, હિઝબુલ્લાહ અને હુથી જેવા સંગઠનોને ઈરાન દ્વારા મળતું સમર્થન આ દુશ્મનીનું મોટું પ્રમાણ છે. અબ્રાહમ સમજૂતી ૨૦૨૦માં અમેરિકાની મધ્યસ્થતાથી શરૂ થઈ હતી, જેનો મુખ્ય હેતુ આરબ દેશો અને ઈઝરાયલ વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાનો હતો.

## કર્ણાટકમાં મોટો રાજકીય ઉલટફેર? | ડીકે શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાની માંગ ઉગ્ર

# CMને હાઈકમાન્ડનું તેડું આવતા અટકળો તેજ, શિવકુમારના સમર્થકો ઉત્સાહમાં

(એજન્સી) નવી દિલ્હી | તા 25

કેરળ ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન અને તમિલનાડુમાં ગઠબંધન સરકાર બનાવ્યા બાદ કોંગ્રેસ હાઈકમાનનો આત્મવિશ્વાસ સાતમા આસમાને છે. હવે પાર્ટી નેતૃત્વની નજર કર્ણાટકના આંતરિક રાજકારણ પર ટકેલી છે. આ દરમિયાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને આજે અચાનક દિલ્હી બોલાવવામાં આવ્યા છે, જેને પગલે કર્ણાટકમાં સત્તા પરિવર્તનની ચર્ચાઓ ખૂબ જ તેજ બની ગઈ છે. એવું માનવામાં આવી રહ્યું છે કે રાહુલ ગાંધી અને કોંગ્રેસના ટોચના નેતાઓ સાથે થનારી આ બેઠકમાં લાંબા સમયથી ચર્ચામાં રહેલા 'પાવર શેરિંગ ફોર્મ્યુલા' પર કોઈ મોટો નિર્ણય લેવાઈ શકે છે.

ખરેખર, કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના ત્રણ વર્ષ પૂરા થતાં જ ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના સમર્થકોએ તેમને મુખ્યમંત્રી બનાવવાની માંગ ઉગ્ર કરી દીધી છે. આવી સ્થિતિમાં હવે એ સવાલ ઊભો થઈ રહ્યો છે કે શું



કોંગ્રેસ હાઈકમાન કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનનો રસ્તો સાફ કરવા જઈ રહ્યું છે? સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં યોજાનારી આ મહત્ત્વની બેઠકમાં કર્ણાટક સરકાર સાથે જોડાયેલા ઘણા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા થશે, જેમાં કેબિનેટમાં સંભવિત ફેરબદલ અને સિદ્ધારમૈયા તેમજ શિવકુમાર જૂથ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ મુખ્ય છે. સીએમ સિદ્ધારમૈયાએ પહેલા કહ્યું હતું કે જ્યારે હાઈકમાન બોલાવશે ત્યારે જ તેઓ દિલ્હી જશે, અને હવે તેમના આ અચાનક દિલ્હી પ્રવાસે રાજકીય ગરમાવો વધારી દીધો છે. બીજી તરફ, ડીકે શિવકુમારે તાજેતરમાં જ નિવેદન આપ્યું હતું કે તેઓ અને સિદ્ધારમૈયા બંને કોંગ્રેસ હાઈકમાનના નિર્ણયનું પાલન કરશે. આમ છતાં, તેમના સમર્થકોની ગતિવિધિઓએ રાજ્યના રાજકારણમાં ભારે હલચલ મચાવી દીધી છે. છેલ્લા કેટલાક દિવસોથી શિવકુમારના સમર્થકો જાહેરમાં તેમને 'આગામી મુખ્યમંત્રી' તરીકે ગણાવી રહ્યા છે. મૈસૂરમાં તેમના જન્મદિવસની ઉજવણી દરમિયાન 'Next CM DK Boss' લખેલી કેક કાપીને સ્પષ્ટ રાજકીય સંદેશ આપવામાં આવ્યો હતો. આ સિવાય બેંગલુરુ, બેલગાવી અને કર્ણાટકના અન્ય ઘણા વિસ્તારોમાં શિવકુમારના સમર્થનમાં મોટા-મોટા પોસ્ટરો અને કટઆઉટ્સ લગાવવામાં આવ્યા છે, જેમાં 'નેક્સ્ટ સીએમ ડીકેએસ' જેવા નારા લખવામાં આવ્યા છે.

### શું હતો 2023નો એ ગુપ્ત 'અઢી-અઢી વર્ષ'નો ફોર્મ્યુલા?

જોકે કોંગ્રેસ પાર્ટીએ આ બધી બાબતોને સમર્થકોની લાગણી ગણાવીને શાંત પાડવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ આનાથી એ જૂની સત્તા-ભાગીદારી ફોર્મ્યુલાની ચર્ચા ફરી જીવંત થઈ ગઈ છે, જે 2023માં કોંગ્રેસની સત્તામાં વાપસી વખતે ચર્ચામાં આવી હતી. એવું કહેવાય છે કે સરકારની રચના સમયે સિદ્ધારમૈયા અને શિવકુમાર વચ્ચે મુખ્યમંત્રી પદની મુદત વહેંચવા અંગે આંતરિક સમજૂતી થઈ હતી. જોકે, પાર્ટીએ ક્યારેય સત્તાવાર રીતે 'અઢી-અઢી વર્ષ'ના કોઈ ફોર્મ્યુલાની પુષ્ટિ કરી નથી. હવે જ્યારે સરકારે સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ કરી લીધા છે, ત્યારે શિવકુમાર જૂથ સંપૂર્ણ રીતે સક્રિય થઈ ગયું છે. હાલમાં કોંગ્રેસ નેતૃત્વ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ દિલ્હીની આ બેઠક પર સમગ્ર કર્ણાટકની નજર મંડાયેલી છે.

## જવાનની માએ હાથ ગૂમાવ્યો, ન્યાય માટે 50 જવાન કમિશનર ઓફિસ પહોંચ્યા



કાનપુર: કાનપુરમાં ડોક્ટરોની બેદરકારીને કારણે એક જવાનની માતાએ પોતાનો હાથ કપાવવો પડયો હતો, જોકે આઈટીબીપીના આ જવાનની ફરિયાદ છતા પોલીસ દ્વારા કોઇ જ કાર્યવાહી ના કરાઇ, પરિણામે આઇટીબીપીના ૫૦થી વધુ જવાનો હથિયારો સાથે ૧૫ ગાડીઓ અને ટ્રક ભરીને કમિશનરની ઓફિસે પહોંચી ગયા હતા. તેથી ભીસમાં આવેલી પોલીસે અંતે આરોપી ડોક્ટરો સામે તપાસ માટે ટીમ રચી હતી.

મહારાજપુર સ્થિત ૩૨મી બટાલિયનમાં તૈનાત આઇટીબીના જવાન કોન્સ્ટેબલ વિકાસસિંહની માતા નિર્મલા દેવીને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી, તેથી જવાન તેમને કૃષ્ણા હોસ્પિટલ લઇ ગયા, આ ખાનગી હોસ્પિટલમાં તેને કેટલાક ઈન્જેક્શન આપવામાં આવ્યા જેને કારણે તેના હાથમાં ઈન્ફેક્શન થવા લાગ્યું, બાદમાં જવાન માતાને અન્ય એક ખાનગી હોસ્પિટલમાં લઇ ગયો જ્યાંના ડોક્ટરોએ હાથ કાપવાની સલાહ આપી હતી કેમ કે ઈન્ફેક્શન બહુ જ વધી ગયું હતું. સ્થિતિને ધ્યાનમાં રાખીને અંતે માતાનો હાથ કાપવો પડયો હતો. બાદમાં જવાને પોલીસ સ્ટેશનોમાં જઈને અનેક રજુઆતો કરી, એટલુ જ નહીં માતાનો કપાયેલો હાથ લઈને પણ તે પોલીસ અધિકારીઓ પાસે ન્યાય માગવા ગયો. જોકે કોઈએ ધ્યાન ના આપ્યું, પોતાના સાથી જવાનની આ હાલત જોઈને અન્ય જવાનો વિફર્યા અને ૧૫ ગાડીઓ-ટ્રક સાથે કાનપુરની કમિશનર ઓફિસે પહોંચી ગયા. શરૂઆતમાં એવા અહેવાલો સામે આવ્યા હતા કે જવાનોએ પોલીસ કમિશનર કચેરીને ઘેરાવ કરી લીધો હતો, જોકે બાદમાં પોલીસ અને આઇટીબીપીએ સ્પષ્ટતા કરી હતી કે બન્ને તરફથી બેઠક અંગે ચર્ચા બાદ આ મુલાકાત કરવામાં આવી હતી. બીજી તરફ ભીસમાં આવેલા પોલીસ કમિશનરે સમગ્ર મામલે એક તપાસ ટીમ રચી છે, અગાઉ જે તપાસ કરવામાં આવી તેને ફગાવી દેવાઇ છે તેથી ફરીથી તપાસ કરવામાં આવશે.

## News Brief

### મહારાષ્ટ્રનું બ્રહ્મપુરી 47.2 ડિગ્રી સાથે દેશમાં સૌથી ગરમ, યુપીના બાંદામાં 46.8 ડિગ્રી

(એજન્સી) નવી દિલ્હી | તા 25

દેશના મોટાભાગના રાજ્યો હાલમાં અસહ્ય લૂ અને કાળઝાળ ગરમીની ચપેટમાં છે. ભારતીય હવામાન વિભાગના અહેવાલ અનુસાર, મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશનું બ્રહ્મપુરી 47.2 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે સમગ્ર દેશમાં સૌથી ગરમ મથક નોંધાયું છે. જો કે, હવામાન વિભાગે આગામી 29 મેથી ગરમીના આ પ્રકોપમાંથી ધીમે-ધીમે આંશિક રાહત મળવાની સંભાવના વ્યક્ત કરી છે.હવામાન વિભાગે તેની સત્તાવાર આગાહીમાં જણાવ્યું છે કે, આગામી 7 દિવસ દરમિયાન મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં તીવ્રથી અતિ તીવ્ર હીટવેવની સ્થિતિ યથાવત રહેશે. જ્યારે પૂર્વ અને સંલગ્ન દ્વીપકલ્પ ભારતમાં આગામી 3 થી 5 દિવસ સુધી આ સ્થિતિ પ્રવર્તશે.મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશમાં ગરમીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. બ્રહ્મપુરીમાં પારો ગગડીને 47.2 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયો હતો, જે સામાન્ય તાપમાન કરતાં 4.6 ડિગ્રી વધુ છે. આ સાથે તે દેશનું સૌથી ગરમ સ્થળ બન્યું છે. વિદર્ભના અન્ય વિસ્તારોમાં પણ પારો 45 ડિગ્રીની આસપાસ રહ્યો હતો, જેમાં ચંદ્રપુરમાં 45.6 ડિગ્રી,નાગપુરમાં 45.4 ડિગ્રી, અમરાવતીમાં 45.2 ડિગ્રી અને ગોંદિયામાં 45 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. ઉત્તર પ્રદેશની વાત કરીએ તો, રાજધાની લખનૌમાં મહત્તમ તાપમાન 42.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 28.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં અનુક્રમે 2.4 અને 3.2 ડિગ્રી વધુ છે.

## તેઓ સુધરવા તૈયાર જ નથી: સુપ્રીમ કોર્ટનો આક્રોશ

# દુ:ખની વાત છે કે તમે કંઈ શીખ્યા જ નથી: NEET પેપર લીક મુદ્દે સુપ્રીમ કોર્ટે NTA-સરકારનો ઉધડો લીધો

(એજન્સી) નવી દિલ્હી | તા 25

દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET-UG ફરી એકવાર વિવાદોના વંટોળમાં ફસાઈ ગઈ છે. વર્ષ 2026માં યોજાયેલી આ પરીક્ષામાં પેપર લીક અને ગેરરીતિના બાદ આ મામલો દેશની સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. સોમવારે આ મામલે સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે પરીક્ષા લેતી એજન્સી નેશનલ ટેસ્ટિંગ એજન્સી અને કેન્દ્ર સરકાર પર આક્રોશ ઠાલવ્યો છે. કોર્ટે ભૂતકાળની ભૂલોમાંથી સબક ન લેવા બદલ સરકારની ઝાટકણી કાઢી છે.

આ વર્ષે દેશભરમાંથી અંદાજે 23 લાખ જેટલા વિદ્યાર્થીઓએ NEET-UG પરીક્ષા આપી છે. વિદ્યાર્થીઓ તરફથી હાજર રહેલા એડવોકેટ તન્વી દુબેએ કોર્ટને આ મામલાની ગંભીરતા અને ઈમરજન્સી સમજાવીને વહેલી સુનાવણી કરવા વિનંતી કરી હતી. અરજીઓ સાંભળ્યા બાદ સુપ્રીમ કોર્ટની બેન્ચે ભૂતકાળના સુધારાઓ લાગુ ન થવા બદલ ભારે નારાજગી વ્યક્ત કરતા કહ્યું, આ ખરેખર બહુ દુ:ખદ છે,




તેઓ પોતાની ભૂલોમાંથી કોઈ પાઠ શીખ્યા જ નથી. અમે અગાઉ આખી પરીક્ષા પદ્ધતિ સુધારવા માટે એક હાઈ-પાવર્ડ કમિટી બનાવી હતી, તો પણ સ્થિતિ કેમ આવી ને આવી જ રહી?

### સુપ્રીમ કોર્ટે NTA ને આપી માત્ર 3 દિવસની ડેડલાઈન

સુપ્રીમ કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) અને મોનિટરિંગ કમિટીને કડક આદેશ આપ્યા છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આગામી ૩ દિવસની અંદર સોગંદનામું દાખલ કરીને નીચે મુજબની વિગતો કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવે:

મોનિટરિંગ સ્ટેટસ: 14 નવેમ્બરે રચાયેલી મોનિટરિંગ કમિટીએ અત્યાર સુધી શું કામગીરી કરી તેનો રિપોર્ટ આપો.

નિયમોનું પાલન: પરીક્ષાની સુરક્ષા મજબૂત કરવા માટે હાઈ-પાવર્ડ કમિટીએ જે ભલામણો કરી હતી, તેને લાગુ કરવા માટે શું પગલાં લેવાયા તેની વિગતવાર માહિતી આપો.

### સોલિસિટર જનરલને નોટિસ, સંસ્થાઓ શંકાના દાયરામાં

સુપ્રીમ કોર્ટે આ કેસની મુખ્ય પિટિશન અને તેની સાથે જોડાયેલી તમામ અરજીઓ પર કેન્દ્ર સરકાર વતી હાજર રહેતા સોલિસિટર જનરલ ઓફ ઈન્ડિયાને નોટિસ પાઠવી છે. હવે આખોય મામલો 3 દિવસ પછી કોર્ટમાં એફિડેવિટ જમા થયા બાદ ફરી ખુલશે. કોર્ટ હવે એ તપાસશે કે અગાઉની NEET પરીક્ષાઓના કરોડોના કૌભાંડો બાદ સરકારે જે મોટા-મોટા સુધારાના વાયદા કર્યા હતા, તે હકીકતમાં કાગળ પર જ રહી ગયા છે કે તેનો કોઈ અમલ થયો છે?

## કાનપુરમાં પોલીસ સ્ટેશનથી માત્ર 200 મીટર દૂર રોડ રેજની ઘટનામાં પિતા-પુત્રની હત્યા, સોનીપતમાં ફ્લેટમાં ઘૂસીને ટ્રિપલ મર્ડર

(એજન્સી) કાનપુર | તા 25

યુપીના કાનપુર અને હરિયાણાના સોનીપતમાંથી રવિવારે મોડી રાત્રે કાળજું કંપાવી દેનારી ક્રાઈમની બે મોટી ઘટનાઓ સામે આવી છે. કાનપુરમાં રસ્તા પર બાઈક અથડાવાની સામાન્ય બાબતમાં ત્રણ બદમાશોએ પિતા-પુત્રની ચપ્પુના ઘા ઝીંકીને હત્યા કરી નાખી છે. જ્યારે સોનીપતમાં એક માથાભારે શખ્સે ફ્લેટમાં ઘૂસીને પતિ-પત્ની સહિત ત્રણ લોકોની તીક્ષ્ણ હથિયારથી ઘાતકી હત્યા કરતાં સનસનાટી મચી ગઈ છે.ઉત્તર પ્રદેશના કાનપુરના કિદવઈ નગર બાયપાસ પાસે રવિવારે રાત્રે આશરે ૯ વાગ્યે રોડ રેજ (માર્ગ પરનો ઝઘડો) ની એક ભયાનક ઘટના સામે આવી છે. સનિગવા વિસ્તારના રહેવાસી શિવનારાયણ ત્રિવેદી પોતાના બે પુત્રો શિવમ અને સત્યમ સાથે માર્બલની દુકાનેથી કામ પતાવીને બાઈક પર ઘર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન વૃંદાવન લોન પાસે તેમની બાઈક આગળ ચાલી રહેલી એક અન્ય બાઈક સાથે સહેજ અથડાઈ ગઈ હતી.આ સામાન્ય વાત પર બાઈક પર સવાર ત્રણ યુવકોએ ગાળાગાળી શરૂ કરી દીધી અને હેલ્મેટ વડે પિતા-પુત્રો પર તૂટી પડ્યા. ઝઘડો એટલો વધ્યો કે તેમાંથી કરન વર્મા નામના એક બદમાશે કમરમાંથી ચપ્પુ કાઢીને પિતા શિવનારાયણની છાતીમાં, શિવમના પેટમાં અને સત્યમની પીઠમાં હુલાવી દીધું હતું. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ શિવનારાયણ અને તેમના પુત્ર શિવમને હોસ્પિટલમાં ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા, જ્યારે સત્યમ સારવાર હેઠળ છે. આશ્ચર્યની વાત એ છે કે આ સમગ્ર ઘટના વિરાટનગર પોલીસ ચોકીથી માત્ર 200 મીટરના અંતરે બની હતી.

## પશ્ચિમ બંગાળની ફલતા વિધાનસભા બેઠક પર ભાજપનો શાનદાર વિજય



કોલકાતા: ભાજપે ફલતા વિધાનસભા બેઠક પર ફરીથી થયેલા મતદાનમાં એક લાખથી વધારે મતોનાં અંતરથી શાનદાર વિજય પ્રાપ્ત કર્યો છે. આ બેઠક લાંબા સમયથી તૃણમુલનો ગઢ ગણાતી હતી. ઈવીએમ સાથે ચેડાં અને ચૂંટણી અનિયમિતતાઓનાં આરોપ પછી ચૂંટણી પંચે ફલતા વિધાનસભાનાં તમામ મતદાન મથકો પર ફરીથી ચૂંટણી કરાવવાનો નિર્ણય લીધો હતો. ૨૧ મેનાં રોજ ફરીથી મતદાન યોજવામાં આવ્યું હતું. જેમાં ૮૬ ટકા જેટલું મતદાન થયું હતું. જો કે આ વખતે તૃણમુલ ચોથા સ્થાને રહી છે અને તેની ડિપોઝીટ પણ જપ્ત થઇ ગઇ છે. ૧,૪૯,૬૬૬ મતો મેળવીને ભાજપનાં દેબાંગ્શુ પાંડાએ પોતાની સૌથી નજીકનાં હરીફ સીપીઆઇ(એમ)નાં શંભુનાથ કુર્મીને ૧,૦૯,૦૨૧ મતોથી હરાવ્યા છે. કુર્મીને ૪૦,૬૪૫ મતો મળ્યા હતાં. જ્યારે કોંગ્રેસનાં અબ્દુલ રઝઝાક મોલ્લા ૧૦,૦૮૪ મતોથી સાથે ત્રીજા ક્રમે રહ્યાં હતાં. તૃણમુલનાં જહાંગીર ખાન જે ક્યારેક ફલતા ચૂંટણી પ્રચાર દરમિયાન સૌથી વધારે ચર્ચામાં રહેનારા ચહેરાઓ પૈકીનાં એક હતાં. તેમને ફક્ત ૭૭૮૩ વોટ મળ્યા હતાં અને તે ચોથા સ્થાને રહ્યાં હતાં અને તેમની ડિપોઝીટ પણ જપ્ત થઇ ગઇ હતી. મતદાનનાં બે દિવસે ખાને જાહેરાત કરી હતી કે ફલતાનાં હિતને ધ્યાનમાં રાખીને ચૂંટણીમાંથી ખસી રહ્યાં છે. ફલતા વિધાનસભા પર ૨૦૧૧થી તૃણમુલનો કબજો હતો. ૨૦૨૧માં પણ તૃણમુલે આ સીટ પર પોતાનો કબજો કાયમ રાખ્યો હતો અને લગભગ ૫૭ ટકા મતો મેળવ્યા હતાં. ફલતામાં વિજયની સાથે પશ્ચિમ બંગાળમાં ભાજપની સીટોની સંખ્યા ૨૦૭થી વધીને ૨૦૮ થઇ ગઇ છે. જો કે મુખ્યપ્રધાન સુવેન્દુ અધિકારી બે બેઠકો પરથી જીત્યા હતાં અને તેમણે નંદીગ્રામ બેઠક ખાલી કરતા ભાજપ સીટોની સંખ્યા ઘટીને ફરી ૨૦૭ થઇ ગઇ છે.

# અમેરિકાએ ચીનને આપેલા કેમેરા કાશ્મીરના આતંકીઓ પાસેથી મળી આવ્યા, રિપોર્ટમાં દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા 25

દિલ્હીના આતંકી હુમલાની તપાસ કરી રહેલી કેન્દ્રીય તપાસ એજન્સીએ હુમલામાં ઉપયોગમાં લેવાયેલ ટેક્નોલોજી અને એઆઈને લઈને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. એજન્સીની ચાર્જશીટમાં દાવો કરાયો છે કે આતંકીઓએ આ હુમલાને અંજામ આપવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એઆઈનો દુરુપયોગ કર્યો હતો. જ્યારે અન્ય એક ખુલાસો કેમેરાને લઈને થયો છે. લશ્કર-એ-તોયબાના આતંકીઓના આંતરરાષ્ટ્રીય નેટવર્ક અંગે પણ કેટલીક માહિતી સામે આવી છે. અમેરિકામાં તૈયાર થયેલા અત્યંત હાઈટેક કેમેરા ચીન પહોંચ્યા હતા, બાદમાં ચીનથી આ કેમેરા લશ્કર-એ-તોયબાના આતંકીઓ પાસે પહોંચ્યા હતા.



ગયા જુલાઈ મહિનામાં શ્રીનગરની પાસે દચીગામના જંગલમાં એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા આતંકીઓ પાસેથી આ કેમેરા ભારતની એજન્સીઓને હાથ લાગ્યા હતા. વધુમાં તપાસમાં સામે આવ્યું કે આ કેમેરા ચીનથી આતંકીઓ સુધી પહોંચ્યા હતા. તેથી સવાલ એ પણ ઉઠી રહ્યો છે કે શું ચીન પાકિસ્તાની આતંકીઓને હથિયારોની સાથે ટેક્નોલોજી અને આધુનિક ડિવાઈસની પણ મદદ પહોંચાડી રહ્યું છે? આ કેમેરાનો ઉપયોગ આતંકીઓ વિસ્ફોટ કે હુમલાને રેકોર્ડ કરવા માટે કરતા હોય છે, બાદમાં તેને વધુમાં વધુ લોકો સુધી ફેલાવીને બ્રેઈનવોશ કરવા ઉપયોગ થતો હોય છે.તપાસ એજન્સી સાથે સંકળાયેલા અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કેમેરા આતંકીઓ પાસે કેવી રીતે પહોંચ્યા તેની તપાસ કરવામાં આવી રહી છે, અમેરિકાથી આ કેમેરા ચીન પહોંચ્યા તે પછી ચીનના ક્યા ડિસ્ટ્રિબ્યૂટર દ્વારા તેને પાકિસ્તાન મોકલવામાં આવ્યા તેની પણ તપાસ કરવામાં આવી શકે છે. પુરી શક્યતા છે કે ચીન પાસેથી આ કેમેરા પાકિસ્તાની સૈન્ય સુધી પહોંચ્યા હશે અને પછી પાક. સૈન્યએ તેને આતંકીઓને સોંપ્યા હોઈ શકે છે. દિલ્હી વિસ્ફોટ કેસમાં પણ નવા ખુલાસા થયા છે.

# ભારતની વિકાસ યાત્રા



- શ્રી સી. પી. રાધાકૃષ્ણન
ઉપરાષ્ટ્રપતિ

જ્યારે હું તિરુપુરની સ્કૂલમાં ભણતો હતો, ત્યારે મારા દેશ માટે મારા ઘણા સપના હતા. મારા મનમાં વારંવાર આ પ્રશ્નો ઉદ્ભવતા હતા: ભારત ક્યારે તેની મહાનતા પાછી મેળવશે? તે વિશ્વ મંચ પર એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ક્યારે ઉભરી આવશે? આપણા ગરીબ અને વંચિત ભાઈ-બહેનોને ક્યારે ગૌરવપૂર્ણ જીવન મળશે? મને આનંદ છે કે કિશોરાવસ્થામાં મેં જે સ્વપ્નો જોયા હતા તે હવે સાકાર થઈ રહ્યા છે.

હું ઘણીવાર સ્વામી વિવેકાનંદના શબ્દો યાદ કરાવતો, 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રોકાશો નહીં.' તમિલનાડુની ભૂમિથી સ્વામીજી દ્વારા અપાયેલ આ શબ્દો દરેક વ્યક્તિમાં દેશભક્તિ અને સમર્પણ જાગૃત કરવાની અપાર શક્તિ ધરાવે છે. મેં હંમેશા માન્યું છે કે જ્યારે ભારત તેની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચશે, ત્યારે તે એક એવા રાષ્ટ્ર તરીકે ઉભરી આવશે જે સમગ્ર વિશ્વને માર્ગદર્શન આપશે.

છેલ્લા દાયકામાં, આપણા દેશને પ્રચંડ ઊર્જા અને દૃઢ નિશ્ચય સાથે આગળ વધતા જોઈને મને ખૂબ આનંદ થયો છે. હવે આપણી નજર સમક્ષ તિરુવલ્લુવરના આ શબ્દોની સત્યતા જોવાની તક મળી છે: 'જેઓ પોતાના સંકલ્પમાં દ્રઢ રહે છે તેઓ જે કલ્પના કરી હોય, તે જ પ્રાપ્ત કરે છે.' આપણે જોઈ શકીએ છીએ કે આપણો દેશ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે. છેલ્લા દાયકામાં ભારતે જે પ્રગતિ કરી છે તેણે વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચ્યું છે. જ્યારે સમગ્ર વિશ્વ આર્થિક મંદી અને અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યું છે, ત્યારે ભારતનું અર્થતંત્ર મજબૂત અને ઝડપથી વિકસી રહ્યું છે. આ પ્રગતિ સરકાર અને લોકો બંનેના સહિયારા ઉત્સાહને કારણે છે જે તેને સતત વિકાસનો યુગ બનાવે છે. એક સમયે નબળી અર્થવ્યવસ્થા માનવામાં આવતી હતી, ત્યારે હવે આપણો દેશ વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગઈ છે અને ટૂંક સમયમાં ત્રીજા ક્રમના સૌથી મોટો અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યો છે. સૌથી અગત્યનું, આપણો આર્થિક વિકાસ સમાવેશી રહ્યો છે.

છેલ્લા દાયકામાં, લગભગ 25 કરોડ ભારતીયો ભારે ગરીબીમાંથી બહાર નીકળીને ગૌરવપૂર્ણ જીવન જીવવામાં સફળ રહ્યા છે. ભારતમાં ગરીબો અને બેઘર લોકો માટે લગભગ 4 કરોડ પાકા ઘરો બનાવવામાં આવ્યા છે. 12 કરોડથી વધુ લોકોને પાઈપ દ્વારા પીવાના પાણીના જોડાણો પૂરા પાડવામાં આવ્યા છે. અમે ખુલ્લામાં શૌચમુક્ત રાષ્ટ્ર બનવાનું વચન આપ્યું હતું, અને માત્ર 60 મહિનામાં, દેશે 60 કરોડ લોકો માટે આ લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ, દર વર્ષે 80 કરોડ લોકોને 5 કિલો અનાજ મફતમાં આપવામાં આવે છે, જેના પર 2.3 લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવે છે. મારા બાળપણથી, મેં ગામડાઓમાં લોકોને તબીબી સુવિધાઓના અભાવે પીડાતા જોયા છે. તેમના પરિવારોની વેદના જોઈને મને દુ:ખ થતું હતું. આજે, દેશ દરેક વ્યક્તિ સુધી આરોગ્ય સેવાઓ સુલભ બને તે સુનિશ્ચિત કરવાના સંકલ્પ સાથે આયુષ્માન ભારત યોજના ચલાવી રહ્યો છે. પરિણામે, 44 કરોડથી વધુ લોકોને હવે પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના હેઠળ 5 લાખ રૂપિયા સુધીનું આરોગ્ય વીમા કવર મળી રહ્યું છે. છેલ્લા એક વર્ષમાં જ, આ યોજના હેઠળ 2.5 કરોડ લોકોને મફત સારવાર મળી છે.

પોતાના કઠોર પરિશ્રમ દ્વારા, આપણા ખેડૂતોએ 35 કરોડ ટન અનાજનું ઉત્પાદન કર્યું છે, જેનાથી ભારત વિશ્વનો બીજો સૌથી મોટો અનાજ ઉત્પાદક દેશ બન્યો છે. ચોખાના ઉત્પાદન ક્ષેત્રે પણ ભારત આજે વિશ્વમાં બીજા ક્રમે પહોંચ્યું છે. અત્યાર સુધીમાં, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ ખેડૂતોના બેંક ખાતાઓમાં 4 લાખ કરોડ રૂપિયાથી વધુ રકમ સીધી ટ્રાન્સફર કરવામાં આવી છે.

આજે, આપણી મહિલાઓ માટે રાષ્ટ્રના વિકાસમાં સંપૂર્ણ રીતે ભાગ લેવાની તકો ખુલી રહી છે. 3 કરોડથી વધુ મહિલાઓ લખપતિ દીદી અને નમો ડ્રોન દીદી બની છે. કૃષિ, શિક્ષણ, દવા, વિજ્ઞાન અને ટેક્નોલોજીથી લઈને અવકાશ ટેક્નોલોજી સુધી, મહિલાઓએ દરેક ક્ષેત્રમાં મજબૂત હાજરી સ્થાપિત કરી છે. મહિલાઓ હવે સશસ્ત્ર દળોમાં કાયમી કમિશન મેળવી રહી છે અને લડાયક ભૂમિકાઓમાં ભાગ લઈ રહી છે. નારી શક્તિ વંદન કાયદો સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં તેમની ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

જ્યારે હું દેશભરમાં પ્રવાસ કરું છું અને લખપતિ દીદીઓ અને નમો ડ્રોન દીદીઓને મળું છું, ત્યારે મને મારી બહેનોના ચહેરા પર આશાનું કિરણ દેખાય છે. દેશભરમાં લગભગ 2 કરોડ નવા LPG ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, જેનાથી મહિલાઓનું રોજિંદા જીવન સરળ બન્યું છે અને તેમનું સ્વાસ્થ્ય સુનિશ્ચિત થયું છે.

જ્યારે આપણે યુવા પેઢીને ઉત્સાહપૂર્વક સ્ટાર્ટઅપ્સ તરફ આગળ વધતા જોઈએ છીએ, ત્યારે આપણને દેશભક્ત કવિ સુબ્રમણ્યમ ભારતીના આ શબ્દો યાદ આવે છે -

**'आओ, आओ, आओ और अपने सपनों को साकार करो,**
**पूरा देश एकजुट होकर आगे बढ़े और समृद्ध बने,**
**आओ, आओ, आओ और कोई महान कार्य करके दिखाओ।'**

યુવાનોના લાભ માટે, છેલ્લા દસ વર્ષમાં 13 નવી IITની સ્થાપના કરવામાં આવી છે, જેનાથી દેશમાં IITની કુલ સંખ્યા 23 થઈ છે. તેવી જ રીતે, IIMની સંખ્યા 13 થી વધીને 21 થઈ છે. AIMSની સંખ્યા 7 થી વધીને 23 થઈ છે, અને મેડિકલ કોલેજોની સંખ્યા 37 થી વધીને 823 થઈ છે. એ ગર્વની વાત છે કે મેડિકલ વિદ્યાર્થીઓ માટે બેઠકોની સંખ્યા 51,348 થી વધીને 1,29,603 થઈ ગઈ છે.

આપણે વિશ્વ કક્ષાના માળખાગત સુવિધા તરફ પણ ઝડપથી આગળ વધી રહ્યા છીએ. ભારતીય રેલવેનું લગભગ 99 ટકા ભાગ વિદ્યુતીકરણ પૂર્ણ થઈ ચૂક્યું છે. દેશભરમાં 164 વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોના સંચાલનથી રેલ મુસાફરીના નવા યુગની શરૂઆત થઈ છે. એરપોર્ટની સંખ્યા પણ 74 થી વધીને 163 થઈ ગઈ છે, અને ઉડાન યોજનાએ સામાન્ય લોકો માટે હવાઈ મુસાફરી સુલભ બનાવી છે.

તમિલનાડુ માટે રેલવે બજેટ ફાળવણી, જે એક દાયકા પહેલા લગભગ 880 કરોડ હતી, તે 2026-27માં વધીને 7,600 કરોડ થઈ ગઈ છે. તમિલનાડુ માટે ગૌરવની વાત છે કે રામેશ્વરમ અને પંબન વચ્ચે ભારતનો પ્રથમ વર્ટિકલ લિફ્ટ બ્રિજ, નવો પંબન બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ આધ્યાત્મિક પર્યટન અને આર્થિક વિકાસ માટે એક નવી તક તરીકે ઉભરી આવ્યો છે. ભલે તે ચિનાબ બ્રિજ હોય કે બોગીબીલ બ્રિજ, ભારત હવે આધુનિક માળખાગત સુવિધાઓમાં નવી સીમાઓ બનાવી રહ્યું છે.

ભારતના વિકાસને ટેકો આપવા માટે, દેશભરમાં રોડ કનેક્ટિવિટી મજબૂત રીતે વિકસાવવામાં આવી છે, જેમાં વિશ્વ કક્ષાના ચાર-લેન અને આઠ-લેન રસ્તાઓ છે, જેમાં દૂરના ગામડાઓ પણ શામેલ છે. છેલ્લા 10 વર્ષમાં તમિલનાડુમાં 4,000 કિલોમીટરથી વધુ રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવામાં આવ્યા છે. છેલ્લા 10 વર્ષમાં પૂર્વોત્તર રાજ્યોમાં લગભગ 7,200 કિલોમીટર રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવામાં આવ્યા છે. 'પ્રગતિ' પહેલ હેઠળ પ્રધાનમંત્રીના માર્ગદર્શન દ્વારા આ તમામ વિકાસ શક્ય બન્યા છે.

પ્રી-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓ અને એકલવ્ય મોડેલ રહેણાંક શાળાઓએ અનુક્રમે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ખૂબ ફાયદો પહોંચાડ્યો છે. મારું હંમેશા માનવું છે કે વિકાસ ફક્ત સામાજિક વર્ગો સુધી મર્યાદિત ન હોવો જોઈએ, પરંતુ તેમાં તમામ ક્ષેત્રોની ભાગીદારી સુનિશ્ચિત કરવી જોઈએ. સરહદી ગામડાઓ, જે એક સમયે ભારતના છેલ્લા ગામડાઓ ગણાતા હતા, હવે દેશના પ્રથમ ગામડાઓ બની ગયા છે અને વાઈબ્રન્ટ વિલેજ યોજના દ્વારા તેનો વિકાસ થઈ રહ્યો છે.

મને ખુશી સાથે યાદ છે કે પ્રધાનમંત્રીએ પૂર્વોત્તર રાજ્યોને દેશના 'અષ્ટલક્ષ્મી' તરીકે ઓળખાવ્યા હતા. જ્યારે મેં તાજેતરમાં નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા અને સિક્કિમની મુલાકાત લીધી, ત્યારે મેં પરિવહન અને માળખાગત સુવિધાઓમાં જબરદસ્ત સુધારો જોયો.

આપણા દેશે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રોમાં જે પ્રગતિ કરી છે તે આપણા બધાને ગર્વથી ભરી દે છે. ટેકનોલોજીથી લઈને તબીબી સુવિધા સુધી, દરેક ક્ષેત્ર ઝડપી વિકાસનો અનુભવ કરી રહ્યું છે. કોવિડ-19 મહામારી દરમિયાન, ભારતે વેક્સિન ઉત્પાદનમાં, સ્વદેશી વેક્સિન વિકસાવવામાં અને ખૂબ જ ઓછા સમયમાં દરેકને મફતમાં ઉપલબ્ધ કરાવવામાં અગ્રણી ભૂમિકા ભજવી હતી. માનવતાવાદી ભાવના સાથે, ભારતે 100થી વધુ દેશોને રસીઓ પણ પૂરી પાડી, વિશ્વના ઈતિહાસમાં એક વિશેષ સ્થાન સ્થાપિત કર્યું.

ચંદ્રયાન-3ના સફળ પ્રક્ષેપણથી ભારત અદ્યતન અવકાશ સંશોધનના નવા યુગમાં પ્રવેશ્યું છે. વૈશ્વિક કંપનીઓ AI ક્ષેત્રમાં ભારતને પોતાના મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે વિકસાવી રહી છે, જેના કારણે રોકાણમાં અનેકગણો વધારો થયો છે. ભારત હવે સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રમાં વિશ્વ માટે એક મોડેલ તરીકે ઉભરી રહ્યું છે.

આપણે વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા મોબાઈલ ફોન ઉત્પાદક પણ બની ગયા છીએ. એક સમયે મોબાઈલ ફોન આયાતકાર ભારત હવે 300 કરોડ યુએસ ડોલરનો મોબાઈલ ફોન નિકાસકાર દેશ બની ગયો છે. આ બધી સિદ્ધિઓ આવનારી પેઢીઓ માટે ઉજ્જવળ ભવિષ્ય માટે મજબૂત પાયો નાખશે.

દાયકાઓથી, આપણા દેશે માત્ર આતંકવાદ જ નહીં, પરંતુ ઉગ્રવાદ અને ડાબેરી ઉગ્રવાદના પડકારોનો પણ સામનો કર્યો છે. હિંમતવાન નીતિગત નિર્ણયો અને કાયદાનું કડક પાલન કરીને, આજે દેશમાં શાંતિ સ્થાપિત થઈ છે અને આ ક્ષેત્રોમાં વિકાસના દરવાજા ખુલી ગયા છે. અમે એક લક્ષ્ય નક્કી કર્યું છે કે 2047 સુધીમાં, સ્વતંત્રતાની 100મી વર્ષગાંઠ સુધીમાં, ભારત એક અગ્રણી વૈશ્વિક શક્તિ બનશે અને વિશ્વને માર્ગદર્શન આપવાની સ્થિતિમાં હશે. સખત મહેનતનો આ સમયગાળો 'અમૃત કાળ' છે.

જેમ દરેક સ્વાતંત્ર્ય સેનાની સ્વતંત્રતા માટે ઝંખતા હતા, તેમ આજના યુવાનોએ રાષ્ટ્રીય વિકાસ માટે સંકલ્પ રાખવો જોઈએ. આ અમૃતકાળમાં, જો યુવાનોના વિચારો અને પ્રયત્નો દેશભક્તિ, ઉચ્ચ આદર્શો અને ઉમદા ચારિત્ર્ય દ્વારા સંચાલિત થાય, તો આપણે 2047માં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થતું જોઈશું.

સ્વામી વિવેકાનંદના આ શબ્દો આપણને પ્રેરણા જ નથી આપતા, પરંતુ યોગ્ય દિશા પણ બતાવે છે - "મારા ભાઈઓ, આવો આપણે સૌ મળીને અવિરત પરિશ્રમ કરીએ. આ આરામ કરવાનો સમય નથી. ભારતનું ભવિષ્ય આપણા પ્રયત્નો અને સમર્પણ પર નિર્ભર છે."

ચાલો આપણે બધા સાથે મળીને આપણી મહેનતથી વિકસિત ભારતનું નિર્માણ કરીએ.

(લેખક ભારતના ઉપરાષ્ટ્રપતિ છે)

## 2013માં બ્રિટન સ્થાયી થયેલા પરિવારની સિદ્ધિ

# હરિયાણા મૂળના માતા-પુત્ર યુ.કે.માં મેયર બન્યા



નવી દિલ્હી: હરિયાણાના ભારતીય મૂળના પરિવારના ૨૩ વર્ષીય તુષાર કુમાર અને તેની માતા પરવીન રાની બંને યુ.કે.માં મેયર તરીકે ચૂંટાઈ આવ્યા છે. મૂળ હરિયાણાના સોનિપત જિલ્લામાં રોહના ગામનો આ પરિવાર ૨૦૧૩માં બ્રિટન સ્થાયી થવા અગાઉ રોહતકમાં રહેતો હતો.૧૩ મેના રોજ એલ્સ્ટ્રી અને બોરહેમવૂડ ટાઉન કાઉન્સિલના મેયર તરીકે પદ સંભાળીને તુષારે યુ.કે.માં ભારતીય મૂળના સૌથી યુવા મેયર બનીને ઈતિહાસ રચ્યો. અઠવાડિયા પછી તેની માતા પરવીન રાની પણ હટ્ર્સમેર બરો કાઉન્સિલની ભારતીય મૂળની પ્રથમ મેયર તરીકે ચૂંટાઈ આવી. તેમના પિતા સુનિલ દહિયાએ આ ઉપલબ્ધિને પરિવાર તેમજ ભારતીય સમુદાય માટે ગર્વની પળ ગણાવી.

સુનિલ દહિયાએ જણાવ્યું કે તુષાર અને પરવીન બંને કાયમ સમાજ સેવા અને સ્વયંસેવક તરીકે વ્યસ્ત રહ્યા હતા. તુષાર કિંગ્સ કોલેજ લંડન ખાતે રાજનીતિનો અભ્યાસ કરી રહ્યો હતો ત્યારે માત્ર વીસ વર્ષની વયે કાઉન્સિલર બન્યો હતો. યુ.કે.માં સ્થાયી થવા છતાં પરિવાર હરિયાણામાં તેમના મૂળ સાથે જોડાયેલો રહ્યો છે અને નિયમિતપણે રોહતકની મુલાકાત લે છે. તુષાર અને પરવીન બંનેએ હિન્દી અને ભારતીય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા સ્વૈચ્છિક શિક્ષણ આપીને તેમજ સામાજિક કાર્યો દ્વારા યોગદાન આપ્યું છે.

# પોલીસની હાજરીમાં સલમાને કહ્યું- હનીફ દાઢી કો ગોલી મેને મારી

## વીડિયો વાઈરલ થતાં દાઢીના પરિવારે થારના કાચ તોડ્યા અને મારામારી કરી, જમાલપુરમાં બિલ્ડરનું મર્ડર ફરી ચર્ચામા

અમદાવાદ |અમદાવાદ જમાલપુરની સાંકડી ગલીઓમાં 10 વર્ષ જૂની એક હત્યાની ગૂંજ ફરી સંભળાઈ રહી છે. 2016માં બિલ્ડર હનીફ નિઝામુદ્દીન શેખ ઉર્ફે હનીફ દાઢીની જાહેરમાં ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આ કેસ વર્ષો સુધી પોલીસ ફાઈલોમાં દટાઈ ગયો હતો. પરંતુ હવે એક વાઈરલ વીડિયોએ ફરીથી સમગ્ર હત્યાકાંડનું ભૂત જીવંત કરી દીધું છે. સલમાન નામના યુવકનો'હનીફ દાઢી કો ગોલી મેને મારી'ને હત્યા કરી હોવાનો વીડિયો વાઈરલ થતા હનીફ દાઢીના પરિવારે સલમાનના ઘર પાસે થાર સહિતની ગાડીમાં તોડફોડ અને મારામારી કરી છે.

સલમાનની દાઢીના મોટા ભાઈ સાથે ઉગ્ર બોલાચાલી

જમાલપુરના કુખ્યાત યુવક સલમાન ઉર્ફે 1500 પઠાણનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. વીડિયોમાં સલમાન ગુસ્સામાં બોલતો જોવા મળે છે કે 'હનીફ દાઢી કો ગોલી મેને મારી'. આ એક જ વીડિયોએ પોલીસ, ક્રાઈમ બ્રાંચ અને જૂના ગેંગના નામોને ફરી ચર્ચામાં લાવી દીધા છે. ગઈકાલે(24મે) સલમાનની તેના મોટા ભાઈ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઘરના ઝઘડામાં



### તમામ મુદ્દાઓની સત્તાવાર પુષ્ટિ પોલીસે કરી નથી

હત્યાકાંડ બાદ શહેરમાં અનેક નામોની ચર્ચા થઈ હતી. જેમાં સલીમ જુમ્માખાન નામ સૌથી વધુ ચર્ચામાં રહ્યું હતું. સલમાને કરેલી કબુલાતમાં સલીમ જુમ્માખાને જ રાજસ્થાનથી શૂટરો બોલાવ્યા હતા. તેણે પોતાના ફ્લેટમાં તેમને આશરો આપ્યો હતો.

હુમલા બાદ શૂટરો રફીક બટકાના ઘરે ગયા હતા, જ્યાં હથિયારો મુકીને કપડા બદલ્યા હતા. સલમાનને પણ આ સમગ્ર કાવતરાની પહેલેથી જાણ હતી અને તેણે સપોર્ટ કર્યો હતો. જોકે, આ તમામ મુદ્દાઓની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી.

વાત એટલી વધી ગઈ કે સલમાન ગુસ્સામાં વર્ષો જૂના હત્યાકાંડ વિશે બોલી ગયો. તેનો ભાઈ મોબાઈલમાં વીડિયો ઉતારી રહ્યો હતો.

થોડા જ કલાકોમાં વીડિયો વાઈરલ થઈ ગયો અને આખા જમાલપુરમાં ચકચાર મચી ગઈ. આ વીડિયો વાઈરલ થતા મામલો વધુ ઉગ્ર બન્યો હતો. આક્ષેપ છે કે આ વીડિયોની અદાવત રાખીને હનીફ દાઢીના પુત્ર અને તેના સાગરિતો દ્વારા સલમાન પંદરસોના ઘર ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. વીડિયો વાઈરલ થતા જ ક્રાઈમ બ્રાંચ એક્શન મોડમાં આવી ગઈ હતી. સલમાનને ઝડપી લઈને પૂછપરછ શરૂ કરવામાં આવી છે. પોલીસ હવે એ તપાસી રહી છે કે વાઈરલ વીડિયોમાં કરાયેલી કબૂલાત પાછળ કેટલું સત્ય છે.

17 સપ્ટેમ્બર, 2016 "એ રાત જ્યારે જમાલપુર ધ્રૂજી ઉઠ્યું"તે રાત સામાન્ય હતી, પરંતુ થોડા જ સેકન્ડમાં આખું જમાલપુર ગોળીબારના અવાજથી ધ્રૂજી ઉઠ્યું હતું. હનીફ દાઢી પોતાના ઘરની નજીક બેઠા હતા ત્યારે નંબર પ્લેટ વગરની એક્ટીવા પર આવેલા બે શખ્સો તેમના પર બે રાઉન્ડ ફાયરિંગ કરીને પલાયન થઈ ગયા હતા. તપાસ દરમિયાન પોલીસને શરૂઆતથી જ આશંકા હતી કે હત્યા પ્રોફેશનલ પ્લાનિંગ સાથે કરવામાં આવી હતી.

હત્યાકાંડ બાદ શહેરમાં અનેક નામોની ચર્ચા થઈ હતી. જેમાં સલીમ જુમ્માખાન નામ સૌથી વધુ ચર્ચામાં રહ્યું હતું. સલમાને કરેલી કબુલાતમાં સલીમ જુમ્માખાને જ રાજસ્થાનથી શૂટરો બોલાવ્યા હતા. તેણે પોતાના ફ્લેટમાં તેમને આશરો આપ્યો હતો. હુમલા બાદ શૂટરો રફીક બટકાના ઘરે ગયા હતા, જ્યાં હથિયારો મુકીને કપડા બદલ્યા હતા. સલમાનને પણ આ સમગ્ર કાવતરાની પહેલેથી જાણ હતી અને તેણે સપોર્ટ કર્યો હતો. જોકે, આ તમામ મુદ્દાઓની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી.

હત્યાકાંડ પાછળ બે મોટી ચર્ચાઓ ચાલી રહી છે સલમાનની માતા મુમતાઝ બાનુની હત્યામાં હનીફ દાઢી અને તેમના સંતાનોના નામ સામે આવ્યા હતા. જોકે કોર્ટમાં પુરાવાના અભાવે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. ચર્ચા છે કે માતાની હત્યાનો બદલો લેવા હનીફ દાઢી પર સલમાને ફાયરીંગ કરાયું હતું. તો બીજી તરફ સલીમ જુમ્માખાન સાથે હનીફ દાઢીને ઘણા સમયથી અંગત અદાવત ચાલી રહી હતી. જેના કારણે અંડરવર્લ્ડ સ્ટાઈલમાં પ્લાનિંગ અને ભાડૂઆતી શૂટરોનો ઉપયોગ થતા કોન્ટ્રાક્ટ કિલિંગની પણ ચર્ચા છે.

## ઉમિયા માતાજી સંસ્થાન, સોલામાં શ્રદ્ધા, શિક્ષણ અને સામાજિક સુવિધાઓનો ત્રિવેણી સંગમ

### આ પ્રોજેક્ટ્સ સોલા કેમ્પસને શ્રદ્ધાની સાથે સાથે શિક્ષણ અને સામાજિક જવાબદારીના નિર્વાહ માટેનું એક મહત્વપૂર્ણ હબ બનાવી રહ્યા છે

(એજન્સી) અમદાવાદ | તા. 25

ઉમિયા માતાજી સંસ્થાન, સોલા દ્વારા સમાજના ઉત્કર્ષ અને સુવિધા માટે ભવ્ય ઉમિયા માતાજી મંદિર, આધુનિક બોઈઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડિંગ અને સુવિધાસભર ઉમિયા પાર્ટી પ્લોટના નિર્માણ અને વ્યવસ્થાઓની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી પ્રમુખ બાબુભાઈ જે પટેલ ( બી જે પી), ઉપપ્રમુખ રમેશભાઈ દૂધવાલા, સંસ્થાના મંત્રી જંયતિભાઈ પટેલ, સહમંત્રી મુકેશભાઈ બહુ, ટ્રસ્ટી સી.કે.પટેલ સોલા કેમ્પસના ચેરમેન પી.સી. પટેલ વાઈસ ચેરમેન પ્રવિણ પટેલ (ઘાટલોડિયા), કો ઓડિનેટર સુરેશ પટેલ, ખજાનચી હસમુખ પટેલ, સંગઠન પ્રમુખ પ્રવીણભાઈ, બાંધકામ કમિટિના ચેરમેન આઈ. સી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રદ્ધા, શિક્ષણ અને સામાજિક સુવિધાઓનો ત્રિવેણી સંગમ ધરાવતા આ પ્રોજેક્ટ્સની વિગતો નીચે મુજબ છે:ઉમિયા માતા સંસ્થાના પ્રમુખ શ્રી બાબુભાઈ જે. પટેલે આ પ્રસંગે જણાવ્યુ હતુ કે સોલા કેમ્પસ ખાતે આકાર લઈ રહેલું ઉમિયા માતાજીનું મંદિર સ્થાપત્ય કલાનો અદભુત નમૂનો બનશે. આ ભવ્ય મંદિર સંપૂર્ણપણે નાગરશૈલી પ્રમાણે બનાવવામાં આવી રહ્યું છે. આ ભવ્ય મંદિરની મુખ્ય વિશેષતા એ છે કે મંદિરના બાંધકામમાં કોઈપણ જાતના લોખંડનો ઉપયોગ કરવામાં આવશે નહીં. તેના બદલે અંદાજે 2 લાખ ઘનફૂટ બંસીપહાડપુરના ગુલાબી પથ્થરનો ઉપયોગ કરવામાં આવી



રહ્યો છે. મંદિરની લંબાઈ અંદાજે 255 ફૂટ, પહોળાઈ 160 ફૂટ અને ઉંચાઈ 132 ફૂટ રહેશે. જ્યારે મંદિરમાં કુલ 92 આકર્ષક સ્તંભ હશે અને ગર્ભગૃહ એટલું વિશાળ હશે કે જ્યાં એક સાથે 500 શ્રદ્ધાળુઓ દર્શન કરી શકશે. વડીલો અને દિવ્યાંગોની સુવિધાના ભાગરૂપે મંદિરમાં 2 લિફ્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉમિયા માતા સંસ્થાના ટ્રસ્ટી શ્રી સી.કે પટેલે આ પ્રસંગે જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે 2 બેઝમેન્ટ + ગ્રાઉન્ડ ફ્લોર + 13 માળ ધરાવતી આધુનિક બોઈઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડિંગનું નિર્માણ પૂર્ણતાના આરે છે. જેનું કુલ બાંધકામ 4,33,914 ચોરસ ફૂટ (બોઈઝ હોસ્ટેલ: 2,16,807 ચો. ફૂટ અને ગર્લ્સ હોસ્ટેલ:2,19,807 ચો. ફૂટ). જ્યારે કુલ 400 રૂમ (ગર્લ્સ: 208, બોઈઝ: 192) માં 1600 વિદ્યાર્થીઓ (932 ગર્લ્સ અને 768 બોઈઝ) રહી શકશે. આ સિવાય ડાઈનિંગ અને કીચન: 1600 વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતા 2 આધુનિક રસોડા અને અલગ-અલગ ડાઈનિંગ હોલની વ્યવસ્થા આ હોસ્ટેલમાં કરવામાં આવી છે. શૈક્ષણિક અને શારીરિક વિકાસના હેતુથી વિદ્યાર્થીઓ માટે 3 કોમન ઈ-લાઈબ્રેરી (2 ગર્લ્સ અને 1 બોઈઝ માટે) તેમજ 2 આધુનિક જીમ (અલગ-અલગ એરિયા) બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત UPSC અને GPSC ની તૈયારી માટે ઉમિયા કેરિયર ડેવલપમેન્ટ કાઉન્સિલ (UCDC) કાર્યરત રહેશે.આ સિવાય અન્ય હાઈટેક સુવિધાઓમાં કુલ 8 હાઈસ્પીડ લિફ્ટ (દરેક બ્લોકમાં 4), લોન્ડ્રી, હાઉસકીપિંગ, ફર્નિચર સાથેના રૂમ, 24 કલાક ગરમ પાણી, મિનરલ વોટર, ગેસ્ટ વેઈટિંગ એરિયા અને અદભુત બેઝમેન્ટ પાર્કિંગ (200 કાર અને 100 સ્કૂટર માટે).એડમિશન અને ફી માળખું: હોસ્ટેલ માટેના ઓનલાઈન એડમિશન ચાલુ છે.નોન-AC રૂમ માટે: રૂા. 65,000/- (વાર્ષિક)AC રૂમ માટે: રૂા. 85,000/- (વાર્ષિક), 3. ઉમિયા પાર્ટી પ્લોટ (સામાજિક પ્રસંગો માટે ઉત્તમ સ્થળ), સામાજિક અને મંગળ પ્રસંગોની ઉજવણી માટે સુવિધાથી સજ્જ પાર્ટી પ્લોટ ઉપલબ્ધ કરાવાયો છે.વિશાળ લોન એરિયા: 40,000 ચોરસ ફૂટનો હરિયાળો પ્લોટ જે 2000 લોકોની ક્ષમતા (કેપેસિટી) ધરાવે છે.પાર્કિંગ અને ઓફિસ: વિશાળ પાર્કિંગ વ્યવસ્થા અને 1760 ચો. ફૂટનો ઓફિસ તથા રૂમ એરિયા.આધુનિક સગવડો: વર-કન્યા માટે 2 ખાસ એરકન્ડિશન્ડ (AC) રૂમ, 2575 ચો. ફૂટનું મોટું કીચન અને સ્ટોરરૂમ તેમજ 1710 ચો. ફૂટનો વિશાળ અને સ્વચ્છ વોશરૂમ એરિયા.

## સરખેજ-ધોલેરા નવી સેમી હાઈ સ્પીડ રેલવે બ્રોડ ગેજ ડબલ લાઈન પ્રોજેક્ટના અમલીકરણ માટે બેઠકનું આયોજન

પશ્ચિમ રેલવે અમદાવાદ

પશ્ચિમ રેલવે અમદાવાદની સર્વે અને નિર્માણ સંસ્થાને સરખેજ-ધોલેરા નવી સેમી હાઈ સ્પીડ રેલવે બ્રોડ ગેજ ડબલ લાઈન પ્રોજેક્ટ સાથે સાથે લોથલ સ્થિત નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) તથા ધોલેરા એરપોર્ટ સુધી બ્રાન્ચ લાઈન નિર્માણ કાર્યની જવાબદારી સોંપવામાં આવી છે. અંદાજે 134 કિલોમીટર લાંબા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું નિર્માણ 220 કિમી પ્રતિ કલાકની ડિઝાઈન સ્પીડને અનુરૂપ કરવામાં આવશે. પ્રોજેક્ટના સફળ અને અસરકારક અમલીકરણના હેતુસર પશ્ચિમ રેલવે દ્વારા નિર્માણ ટેન્ડરમાં રસ ધરાવતા સિવિલ, ઈલેક્ટ્રિકલ તથા S & T (સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન) ક્ષેત્રના સંભવિત બિડર્સ/કોન્ટ્રાક્ટર્સ સાથે બેઠકનું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ બેઠક તા. 28 મે 2026 (ગુરુવાર)ના રોજ સવારે 11:30 વાગ્યે મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ) કાર્યાલય, 2મા માળે, નિર્માણ ભવન, નરોડા રોડ, GCS હોસ્પિટલ સામે, અસારમાં, અમદાવાદ ખાતે યોજાશે.આ બેઠકમાં પ્રોજેક્ટના અમલીકરણ, પેકેજિંગ તથા ટેક્નિકલ પાસાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે. તમામ ઈચ્છુક અને સંભવિત બિડર્સ/કોન્ટ્રાક્ટર્સને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના મૂલ્યવાન સૂચનો અને વિચારો સાથે બેઠકમાં વ્યક્તિગત રીતે અથવા વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા હાજરી સુનિશ્ચિત કરે.



**રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો 'ગ્રામ કલ્યાણ' માટે ટ્રેન પ્રવાસ: અમદાવાદથી ભરૂચ સુધીની સફર**

## હોટેલમાં વેપારીનું માથું કાપી ટ્રાવેલ બેગમાં ડેડબોડી ભરી અડાલજમાં ફેંકી

### અમદાવાદમાં 1994માં હત્યા કરનારો અને ફાંસીની સજા પામેલો શખ્સ 13 વર્ષે ઝડપાયો

અમદાવાદ | અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વર્ષ 2013માં પેરોલ જમ્પ કરીને એક દાયકા કરતાં વધુ સમયથી ફરાર ફાંસીની સજા પામેલા હાઈ-પ્રોફાઈલ ગુનેગારને શોધી કાઢીને સફળતાપૂર્વક ઝડપી લીધો છે. આ વ્યક્તિને મૂળરૂપે અમદાવાદની નીલમ હોટેલમાં 1994માં થયેલા એક ઘાતકી હત્યા અને લૂંટના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

વર્ષ 1994માં આરોપી સતીષ અને તેના સાગરીતોએ લૂંટના ઈરાદે વેપારી અરવિંદ શાહને નિશાન બનાવ્યા હતા. તેઓએ અમદાવાદની નીલમ હોટેલના રૂમમાં વેપારીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. ક્રૂરતાની હદ વટાવતા આરોપી સતીષે વેપારીનું માથું ધડથી અલગ કરી, તેની ડેડબોડીને એક ટ્રાવેલ બેગમાં પેક કરીને અમદાવાદથી છેક અડાલજ સુધી લઈ ગયો હતો અને ત્યાં ફેંકી દીધું હતું. આ લોહિયાળ અને રૂંવાડા ઉભા કરી દેતા કેસમાં અદાલતે ગુનાની ક્રૂરતાને ધ્યાને રાખીને આરોપીને ફાંસીની (મૃત્યુદંડ) આકરી સજા સંભળાવી હતી.

સેશન્સ કેસ નંબર 56/1995માં મુખ્ય આરોપી તરીકે ઓળખાયેલા સતીષ હિંમતલાલ રૂપારેલિયા (ઉર્ફે ભીખુ / ઉર્ફે સંજય ઠક્કર)ને એપ્રિલ 2000માં અમદાવાદની એડિશનલ સિટી સેશન્સ કોર્ટે ભારતીય દંડ સંહિતા (I.P.C.) અને બોમ્બે પોલીસ એક્ટ હેઠળ હત્યા, લૂંટ અને ગુનાહિત કાવતરા માટે ફાંસીની સજા ફટકારી હતી.

આ સજા 22 ઓક્ટોબર, 1994ની ઘટનાની ઝીણવટભરી તપાસ બાદ સંભળાવવામાં આવી હતી, જ્યાં કાપડના વેપારી અરવિંદ શાહને ડિસ્કાઉન્ટ ભાવે વેપારના બહાને હોટેલમાં બોલાવવામાં આવ્યો હતો, તેની પાસેથી રોકડ અને સોનાના દાગીના લૂંટી લેવામાં આવ્યા હતા, અને ત્યારબાદ ઓળખ છુપાવવા માટે તેનું માથું કાપી નાખવામાં આવ્યું હતું.

સતીષ દોષિત ઠર્યા બાદ અને જેલવાસ દરમિયાન પાછળથી પેરોલ પર કામચલાઉ મુક્તિ આપવામાં આવી હતી. વર્ષ 2013માં કાયદાકીય શરતોનો ભંગ કર્યો, જેલ સત્તાવાળાઓ સમક્ષ આત્મસમર્પણ ન કર્યું અને ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. લગભગ 13 વર્ષ સુધી, તેણે સતત પોતાના રહેઠાણો બદલીને અને સામાન્ય નાગરિકોમાં ભળી જવા માટે બહુવિધ નકલી ઓળખ અપનાવીને કાયદા અમલીકરણ એજન્સીઓને થાપ આપી હતી.

બાતમીદારી, દેખરેખ અને સખત ગ્રાઉન્ડવર્કનો ઉપયોગ કરીને, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ખાસ ટ્રેકિંગ ટીમે આ ફરાર ગુનેગારને સફળતાપૂર્વક શોધી કાઢ્યો હતો. એક ચોક્કસ ઓપરેશનમાં, ઓપરેશનલ યુનિટે તેના છુપાવાના સ્થળને ઘેરી લીધું અને કોઈ પણ અનિચ્છનીય ઘટના વિના તેને કસ્ટડીમાં લીધો, જેનાથી કાયદાથી ભાગતા તેના 13 વર્ષના સમયગાળાનો અંત આવ્યો છે.

ઝડપાયેલા ગુનેગાર સામે કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે અને અદાલત દ્વારા નિર્ધારિત તેની મૂળ સજાના અમલીકરણ (ફાંસી) માટે તેને ફરીથી ન્યાયિક કસ્ટડીમાં (જેલ હવાલે) મોકલવામાં આવી રહ્યો છે.

## ગુજરાતમાં શિક્ષકોની 3,966 જગ્યા પર ભરતી : 1 જૂનથી ઓનલાઈન ફોર્મ ભરાશે; દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ તક

(એજન્સી) અમદાવાદ | તા. 25

ગુજરાતના સરકારી શિક્ષણ ક્ષેત્રે કરિયર બનાવવા માંગતા ઉમેદવારો માટે લાંબા સમયની રાહનો અંત આવ્યો છે. ગુજરાત પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા જિલ્લા અને નગર શિક્ષણ સમિતિની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક, સ્પેશિયલ એજ્યુકેટર (વિશેષ શિક્ષક) અને મુખ્ય શિક્ષકની કુલ 3,966 જગ્યાઓ પર ભરતી માટેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયા માટે આગામી 1 જૂન, 2026ના રોજ બપોરે 12:00 વાગ્યાથી ઓનલાઈન અરજી સ્વીકારવાનું શરૂ થશે, જે 10 જૂન, 2026ના રોજ સાંજે 03:00 વાગ્યા સુધી ચાલશે.

શિક્ષણ વિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રહેશે. ઉમેદવારોની પસંદગી તેમની શૈક્ષણિક લાયકાત, શિક્ષક પાત્રતા




પરીક્ષા (TET-ટેટ)ના ગુણ અને સરકારના પ્રવર્તમાન ભરતી નિયમોના આધારે જ કરવામાં આવશે. ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઉમેદવારોએ પોતાના જરૂરી તમામ દસ્તાવેજો ડિજિટલ ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે. ત્યારબાદ શૈક્ષણિક ગુણાંકના આધારે આખરી મેરિટ લિસ્ટ તૈયાર કરી ઉમેદવારોને જિલ્લા પસંદગીનો વિકલ્પ આપવામાં આવશે.

## અમદાવાદમાં યુવકનો જાહેરમાં હાથની નસ કાપી આપઘાત:કાચના ટૂકડાથી હાથ પર કાપો માર્યો

(એજન્સી) અમદાવાદ । તા. 25

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રામોલ વન્ડર પોઈન્ટની પાછળ એક 34 વર્ષીય યુવકે જાહેરમાં હાથની નસ કાપીને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ રામોલ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

રામોલ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.ડી. મોરીએ ઘટના અંગે સત્તાવાર વિગતો આપતાં જણાવ્યું કે, મૃતકની ઓળખ ઘનશ્યામભાઈ પ્રજાપતિ તરીકે થઈ છે અને તેઓ અપરિણિત હતા. પ્રાથમિક તપાસ અનુસાર, ઘનશ્યામભાઈએ મોડી રાત્રે વન્ડર પોઈન્ટ પાછળ જાહેરમાં કાચના એક તીક્ષ્ણ ટુકડા વડે પોતાના જમણા હાથની નસ કાપી નાખી હતી, જેના કારણે ભારે રક્તસ્ત્રાવ થતાં તેમનું મોત નીપજ્યું હતું.

બીજા દિવસે સવારે સ્થાનિક લોકોએ વન્ડર પોઈન્ટ પાછળ લોહીલુહાણ હાલતમાં યુવકની લાશ પડેલી જોતાં જ વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી અને તેમણે તુરંત પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરતાં મૃતકના શવ પાસેથી તેનો મોબાઈલ ફોન અને પાકીટ મળી આવ્યા છે. પોલીસને આત્મહત્યા માટે વપરાયેલો કાચનો ટુકડો પણ નજીકમાંથી જ મળી આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, હાલ મૃતક યુવકનો મોબાઈલ ફોન 'લોક' હોવાથી તેની કોલ ડિટેલ્સ કે અન્ય વિગતો જાણી શકાઈ નથી. યુવકે આ પ્રકારનું અંતિમ પગલું કયા કારણોસર ભર્યું તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી મળી નથી. રામોલ પોલીસે હાલ આત્મહત્યાનો ગુનો નોંધી, યુવકના મોબાઈલને અનલોક કરવા તથા કારણ શોધવા માટે પરિવારજનો અને આસપાસના લોકોની પૂછપરછ સહિતની આગળની સઘન તપાસ શરૂ કરી છે.

## વડોદરાના કિશનવાડી વિસ્તારમાં ચાલતા જુગાર ધામ પર રેડ : 8 જુગારી ઝડપાયા

વડોદરા | વડોદરા શહેર પોલીસ દ્વારા કિસનવાડી વિસ્તારની સોસાયટીમાં દરોડો પાડી જુગાર રમતા આઠ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી રોકડ રકમ, મોબાઈલ ફોન સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે પોલીસની માહિતી મળી હતી કે કિશનવાડી વલ્લભ રેસીડેન્સી પાસે કૃત્રિમ તળાવ નજીક વિજય નામનો આરોપી જુગારધામ ચલાવે છે જેથી પોલીસે ઉપરોક્ત સ્થળે જઈને રેડ કરી હતી. દરોડા દરમિયાન સ્થળ પરથી (1) વિજયભાઈ શિવરામભાઈ સાળુંકે. (2) રાજેશભાઈ હરિલાલ ઠક્કર, (3) અજય મધુકરભાઈ નળવાને (4) શૈલેષ બબાનરાવ મોરે (5) કિરણભાઈ શશીકાંત નાલાવડે (6) સુનિલ જયદીપભાઈ ઓડ (7) રાકેશ શંકરભાઈ મિસ્ત્રી અને (8) અશોકભાઈ યશવંતરાય પાટીલ સહિત આઠ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રકમ, વિવિધ કંપનીના મોબાઈલ ફોન તથા અન્ય સામાન મળી કુલ 53,700 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપીઓ વિરુદ્ધ હેઠળ ગુનો નોંધ્યો.

## અમદાવાદમાં પ્રતિ લિટર પેટ્રોલ 2.60 વધી ₹101.66 અને ડીઝલ 2.80 વધી ₹97.78એ પહોંચ્યું

(એજન્સી) અમદાવાદ | તા. 25

ગુજરાત સહિત દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. એપ્રિલ મહિનામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ચોથી વખત વધારો કરવામાં આવ્યો છે. મોંઘવારીના માર વચ્ચે પેટ્રોલમાં સેન્ચ્યુરી ફટકારવામાં આવી છે. આજે પેટ્રોલના ભાવમાં 2.60 રૂપિયા અને ડીઝલના ભાવના 2.80 રૂપિયાનો વધારો થયો છે. ભાવ વધારા સાથે પેટ્રોલના ભાવ 101.66 રૂપિયા પર પહોંચી ગયા છે. તેમજ 2.80 રૂપિયાના વધારા સાથે ડીઝલનો ભાવ 97.78 રૂપિયા પહોંચી ગયો છે. સતત વધતા ભાવના કારણે વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. ઈંધણના વધતા દરોની




અસર માત્ર ખાનગી વાહનચાલકો સુધી મર્યાદિત નથી, પરંતુ તેની સીધી અસર બજારમાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવ પર પણ પડી શકે છે. દરરોજ નોકરી-ધંધા માટે રોજ લાંબા અંતર સુધી મુસાફરી કરતા લોકો માટે ભાવ વધારો મુશ્કેલી ઉભી કરી રહ્યો છે.

વાહન ચાલક રમેશભાઈએ જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાની ખૂબ અસર થવાની છે. આટલી મોંઘવારીમાં સામાન્ય માણસ કઈ રીતે રહેશે તે વિચારવા જેવું છે, અને શું કરશે. હું અત્યારે લેબર વર્કનું કામ કરું છું. પહેલા 100 રૂપિયા પેટ્રોલમાં એક અઠવાડિયું નીકળી જતું હતું. હવે આટલા બધા ભાવ વધારાની અમારા જેવા સામાન્ય માણસ પર ખૂબ ગંભીર અસર થવાની છે. ઘર કેવી રીતે ચલાવવું તે સૌથી મોટો સવાલ છે.

વધુમાં રમેશભાઈએ જણાવ્યું હતું કે, પેટ્રોલનો લિટરનો ભાવ 101 રૂપિયા કરતા વધુ પહોંચી ગયો છે. હવે કશું થાય તેમ છે જ નહીં. એવું સમજી લઈએ કે હવે બધું સરકાર પોતાની પાસે જ લઈ લેવાની છે અને અત્યારે જે પણ ભાવ વધારો થઈ રહ્યો છે તે ખૂબ જ ખોટો થઈ રહ્યો છે. અત્યારે આટલા ભાવમાં ઘર ચલાવવું અઘરું થઈ જાય છે તો આગામી સમયમાં હજુ ભાવ વધારો થશે તો કઈ રીતે ઘર ચલાવીશું. પેટ્રોલમાં દિવસે અને દિવસે ભાવ વધારો થઈ રહ્યો છે. પહેલા પેટ્રોલના ભાવ ક્યા હતા.